અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

12 FEBRUARY-2026 THURSDAY | Vol. : 17 | Issue : 221 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886


3

અમેરિકી સંસદમાં H-1B વિઝા સમાપ્ત કરતું બિલ રજૂ: 2027 સુધીમાં બંધ કરવાનું લક્ષ્ય, ભારતીયો પર સૌથી વધુ અસર થશે

4

ધ્વનિ પ્રદુષણ પક્ષીઓ માટે જીવલેણ સાબિત થઈ રહ્યું છે

6

અમદાવાદમાં રોમાંચક મુકાબલો: બીજી સુપર ઓવરમાં અફઘાનિસ્તાન હાર્યું, દ.આફ્રિકાનો વિજય

7

અમેરિકી તપાસ એજન્સી સાથે વાત કરી રહી છે અદાણી એન્ટરપ્રાઈઝિસ: લાંચની તપાસમાં અમેરિકી સરકારે માહિતી....

## રાહુલ ગાંધીના સરકાર પર પ્રહાર: રિજિજુ બોલ્યા- અમે વિપક્ષના નેતા વિરુદ્ધ નોટિસ રજૂ કરીશું

**નવી દિલ્હી, તા.11**

લોકસભામાં વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે બજેટસત્ર દરમિયાન ભાષણ આપ્યું. રાહુલે એપસ્ટીન ફાઈલ્સ અને અદાણી પર અમેરિકામાં ચાલી રહેલા કેસનો ઉલ્લેખ કર્યો. રાહુલે કહ્યું હતું કે અદાણી પર ચાલી રહેલો કેસ, ખરેખર મોદી પર દબાણ બનાવવાની રીત છે. તેના દ્વારા ભાજપનું નાણાકીય માળખું તૂટશે.

કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજુએ રાહુલને તરત જ અટકાવ્યા. તેમણે કહ્યું- તમે જે કંઈ કહ્યું છે એ સાબિત કરો, નહીં તો તમારી વાત ગૃહના રેકોર્ડ પર ન જવી જોઈએ.

એના પર કોંગ્રેસનેતાએ જવાબ આપ્યો- હમણાં આપું છું. તરત જ બધા પુરાવા આપું છું, જોકે સ્પીકરે રાહુલને અટકાવ્યા. તેમણે કહ્યું- મેં તો પુરાવા માગ્યા જ નથી. તમે બોલતા રહો. પછીથી સાબિત કરી દેજો.

બીજી તરફ, કિરણ રિજિજુએ કહ્યું કે અમે રાહુલ ગાંધી વિરુદ્ધ સંસદમાં વિશેષાધિકારનો નોટિસ રજૂ કરીશું. તેના પર રાહુલ ગાંધીએ જવાબ આપવો પડશે. નેતા વિપક્ષે કહ્યું- જો અમારી સરકાર હોત અને ઈન્ડિયા બ્લોક અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે વાતચીત કરી રહ્યો હોત, તો હું કહેત કે ડીલ પર બરાબરીથી વાત થશે. અમે તમારા નોકર નથી. શું અમેરિકા નક્કી કરશે કે અમે કોની પાસેથી તેલ ખરીદીશું.



### રાહુલે કહ્યું- સરકારે અમેરિકા સામે સંપૂર્ણપણે સરેન્ડર કરી દીધું છે

રાહુલે કહ્યું- ભારત-અમેરિકા ટ્રેડ ડીલને કારણે એનર્જી સિક્યોરિટી જોખમમાં છે. સરકારે આપણી એનર્જી સિક્યોરિટી અમેરિકાને સોંપી દીધી છે. સંપૂર્ણપણે સરેન્ડર કરી દીધું છે. વડાપ્રધાન મોદીએ ભાજપના ખજાનાને બચાવવા માટે ભારતીયોનું ભવિષ્ય દાવ પર લગાવી દીધું. અમેરિકા અને ચીનની નજર ભારતના લોકોના ડેટા પર છે. જો અમેરિકાએ સુપરપાવર બન્યા રહેવું હોય, તો તેની ચાવી ભારતીય ડેટા જ છે. નેતા વિપક્ષે કહ્યું- જો અમારી સરકાર હોત અને ઈન્ડિયા બ્લોક અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે વાતચીત કરી રહ્યો હોત, તો હું કહેત કે ડીલ પર બરાબરીથી વાત થશે. અમે તમારા નોકર નથી. શું અમેરિકા નક્કી કરશે કે અમે કોની પાસેથી તેલ ખરીદીશું.

### નિર્મલા સીતારમણ બોલ્યા- બંગાળ સ્ટેટ GST હટાવી શકે છે, પણ તેઓ તેમ કેમ નથી કરી રહ્યા?

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું- બંગાળ સ્ટેટ GST હટાવી શકે છે, પણ તેઓ તેમ કેમ નથી કરી રહ્યા? તેઓ પૈસા પણ ઈચ્છે છે અને બદનામ પણ કરી રહ્યા છે. જો તમે બંગાળમાં લોકો પરનો બોજ ઓછો કરવા માંગતા હોવ, તો બંગાળમાં પેટ્રોલના ભાવ દિલ્હી કરતા વધારે છે, તેને ઓછા કરી દો. તેમણે કહ્યું કે બંગાળના નેતાઓને દનકુની અને સુરતના ફ્રેટ કોરિડોર પર દુઃખ થયું. મમતાએ કહ્યું કે અમે આ પહેલા કર્યું હતું પરંતુ આ લોકોએ બીજાની જાહેરાત કરી હતી. દરેક વસ્તુમાં શ્રેય ન લો. નાણામંત્રીએ કહ્યું કે PMએ 2014માં કહ્યું હતું કે રેલવેના અધૂરા પ્રોજેક્ટ્સ પહેલા પૂરા કરો, અમે 1997થી અટકેલા 28 અધૂરા પ્રોજેક્ટ્સ પૂરા કર્યા. પરંતુ આ લોકો દરેક વસ્તુમાં શ્રેય શોધી રહ્યા છે.

### રાહુલ બોલ્યા- એપસ્ટીન ફાઈલ્સમાં અનિલ અંબાણીનું નામ, તેથી તેઓ જેલ ન ગયા

રાહુલ ગાંધીએ કહ્યું- અનિલ અંબાણીને જેલ કેમ ન થઈ? કારણ કે તેમનું નામ એપસ્ટીન ફાઈલ્સમાં છે. હું હરદીપ પુરીને પણ પૂછવા માંગુ છું. હું જાણું છું કે અનિલ અંબાણીની એપસ્ટીન સાથે મુલાકાત કોણે કરાવી હતી અને હરદીપ પુરી પણ જાણે છે કે કોણે તેમની મુલાકાત કરાવી હતી.

## દિલ્હી પોલીસે પેંગ્વિન ઈન્ડિયાને નોટિસ મોકલી
## FIRમાં ગુનાહિત કલમો ઉમેરી, રિજિજુએ કહ્યું- રાહુલ ગાંધી સંવેદનશીલ મુદ્દે રાજનીતિ કરી રહ્યા છે

**નવી દિલ્હી, તા.11**

ભૂતપૂર્વ આર્મી ચીફ જનરલ એમએમ નરવણેના અપ્રકાશિત પુસ્તક 'ફોર સ્ટાર્સ ઓફ ડેસ્ટિની'ના લીક કેસમાં દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે પેંગ્વિન ઈન્ડિયાને નોટિસ મોકલી છે.

ANI અનુસાર, પોલીસે નોટિસ દ્વારા કંપનીને ઘણા પ્રશ્નો પૂછ્યા છે અને જવાબ માંગ્યો છે.

સૂત્રો અનુસાર, પોલીસે દાખલ કરેલી FIRમાં ગુનાહિત ષડયંત્ર સંબંધિત કલમો પણ ઉમેરવામાં આવી છે. આ કાર્યવાહી સોશિયલ મીડિયા અને કેટલાક ઓનલાઈન ન્યૂઝ ફોરમ પર મળેલા ઈનપુટના આધારે કરવામાં આવી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે પુસ્તકની પ્રી-પ્રિન્ટ કોપી ફરતી થઈ રહી છે. આ તરફ, કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી કિરણ રિજિજુએ સંસદની બહાર કહ્યું કે આ મામલો દેશ સમક્ષ છે કે એક સાંસદ (રાહુલ ગાંધી) સુરક્ષા સંબંધિત સંવેદનશીલ મુદ્દાનો રાજકીય લાભ ઉઠાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

આ પહેલા મંગળવારે પેંગ્વિન રેન્ડમ હાઉસ ઈન્ડિયાએ કહ્યું હતું કે પુસ્તક હજુ સુધી પ્રકાશિત થયું નથી. તેનો કોઈ ભાગ સાર્વજનિક કરવામાં આવ્યો નથી. પ્રકાશનના તમામ અધિકારો અમારી પાસે છે.



અત્યાર સુધી પુસ્તકની ન તો કોઈ છાપેલી નકલ આવી છે અને ન તો કોઈ ડિજિટલ નકલ સામે આવી છે.

24 કલાકમાં કંપનીએ X પર બીજી પોસ્ટ પણ કરી. તેમાં પ્રકાશિત પુસ્તક અને પ્રી-ઓર્ડર કોપી વચ્ચેનો તફાવત સમજાવવામાં આવ્યો હતો. પોસ્ટમાં કહેવામાં આવ્યું હતું કે પુસ્તકની યોજના બની છે, પરંતુ હાલમાં તે વેચાણ માટે ઉપલબ્ધ નથી.

રાહુલ ગાંધીએ મંગળવારે લોકસભાની બહાર કહ્યું- એમએમ નરવણેએ X પર પોસ્ટ કર્યું છે, 'હેલો મિત્રો, મારું પુસ્તક હવે ઉપલબ્ધ છે. લિંક ફોલો કરો. હેપ્પી રીડિંગ'. કાં તો એમએમ નરવણે જૂઠું બોલી રહ્યા છે, અથવા પેંગ્વિન જૂઠું બોલી રહ્યું છે. મેં આર્મી ચીફ પર વિશ્વાસ કરવાનું પસંદ કર્યું.

તેમણે આગળ કહ્યું કે શું તમે એમએમ નરવણેને બદલે પેંગ્વિન પર વિશ્વાસ કરશો? પુસ્તકમાં કેટલીક એવી વાતો છે જે સરકાર માટે અસુવિધાજનક છે.

કોંગ્રેસ નેતા પવન ખેડાએ X પર લખ્યું કે પેંગ્વિન ઈન્ડિયાએ પોતાની ટ્વીટ ડિલીટ કરી દીધી છે, તેઓ ભારે દબાણમાં છે. પેંગ્વિને જે યોગ્ય સમજ્યું તે કર્યું, પરંતુ ચીફ હજુ પણ સત્યની સાથે ઊભા છે. આ પુસ્તક 2024માં પ્રકાશિત થયું હતું અને એમેઝોન પર વેચાણ માટે ઉપલબ્ધ હતું.

પવન ખેડાએ આર્મી ચીફ નરવણેની એક પોસ્ટ પણ શેર કરી છે, જેમાં નરવણેએ પેંગ્વિન ઈન્ડિયાની પોસ્ટ શેર કરતા લખ્યું હતું- મારું પુસ્તક હવે ઉપલબ્ધ છે. લિંક ફોલો કરો.

પોલીસના જણાવ્યા અનુસાર, આ પુસ્તકના પ્રકાશન માટે સંબંધિત અધિકારીઓ પાસેથી હજુ સુધી જરૂરી મંજૂરી મળી નથી. પોલીસ તપાસમાં સામે આવ્યું કે આ જ શીર્ષકવાળા પુસ્તકની PDF કોપી કેટલીક વેબસાઈટ્સ પર ઉપલબ્ધ હતી.

આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે પેંગ્વિન રેન્ડમ હાઉસ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડે જે કોપી તૈયાર કરી હતી, તે જ હોઈ શકે છે. આ ઉપરાંત, કેટલાક ઓનલાઈન માર્કેટિંગ પ્લેટફોર્મ્સ પર પુસ્તકના કવરને એવી રીતે દર્શાવવામાં આવ્યું હતું, જાણે તે ખરીદી માટે ઉપલબ્ધ હોય.

## જન ગણ મન પહેલાં વંદે માતરમ વાગશે: રાષ્ટ્રગાન પહેલાં 3 મિનિટ 10 સેકન્ડનું રાષ્ટ્રગીત વાગશે....

**નવી દિલ્હી, તા.11**

કેન્દ્ર સરકારે રાષ્ટ્રગીત 'વંદે માતરમ્'ને લઈને નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. ગૃહ મંત્રાલયે 28 જાન્યુઆરીના આદેશમાં જણાવ્યું છે કે હવે સરકારી કાર્યક્રમો, શાળાઓ કે અન્ય ઔપચારિક આયોજનોમાં 'વંદે માતરમ્' વગાડવામાં આવશે. આ દરમિયાન દરેક વ્યક્તિનું ઊભા રહેવું ફરજિયાત રહેશે. ન્યૂઝ એજન્સી PTI અનુસાર, આદેશમાં સ્પષ્ટ લખ્યું છે કે જો રાષ્ટ્રગીત 'વંદે માતરમ્' અને રાષ્ટ્રગાન 'જન ગણ મન' સાથે ગાવામાં કે વગાડવામાં આવે તો પહેલા વંદે માતરમ્ ગાવામાં આવશે. આ દરમિયાન ગાનારા કે સાંભળનારાઓએ સાવધાન મુદ્રામાં ઊભા રહેવું પડશે. આદેશ મુજબ તમામ શાળાઓમાં દિવસની શરૂઆત રાષ્ટ્રગીત વગાડ્યા પછી જ થશે. નવા નિયમો અનુસાર, રાષ્ટ્રગીતના તમામ 6 અંતરા ગાવામાં આવશે, જેનો કુલ સમયગાળો 3 મિનિટ 10 સેકન્ડ છે. અત્યારસુધી મૂળ ગીતના પહેલા બે અંતરા જ ગાવામાં આવતા હતા. જોકે આદેશમાં એ પણ કહેવામાં આવ્યું છે કે કયા-કયા પ્રસંગોએ રાષ્ટ્રગીત ગાઈ શકાય છે, એની સંપૂર્ણ યાદી આપવી



શક્ય નથી. આ પહેલીવાર છે જ્યારે રાષ્ટ્રગીતના ગાયન અંગે વિગતવાર પ્રોટોકોલ જારી કરવામાં આવ્યા છે. કેન્દ્ર હાલમાં વંદે માતરમનાં 150 વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં કાર્યક્રમો ઊજવી રહ્યું છે. નવી ગાઈડલાઈન અનુસાર, તિરંગો ફરકાવવા, કોઈ કાર્યક્રમોમાં રાષ્ટ્રપતિના આગમન, રાષ્ટ્રના નામે તેમનાં ભાષણો અને સંબોધનો પહેલાં અને પછી અને રાજ્યપાલના આગમન અને ભાષણો પહેલાં અને પછી સહિત ઘણા સત્તાવાર પ્રસંગોએ વંદે માતરમ્ વગાડવું ફરજિયાત રહેશે. મંત્રીઓ અથવા અન્ય મહત્ત્વપૂર્ણ વ્યક્તિઓની હાજરીવાળા બિન-ઔપચારિક, પરંતુ જરૂરી કાર્યક્રમોમાં પણ રાષ્ટ્રગીત સામૂહિક રીતે ગાઈ શકાય છે, જોકે એને સંપૂર્ણ સન્માન અને શિષ્ટાચાર સાથે રજૂ કરવામાં આવે. 10 પાનાંના આદેશમાં સિવિલિયન પુરસ્કાર સમારોહ, જેમ કે પદ્મ પુરસ્કાર સમારોહ અથવા આવા કોઈપણ કાર્યક્રમમાં જ્યાં રાષ્ટ્રપતિ ઉપસ્થિત હોય ત્યાં પણ વંદે માતરમ્ વગાડવામાં આવશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કેન્દ્રએ 28 જાન્યુઆરીએ ગાઈડલાઈન જાહેર કરી હતી. 10 પાનાંના આદેશમાં સરકારે એમ પણ કહ્યું હતું કે સિવિલિયન પુરસ્કાર સમારોહ, જેમ કે પદ્મ પુરસ્કાર સમારોહ અથવા આવા કોઈપણ કાર્યક્રમમાં જ્યાં રાષ્ટ્રપતિ હાજર હોય ત્યાં પણ વંદે માતરમ્ વગાડવામાં આવશે, જોકે સિનેમા હોલને નવા નિયમોથી દૂર રાખવામાં આવ્યા છે, એટલે કે સિનેમાઘરોમાં ફિલ્મ શરૂ થતાં પહેલાં 'વંદે માતરમ્' વગાડવું અને ઊભા રહેવું ફરજિયાત નહીં હોય. અધિકારીઓ અનુસાર, નવા નિર્દેશો 'વંદે માતરમ્'ના સન્માનની સ્પષ્ટ દિશા પ્રદાન કરવા માટે બનાવવામાં આવ્યા છે. ભારતના રાષ્ટ્રગીત વંદે માતરમને બંકિમચંદ્ર ચેટર્જીએ 7 નવેમ્બર 1875ના રોજ અક્ષય નવમીના પવિત્ર અવસર પર લખ્યું હતું. એ 1882માં પ્રથમ વખત તેમના સામયિક બંગદર્શનમાં તેમની નવલકથા આનંદમઠના ભાગ રૂપે છપાયું હતું.

## સોનમ વાંગચુકને મેડિકલ આધાર પર મુક્ત કરી શકાય નહીં: સરકારે સુપ્રીમ કોર્ટમાં કહ્યું- તેમની જેલમાં 24 વખત તપાસ થઈ

**નવી દિલ્હી, તા.11**

સોનમ વાંગચુકની અટકાયત સંબંધિત કેસમાં કેન્દ્ર સરકારે બુધવારે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું કે વાંગચુકને હાલમાં મુક્ત કરી શકાય નહીં. જસ્ટિસ અરવિંદ કુમાર અને જસ્ટિસ પીબી વરાલેની બેન્ચે સરકારને વાંગચુકને મેડિકલ આધાર પર મુક્ત કરવા વિશે પૂછ્યું હતું. તેના પર સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને જણાવ્યું કે વાંગચુકની જેલ નિયમાવલિ હેઠળ અત્યાર સુધીમાં લગભગ 24 વખત મેડિકલ તપાસ થઈ ચૂકી છે. તેમણે કહ્યું કે વાંગચુક સંપૂર્ણપણે સ્વસ્થ છે. તેમને ફક્ત પાચનની સમસ્યા અને ચેપ લાગ્યો હતો, જેની સારવાર કરવામાં આવી છે.

મહેતાએ કહ્યું કે જો આ પ્રકારની સમસ્યાને અપવાદ માનીને તેમને મુક્ત કરવામાં આવશે તો ભવિષ્યમાં અન્ય લોકો પણ આવી માગ કરશે. તેમણે કહ્યું કે જે આધારો પર વાંગચુકને અટકાયતમાં લેવામાં આવ્યા હતા, તે હજુ પણ યથાવત છે. તેથી, સ્વાસ્થ્ય કારણોસર મુક્તિ શક્ય



નથી અને આવું કરવું યોગ્ય પણ નહીં હોય.

24 સપ્ટેમ્બર 2025 ના રોજ લેહમાં થયેલી હિંસા ભડકાવવાના આરોપમાં 26 સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ (NSA) હેઠળ 26 વાંગચુકને પોલીસે કસ્ટડીમાં લીધા હતા. ત્યારથી તેઓ જોધપુર જેલમાં છે. આ પ્રદર્શનોમાં ચાર લોકોના મોત થયા હતા, જ્યારે 150 થી વધુ લોકો ઘાયલ થયા હતા.

સુપ્રીમ કોર્ટમાં સરકારે જણાવ્યું હતું કે સોનમ વાંગચુક બિલકુલ ઠીક હાલતમાં છે. કસ્ટડીમાં હોવા છતાં તેમને AIIMS, જોધપુરમાં સારી સારવાર મળી રહી છે. વાંગચુકના વકીલે કહ્યું કે તેમની કસ્ટડી પર ફરીથી વિચાર કરવાનો આ યોગ્ય સમય છે કારણ કે તેઓ હજુ પણ અસ્વસ્થ છે.

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં કહ્યું કે સોનમ વાંગચુકને એટલા માટે અટકાયતમાં લેવામાં આવ્યા હતા, કારણ કે તેઓ પાકિસ્તાન અને ચીન સરહદે આવેલા સંવેદનશીલ બોર્ડર વિસ્તારમાં લોકોને ભડકાવી રહ્યા હતા. તુષાર મહેતાએ કોર્ટમાં કહ્યું હતું કે રાષ્ટ્રીય સુરક્ષા કાયદા (NSA) હેઠળ અટકાયતનો આદેશ આપતા પહેલા તમામ જરૂરી પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવ્યું છે.

સરકારે સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે સોનમ વાંગચુક લદ્દાખને નેપાળ કે બાંગ્લાદેશ જેવું બનાવવા માંગે છે. આવા વ્યક્તિને વધુ ઝેર ઓકવાની પરવાનગી આપી શકાય નહીં. તુષાર મહેતાએ કહ્યું હતું કે વાંગચુકના ભાષણમાં રાષ્ટ્રીય સુરક્ષા સાથે સંકળાયેલો સીધો ખતરો દેખાય છે. જિલ્લા મેજિસ્ટ્રેટ (DM) એ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ધરપકડનો યોગ્ય નિર્ણય લીધો.

આ પહેલા વાંગચુકની પત્ની ગીતાંજલિ અંગ્મોએ 12 જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે તેમના પતિને કસ્ટડીમાં લેવાના નિર્ણયમાં અધિકારીઓએ યોગ્ય રીતે વિચાર-વિમર્શ કર્યો નથી. તેમને નકામી અને બિનજરૂરી વાતોના આધારે નજરકેદ કરવામાં આવ્યા.

અંગ્મો વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે જસ્ટિસ અરવિંદ કુમાર અને જસ્ટિસ પ્રસન્ના બી. વરાલેની બેન્ચ સમક્ષ દાવો કર્યો કે જે ચાર વીડિયોના આધારે નજરકેદ કરવામાં આવ્યા હતા તે સોનમ વાંગચુકને આપવામાં જ આવ્યા ન હતા.

તેનાથી તેમનો પોતાનો બચાવ કરવા માટે યોગ્ય રીતે વાત રજૂ કરવાનો અધિકાર છીનવાઈ ગયો. વિડિયો ન આપવાથી વાંગચુકનો સલાહકાર બોર્ડ અને સરકાર સમક્ષ પોતાની વાત રજૂ કરવાનો અધિકાર પ્રભાવિત થયો છે.



# અમરાઈવાડીમાં સ્લમ ક્વાર્ટર્સની ગેલેરી ધરાશાયી, વૃદ્ધને ઈજા, 58 લોકોનું રેસ્ક્યું

**અમદાવાદ, તા.11**

અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં આવેલા સુખરામનગર ખાતે સંત વિનોબાભાવે નગર સ્લમ ક્વાર્ટર્સમાં બ્લોક નંબર 12ની ગેલેરી ધરાશાયી થવાની ઘટના બની છે. જેમાં એક વૃદ્ધને ઈજા પહોંચી છે. આ દુર્ઘટના બાદ ફાયર બ્રિગેડ દ્વારા તાત્કાલિક કામગીરી હાથ ધરીને ફસાયેલા 58 લોકોનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, સુખરામનગરના આ 440 ફ્લેટના રીડેવલોપમેન્ટની પ્રક્રિયા ચાલી રહી છે, તેમ છતાં છેલ્લા બે મહિનામાં ગેલેરી પડવાનો આ બીજો બનાવ સામે આવતા રહીશોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

ફાયર બ્રિગેડે કુલ 58 લોકોને સહી-સલામત બહાર કાઢ્યા હતા. ઘટનામાં ડાહીબેન ખીમજીભાઈ રાઠોડ નામની એક મહિલાને બંન્ને હાથ તેમજ માથાના ભાગે ઈજા પહોંચી હતી, જેમને તાત્કાલિક ખાનગી વાહન મારફતે એલ.જી. હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

અમદાવાદ ફાયર બ્રિગેડના ડિવિઝનલ ફાયર ઓફિસર આર. જે. ગોસ્વામીએ જણાવ્યું કે, સવારે 8:15 વાગ્યે વિનોદભાઈ નામના વ્યક્તિએ કંટ્રોલ રૂમમાં ફોન કરીને જાણ કરી હતી કે સુખરામનગર સ્લમ ક્વાર્ટર્સની એક ગેલેરી પડી ગઈ છે અને ત્યાં માણસો ફસાયા છે. આ મેસેજ મળતા જ મણિનગરથી ઈમરજન્સી ટેન્ડર, ગોમતીપુરથી મિની ફાઈટર, એમ્બ્યુલન્સ અને અધિકારીઓને તાત્કાલિક ઘટનાસ્થળે રવાના કરવામાં આવ્યા હતા.

ઘટનાસ્થળે પહોંચીને જોતા પરિસ્થિતિ એવી હતી કે કોઈ જગ્યાએથી ઉતરી શકાય તેમ નહોતું. આથી ફાયર વિભાગે આસપાસમાં બેથી ત્રણ જગ્યાએ સીડી લગાવીને લોકોનું રેસ્ક્યુ કર્યું હતું. ફાયર ટીમ પહોંચે તે પહેલાં જ, ગેલેરીનો કાટમાળ પડવાને કારણે ત્યાં સૂતેલા એક 80 વર્ષના માજીને સામાન્ય ઈજાઓ થઈ હતી. સ્થાનિક રહીશોએ તેમને તાત્કાલિક રિક્ષામાં એલ.જી. હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

તેને વધુમાં કહ્યું, આ સ્લમ ક્વાર્ટર્સ ખૂબ જ જર્જરિત હાલતમાં છે અને છેલ્લા બે મહિનામાં ગેલેરી



પડવાનો આ બીજો બનાવ છે. આમ છતાં, કેટલાક રહીશો હજુ પણ મકાન ખાલી કરવાની ના પાડી રહ્યા છે. તેમનું કહેવું છે કે જો તેઓ અત્યારે ઘર ખાલી કરે તો જશે ક્યાં? આ રહેઠાણનો પ્રશ્ન હોવાને કારણે તેઓ જોખમી મકાનોમાં રહેવા મજબૂર છે.ક્વાર્ટર્સ 1962-63માં બનેલા છે.

સ્થાનિક હરીશભાઈ ભરવાડે જણાવ્યું કે, સવારે 7.30 વાગ્યાની આસપાસ આ બનાવ બન્યો છે. આ ઘટના અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં આવેલા સંત વિનોબા નગર મ્યુનિસિપલ ક્વાર્ટર્સની છે. આ ક્વાર્ટર્સ 1962-63માં બનેલા છે અને અહીં કુલ 440 મકાનો અને 250 જેટલા છાપરા આવેલા છે.

ઘટનાની જાણ થતા જ ફાયર ફાઈટરની ચાર ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. આ ટીમોએ સંયુક્ત રીતે આઠ મકાનોના આશરે 40થી 50 લોકોને રેસ્ક્યુ કરીને બહાર કાઢ્યા છે. આ બનાવમાં પાંચથી છ લોકોને સામાન્ય ઈજાઓ પણ થઈ છે.

તંત્ર દ્વારા વારંવાર નોટિસો આપવામાં આવી છે, પરંતુ સ્થાનિકોનું કહેવું છે કે તેમણે તંત્ર પાસે જે માંગણીઓ કરી હતી તે બધી જ વસ્તુઓ આપી દીધી છે. આમ છતાં, આ ક્વાર્ટર્સના રી-ડેવલપમેન્ટમાં ક્યાં તકલીફ પડી રહી છે તે બાબતે તંત્ર દ્વારા હજુ સુધી સત્તાવાર રીતે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

ઘટનાની જાણ થતાં જ અમદાવાદ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. બચાવ કામગીરી માટે એક ઈમરજન્સી ટેન્ડર, એક મિનિ ફાઈટર, બે ફર્સ્ટ રિસ્પોન્ડર વાહન (બોલેરો અને સ્કોર્પિયો) તેમજ એક એમ્બ્યુલન્સ સહિત કુલ ચારથી વધુ બચાવ વાહનો મોકલવામાં આવ્યા હતાં. આશરે 22 જેટલા અધિકારીઓ અને કર્મચારીઓની સંયુક્ત ટીમ દ્વારા તાત્કાલિક રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. બચાવ દળમાં 15 ફાયરમેન, 2 જમાદાર, 4 ડ્રાઈવર તેમજ ડિવિઝનલ ઓફિસર સહિતના અધિકારીઓ સામેલ રહ્યા હતા. ટીમ દ્વારા રસ્તામાં પડેલા કાટમાળને ઝડપી ગતિએ દૂર કરી અંદર ફસાયેલા રહેવાસીઓને એક પછી એક સુરક્ષિત રીતે બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# મહેમદાવાદના છાપરા ગામે પ્રિન્સિપાલની હેવાનિયત, પિતાએ નોંધાવી ફરિયાદ....

## રજા વગર વોશરૂમ ગયેલા ધોરણ-9 ના 14 વર્ષીય વિદ્યાર્થીને ટેબલ પર પછાડી ઈજાઓ પહોંચાડી

**નડિયાદ, તા.11**




મહેમદાવાદ તાલુકાના છાપરા ગામની સરકારી માધ્યમિક શાળામાં એક ઘટના બની છે. શાળાના પ્રિન્સિપાલ સુરેશ પરમારે ધોરણ-9માં અભ્યાસ કરતા 14 વર્ષીય વિદ્યાર્થીને માર માર્યો હતો. આ મામલે વિદ્યાર્થીના પિતાએ મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં પ્રિન્સિપાલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મહેમદાવાદના એક ગામમાં રહેતા ફરિયાદીનો પુત્ર 6 ફેબ્રુઆરીના રોજ શાળાએ ગયો હતો. બપોરના 12 વાગ્યા આસપાસ વિદ્યાર્થી ક્લાસમાંથી રજા લીધા વગર વોશરૂમ ગયો હતો. તે પરત ફરી રહ્યો હતો ત્યારે પ્રિન્સિપાલ સુરેશ પરમારે તેને જોઈ પકડી લીધો હતો.

પ્રિન્સિપાલ વિદ્યાર્થીનો કાન પકડી ક્લાસરૂમમાં લઈ ગયા હતા. ફરિયાદ મુજબ, પ્રિન્સિપાલે વિદ્યાર્થીનું માથું પોતાના બે પગ વચ્ચે દબાવી, બરડાના ઉપરના ભાગે ચારથી પાંચ લાફા માર્યા હતા. તેમણે વિદ્યાર્થીના બંને કાન પકડી તેને ટેબલ પર પછાડ્યો હતો. આ હુમલાથી વિદ્યાર્થીને કાન અને ગળાના ભાગે ઈજાઓ થઈ હતી.

શાળા છૂટ્યા પછી વિદ્યાર્થી ડરના કારણે ઘરે કોઈને કંઈ જણાવ્યું ન હતું અને સૂઈ ગયો હતો. બીજા દિવસે ગામની પ્રાથમિક શાળાના શિક્ષકો તેની તબિયત પૂછવા ઘરે આવ્યા ત્યારે માતા-પિતાને શંકા ગઈ. પૂછપરછ કરતા વિદ્યાર્થીએ પ્રિન્સિપાલ દ્વારા થયેલા માર વિશે જણાવ્યું.

ત્યારબાદ પિતા તાત્કાલિક પુત્રને સારવાર માટે મહેમદાવાદની સરકારી હોસ્પિટલમાં લઈ ગયા. પુત્રની હાલત અને શાળાના પ્રિન્સિપાલ દ્વારા કરાયેલી આ હિંસાને પગલે પિતાએ પોલીસનો સંપર્ક કર્યો. મહેમદાવાદ પોલીસે આરોપી પ્રિન્સિપાલ સુરેશ પરમાર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

પોલીસ આ કેસમાં સાક્ષી તરીકે વિદ્યાર્થીની માતા અને તેના કાકાના દીકરાના નિવેદનો લેવાની કાર્યવાહી કરી રહી છે. પોલીસ આગામી દિવસોમાં શાળાના અન્ય સ્ટાફ અને વિદ્યાર્થીઓની પૂછપરછ કરીને ઘટનાની વધુ વિગતો એકત્ર કરશે.

# આણંદના ગામડી પાસે કાંસમાં રેલ્વે દ્વારા માટી ઠલવાતા સ્થાનિકોમાં રોષ

**આણંદ, તા.11**

આણંદ શહેરના ગામડી વિસ્તારમાં આવેલી ધૂમ તલાવડી પાસેથી પસાર થતાં કાંસમાં રેલ્વે તંત્ર દ્વારા માટી નાંખવામાં આવી રહી છે.જેના કારણે કાંસ પુરાઇ જતા ચોમાસામાં સામાન્ય વરસાદમાં પૂર્વ વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ જવાની ભીંતી વર્તાઇ રહી છે. 2004માં પણ રેલવે દ્વારા કાંસમાં માટી નાંખવામાં આવતાં ઈસ્માઈલનગર થી લઈને પાધરિયા સુધીના વિસ્તારમાં વરસાદી પાણી ભરાઇ ગયા હતા. ત્યારે છેલ્લા કેટલાંક દિવસો રેલ્વે દ્વારા કાંસમાં માટી ઠાલવવામાં આવે છે. જેને લઈને સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. હાલમાં રેલ્વે તંત્ર દ્વારા પાટાનું સમારકામને લઈ લેવલીંગ માટે ખોદકામ કરાઈ રહ્યું છે. જેમાંથી નીકળતી હજારો ટન માટી



કાંસમાં નાંખવામાં આવતા 30 ફૂટ સુધી કાંસ પુરાઇ ગયો છે. હાલમાં માવઠું થાય કે ચોમાસામાં સામાન્ય ત્રણ થી ચાર ઈંચ વરસાદ પડે તો પણ ઈસ્માઈલનગર સહિત વિસ્તારોમાં પાંચ ફૂટ પાણી ભરાઈ જવાની સંભાવનાને લઈને સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. વર્ષો અગાઉ બાર વિઘા વિસ્તાર, ચિખોદાર સીમ વિસ્તાર અને પરીખભુવન વિસ્તારના વરસાદી પાણીના નિકાલ માટે કાંસ બનાવીને લાંભવેલ વરસડા તળાવ બાજુ નિકાલ કરાય છે. આણંદ શહેર પૂર્વ વિસ્તારમાં ગામડી તળાવ થી જકાત નાકા થઈ પરિવાર પાર્ટી પ્લોટ થી રેલ્વે લાઇન તરફ આવતાં કાંસના પાણી નિકાલ માટે આગળ કોઇ વ્યવસ્થા નથી. જેના કારણે દરવર્ષે પાણી ભરાઇ છે. ત્યારે આગળના પાણીના નિકાલ માટે બનાવેલા કાંસ રેલવે તંત્ર દ્વારા માટી પુરાણ કરાતાં ચોમાસામાં પૂર્વ વિસ્તારમાં જળબંબાકાર થવાની ભીંતી વર્તાઇ રહી છે. આણંદ રેલ્વે વિભાગ દ્વારા અગાઉ ધૂમ તલાવડી વિસ્તારના કાંસમાં માટી નાંખી હતી જે બાબતે જે તે સમયે સૂચના આપી હતી ફરી આવું નહીં કરવા જણાવ્યું હતું. તેમ છતાં પુન: માટી નાંખી હોવાથી રેલ્વેને નોટીસ પાઠવાશે. તેમજ બે દિવસમાં કાંસમાંથી માટી કાઢીને સફાઈ કરાશે. રેલ્વે તંત્ર સાથે મીટીંગ કરી હતી અને તેઓએ માટી કાઢવા માટે સહકારની ખાતરી આપી હતી.

# મચ્છરોનો ઉપદ્રવ વધવાથી અવર-જવરમાં મુશ્કેલી: નડિયાદના વોર્ડ 4મા ગટર મામલે 10 દિવસ બાદ પણ કોઇ કાર્યવાહી નહીં

**નડિયાદ, તા.11**

નડિયાદમાં વોર્ડ નંબર 4 માં ઉભરાતી ગટરની સમસ્યાથી રહીશો પરેશાન થઇ ગયા છે. અવરજવર કરવામાં ગટરના પાણી ઉલેચતાં રહીશો સત્વરે ઉભરાતી ગટરની સમસ્યાનો ઉકેલ તંત્ર દ્વારા લાવવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે. છેલ્લા 10 દિવસથી આ વિસ્તારમાં ગટરના પાણી ઉભરાઈને રોડ ઉપર ફરી વળે છે.



નડિયાદ શહેરના વોર્ડ નંબર 4 માં મહેશ્વરી વાડી પાસે આવેલ રાજીવ નગરમાં છેલ્લા દસેક દિવસથી ઉભરાતી ગટરની સમસ્યાને કારણે રહીશો પરેશાન થઈ ગયા છે. મચ્છરોનો ઉપદ્રવ વધવાની સાથે સાથે અવરજવરમાં પણ રહીશોને હાલાકી પડી રહી છે. સ્થાનિકો દ્વારા આ મામલે રજૂઆત કરવા છતાં હજી પણ ગટરના પાણી રસ્તા ઉપર પરિવર્તન હોવાથી વાહનચાલકો અને રાહદારીઓને હાલ પરેશાની ભોગવાઇ પડી રહી છે. કપડવંજ રોડ ઉપર આવેલ રાજીવ નગર વિસ્તારમાં ઉભરાતી ગટરની સમસ્યાનો વહેલી તકે ઉકેલ લાવવામાં આવે તેવી માંગ સ્થાનિકો દ્વારા કરવામાં આવી રહી છે.

# આણંદના પીપળીમાં શિક્ષણનો ઉદય: 2.75 કરોડના ખર્ચે બનેલી અદ્યતન 'શારદાબેન-તારાબેન' શાળાનું દુબઈના શેખ હસ્તે ઉદ્ઘાટન





**આણંદ, તા.11**

આણંદ જિલ્લાના શિક્ષણ ક્ષેત્રે એક ઐતિહાસિક અને પ્રાણદાયક પહેલ સામે આવી છે. પીપળી ગામના વતની શારદાબેન અને તારાબેન પ્રાથમિક શાળાનું ભવ્ય નવનિર્માણ કર્યું, દાતા ભામાશા પ્રતાપભાઈ પટેલ અને પ્રવીણભાઈ પટેલની ઉધાર ભેટ આ ગામના વિદ્યાર્થીઓ માટે મળી છે. આ ગામમાં શિક્ષણ ક્ષેત્રે એક નવો અધ્યાય શરૂ થયો છે. ગામમાં નવનિર્મિત સરકારી પ્રાથમિક શાળાનું ઉદ્ઘાટન અત્યંત ઉત્સાહભર્યા વાતાવરણમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દુબઈથી પધારેલા વિશિષ્ટ મહેમાન ઓમર અલમારઝૂકી ની હાજરીએ આ કાર્યક્રમને આંતરરાષ્ટ્રીય ગૌરવ અપાવ્યું હતું.

આ નાનકડા ગામની જર્જરીત નાની પ્રાથમિક શાળા આજે દેશની અધ્યતન શાળાઓમાં સ્થાન મેળવી રહી છે. અહી વર્ષોથી જૂની પ્રાથમિક શાળા કાર્યરત હતી. આજ શાળા ભૂતકાળમાં આભ્યાસ કરતી દીકરી શારદાબેન અને તારાબેનના નામથી શાળાનુ નવનિર્માણ કરવામાં આવ્યું છે. શાળાને સ્માર્ટ ક્લાસ, CCTV કેમેરા અને હાઈ-ટેક લર્નિંગ સુવિધાઓથી સજ્જ કરવામાં આવી છે. આ શાળાનું બાંધકામ એટલું મજબૂત છે કે તે આગામી પાંચ પેઢી સુધી સુરક્ષિત અને અડીખમ રહી શકે તેવી ગામની શાળાની બની. આ ગામમાં શિક્ષણ ક્ષેત્રે ઐતિહાસિક પહેલ શારદાબેન અને તારાબેન નામની શાળાની સ્થાપના થઈ.

આજ રોજ આ પ્રાથમિક શાળાનુ ઉદ્ઘાટન કરવામાં અવ્યું, ત્યારે દુબઈમાં કાર્યરત ભામાશા પ્રતાપભાઈ પટેલ અને પ્રવીણભાઈ પટેલે તેમના સાથી મિત્ર દુબઈના ઓમર અલ મારઝૂકી અંત્રીત કર્યા હતા. આ ઉદ્ઘાટન સમાહરોમાં ઓમર અલ મારઝૂકીનું સન્માનિત મહેમાન તરીકે સ્વાગત કરતાં અમને ગર્વ થાય છે. દુબઈ પોલીસમાં એક પ્રતિષ્ઠિત રાજદૂત અસાધારણ અને મેજર, ઓમર અલ મારઝૂકી સમર્પણ, નેતૃત્વ અને સમુદાય સેવાનું પ્રતીક છે.

કાયદા અમલીકરણમાં તેમની પ્રશંસનીય સેવા ઉપરાંત, તેઓ ઓમર અલ મારઝૂકી ગ્રુપ ઓફ કંપનીના માલિક છે, જે વિવિધ ઉદ્યોગોમાં ઉદ્યોગસાહસિક શ્રેષ્ઠતાનું ઉદાહરણ આપે છે. નવીનતા પ્રત્યેની તેમની અતૂટ પ્રતિબદ્ધતા અને વિકાસ અને સહયોગને પ્રોત્સાહન આપવામાં તેમની ભૂમિકા તેમને એક પ્રેરણાદાયી વ્યક્તિ અને સાચા રોલ મોડેલ બનાવે છે.

શિક્ષણ માટે અર્પણ: દીકરીઓના નામથી નવનિર્માણ આ શાળાનું સૌથી વિશેષ પાસું તેનું નામ છે. ભૂતકાળમાં આ જ શાળામાં અભ્યાસ કરી ચૂકેલી બે દીકરીઓ, શારદાબેન અને તારાબેન ના માનમાં આ નવીન શાળાનું નામકરણ કરવામાં આવ્યું છે. શિક્ષણ પ્રત્યેના પ્રેમના પ્રતીક રૂપે બનેલી આ શાળા ગામ માટે ગૌરવ સમાન છે.

શિક્ષણ પ્રત્યેનો સહયોગ: દુબઈની જાણીતી હસ્તી ઓમર અલમારઝૂકીએ શાળાના ઉદ્ઘાટન પ્રસંગે હાજર રહીને શિક્ષણ અને માનવતાના કાર્યમાં પોતાનો સહયોગ આપ્યો હતો. તેમણે શિક્ષણને સીમાઓ વગરની સેવા ગણાવી અને ગામના બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. સોશિયલ મીડિયા પર આ પળને ભારત અને યુએઈ વચ્ચેના 'એકતા અને પરસ્પર મૂલ્યો' ના પ્રતીક તરીકે બિરદાવવામાં આવી હતી.

ગામમાં ખુશીનો માહોલ: શાળાના ઉદ્ઘાટન સમયે ગ્રામજનો, શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. દુબઈના પ્રતિષ્ઠિત વ્યક્તિની પીપળી જેવા નાના ગામમાં હાજરી એ સમગ્ર જિલ્લા માટે ગૌરવની બાબત બની રહી છે. આ નવી સુવિધાઓથી ગામના બાળકોને આધુનિક અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવવામાં મોટી મદદ મળશે.

આ પ્રસંગે ધારાસભ્ય રમણભાઈ સોલંકી સહિત વિસ્તારના અન્ય પ્રતિષ્ઠિત આગેવાનો અને અગ્રણીઓને પણ આંત્રિત કરવામાં આવ્યા હતા. તમામ મહેમાનોએ ગામની આ પહેલને બિરદાવી હતી અને જણાવ્યું હતું કે ગ્રામ્ય સ્તરે આવી સુવિધાઓ મળવાથી છેવાડાના બાળકો પણ વૈશ્વિક સ્પર્ધામાં ટકી શકશે.

પીપળી ગામમાં આજે દિવાળી જેવો માહોલ જોવા મળ્યો હતો અને ગ્રામજનોએ આ ભવ્ય ભેટ માટે દાતાઓ અને મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## રિવરફ્રન્ટના કાંઠે લંડન આઇ જેવો નજારો, નદીમાં તરતી સોલર પેનલ

# પેવેલિયનવાળા ક્રિકેટગ્રાઉન્ડથી લઇ ગ્લો ગાર્ડન, અમદાવાદને ભિખારીમુક્ત બનાવાશે, 18518 કરોડનું બજેટ મંજૂર

**અમદાવાદ, તા.11**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું રૂ.18518 કરોડનું વર્ષ 2026-27નું બજેટ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણી દ્વારા મંજૂર કરવામાં આવ્યું છે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દ્વારા રૂ.1500 કરોડનો વધારો કરવામાં આવ્યો છે. ચાલુ વર્ષે મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપ દ્વારા નવી સુવિધાઓ સાથેનું બજેટ રજૂ કર્યું છે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા ડ્રાફ્ટ બજેટમાં રૂ. 32 કરોડના ખર્ચે બનાવવામાં આવનારા નવા સ્લોટર હાઉસની દરખાસ્તને નામંજૂર કરવામાં આવી છે.

બજેટમાં ટ્રાફિક સમસ્યા દૂર કરવા માટે 1 ઓવરબ્રિજ અને 3 અંડર પાસ બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. એસપી રિંગ રોડ પર હોટલ હિલ્લોક પાસે ટ્રાફિકની સમસ્યાને લઈને સ્થાનિક લોકો દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે, જેનો ઉકેલ લાવવા અને ચૂંટણીમાં રોષનો ભોગ ન બનવું પડે એના માટે ઔડા સાથે મળીને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવો અંડર પાસ બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. સૌપ્રથમ વખત અમદાવાદમાં લોકોના ફરવા અને મનોરંજન માટે સાબરમતી રિવરફ્રન્ટ પર AHMEDABAD EYE બનાવશે. પશ્ચિમ વિસ્તારમાં બોનસાઇ ગાર્ડન બનાવવામાં આવશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) શહેરનાં તળાવો તથા સાબરમતી નદી પર પ્રથમ વખત Eco-friendly ફ્લોટિંગ સોલર પ્રોજેક્ટ અમલમાં મૂકવાની યોજના બનાવી રહી છે. અત્યારસુધી અમદાવાદમાં સોલર પ્રોજેક્ટ્સ જમીન આધારિત અથવા છત પર સ્થાપિત થતા આવ્યા છે, જ્યારે આ પહેલ દ્વારા ખુલ્લાં જળાશયો પર આ નવીન રીતે ઊર્જા ઉત્પાદનનો પ્રથમ પ્રયાસ થશે. પ્રથમ તબક્કામાં AMC દ્વારા અંદાજે રૂ.50 કરોડના રોકાણ સાથે આ પ્રોજેક્ટ પ્રસ્તાવિત કરવામાં આવ્યો છે.

આ પ્રોજેક્ટ હેઠળ ઉપયોગમાં ન લેવાતાં જળાશયોનો સદુપયોગ કરીને સ્વચ્છ ઊર્જાનું ઉત્પાદન કરવામાં આવશે તેમજ શહેરની કીમતી જમીનનું સંરક્ષણ થશે. પ્રોજેક્ટમાં શૂન્ય ઈક્રોપ્લાસ્ટિક્સ અને 100 ટકા રિસાઈક્લેબલ ફ્લોટર્સ જેવી ઈકોફ્રેન્ડલી ટેકનોલોજી અપનાવવામાં આવશે. આ પ્રોજેક્ટના અમલથી પાણીના બાષ્પીકરણમાં ઘટાડો થશે તથા એલ્ગી (શેવાળ)ની વૃદ્ધિ નિયંત્રિત થશે, જેના પરિણામે પાણીની ગુણવત્તા જળવાઈ રહેશે.

આ પહેલ AMCને ઊર્જા સ્વાવલંબન તરફ આગળ વધારશે તેમજ અમદાવાદને સસ્ટેનેબલ એનર્જી ક્ષેત્રે અગ્રણી શહેર તરીકે સ્થાપિત કરશે. આ માટે ખાસ કરીને લાંભા તળાવમાં પાણી રહે છે. તો તે સંજોગોમાં એના પર 10 મે.વોટના સોલર પ્લાન્ટનું આયોજન કરવામાં આવે છે. આ માટે અંદાજપત્રમાં રૂ. 50 કરોડ ફાળવવામાં આવ્યા છે.

આ અંગે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે નાગરિકો પાસે બજેટ સૂચનો મગાવવામાં આવ્યાં હતાં. ખાસ કરીને સિનિયર સિટિઝન અમદાવાદ દર્શન કરી શકે એની જાહેરાત કરી છે. આજની અનિયમિત લાઈફ સ્ટાઈલ, વ્યસનો અને પ્રદૂષણના કારણે સર્વાઈકલ કેન્સર અને ઓરલ



કેન્સર વધી રહ્યાં છે ત્યારે એની સારવાર માટે બે કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ખાસ કરીને સાબરમતી નદીમાં પ્રદૂષણનું પ્રમાણ વધુ થાય છે. શાસ્ત્રીબ્રિજ પાસે ઔદ્યોગિક એકમોના પ્રદૂષિત પાણી છોડવાની મેગા લાઇન આવેલી છે. મેગા લાઇનને શાસ્ત્રીબ્રિજથી મીરોલી સુધીના રૂટ પર લઈ જવા માટે ચોક્કસ અંતર અને જમીનના ઉતાર-ચઢાવ માપવા માટે ટોપોગ્રાફિકલ સર્વે થશે. આધુનિક સાધનો જેવા કે DGPS અને ડ્રોનનો ઉપયોગ કરી સચોટ ફિઝિકલ રિપોર્ટ તૈયાર કરી ટેક્નિકલ મંજૂરી મેળવી શકાશે, જેના માટે 1 કરોડ ફાળવવામાં આવ્યા છે.

અમદાવાદના ગ્રીન કવરને વધારવા માટે રેલવેલાઈનોની આસપાસ વૃક્ષારોપણ કરવામાં આવશે, જેના માટે 10 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. 100 જેટલા ગાર્ડનમાં યોગા ટ્રેનિંગ સેન્ટર અને કિચન ગાર્ડન ટ્રેનિંગ સેન્ટર પણ બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. તળાવોના પાણીને શુદ્ધ કરવા માટે એરિએટર અને ફુવારાઓ પણ મૂકવાની જાહેરાત કરવામાં આવી છે. ખાસ કરીને અમદાવાદ શહેરને સ્વચ્છ શહેર તરીકેનું પ્રથમ સ્થાન મળ્યું છે ત્યારે પબ્લિક ટોઈલેટ યુઝ અને પે એન્ડ યુઝ અને રિનોવેટ કરવા તેમજ નવા બનાવવા માટે પણ પાંચ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. પરંપરાગત પવનચક્કીના પાંખિયા આડા ફરે છે. જ્યારે વર્ટિકલ સિસ્ટમમાં રોટર શાફ્ટ જમીન સાથે ગોઠવાયેલા હોય છે. આ સિસ્ટમ કોઈપણ દિશામાથી આવતા પવનને ઝીલી શકે છે, એને પવનની દિશા મુજબ ફેરવવા માટે વધારાનાં સાધનોની જરૂર પડતી નથી. આ ટર્બાઈનને ઘરની અગાસી, બહુમાળી ઈમારતો કે ગીચ વિસ્તારોમા લગાવી શકાય છે તથા જાળવણી માટે સરળતા રહે છે. આમાં અવાજ પણ ઓછો થાય છે. શહેરમાં સ્ટ્રીટ લાઈટ ચલાવવા માટે તથા મોટી ઈમારતોની છત ઉપર ગ્રીન એનર્જી માટે પણ ઉપયોગ થઈ શકે છે. એ બાબતો ધ્યાને લેતાં શહેરમા યોગ્ય જગ્યાઓ/ સ્થળોએ જરૂરિયાત મુજબ વર્ટિકલ વિન્ડ સિસ્ટમ લગાવવા માટે અંદાજપત્રમાં રૂ. 5 કરોડની જોગવાઈ કરવામાં આવે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં નવા ડોગ શેલ્ટર પણ બનાવવામાં આવશે. અમદાવાદને ભિખારીમુક્ત બનાવવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ભિખારીઓની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે ત્યારે બેઘર અને આવા લોકો માટે રેન બસેરા બનાવવા માટેની પણ જાહેરાત કરવામાં આવી છે. મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શાળાઓમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને સેનિટરી પેડ આપવાનો પણ નિર્ણય કરાયો છે. શહેરમાં નાગરિકોની ફરિયાદોનો સમયસર નિકાલ થાય એ માટે આયોજનબંધ કામગીરી કરવા ચાર્ટર્ડ સિટિઝન સેલની પણ રચના કરાશે, જેમાં શહેરના પ્રતિષ્ઠિત એડવોકેટ, ડોક્ટર, સાહિત્યરસિકો, શિક્ષકો વગેરેનો સમાવેશ કરવામાં આવશે.

આ અંગે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વિપક્ષના નેતા શહેઝાદ ખાન પઠાણે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણી દ્વારા રજૂ કરવામાં આવેલા બજેટને લઈને આક્ષેપો કરતાં કહ્યું હતું કે શહેરમાં છેલ્લાં 10 વર્ષમાં રૂ. 91400 કરોડના બજેટ રજૂ કરવામાં આવ્યા છે, જેનો કોઈ હિસાબ આપવામાં આવ્યો નથી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રોડ પાણી, સિક્યોરિટી સહિત દરેક વિભાગોમાં ભ્રષ્ટાચાર કરવામાં આવે છે. વિકાસનાં નામે લોકોનાં ઘરો તોડવામાં આવી રહ્યાં છે. માત્ર ફોર્માલિટી માટે આ બજેટ રજૂ કરવામાં આવ્યું છે. મોટા મોટા વાયદાઓ કરવામાં આવે છે, પરંતુ બધું કાગળ પર જ રહી જાય છે. બજેટમાં નાગરિકોને નહીં, પરંતુ કોન્ટ્રેક્ટરોને ફાયદો થવાનો છે.

અમદાવાદ શહેરમાં શુદ્ધ પીવાનું પાણી મળતું નથી. વરસાદી પાણીની લાઈનો નથી અને ખરાબ રોડ રસ્તાની સમસ્યા છે. એવામાં કોમનવેલ્થ ગેમ્સ લાવવાની વાતો ભાજપ કરી રહ્યો છે. કોમનવેલ્થના નામે મોટાં મોટાં સ્પોર્ટ્સનાં આયોજન કરવામાં આવી રહ્યાં છે. અદાણી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ધૂળ ખાઈ રહ્યું છે. ટેનિસકોટ હોય કે સ્કેટિંગ રિંગ હોય, તમામ કોમ્પ્લેક્સ ધૂળ ખાઈ રહ્યા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૮

# બાંગ્લાદેશમાં શેખ હસીનાની બેઠક પર હિંદુ ઉમેદવાર: BNPને આપી રહ્યા છે ટક્કર, કાલે મતદાન અને બંધારણીય સુધારા પર જનમત સંગ્રહ

ઢાકા, તા.11

બાંગ્લાદેશમાં પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની પરંપરાગત બેઠક ગોપાલગંજ-3 પર મુકાબલો ઘણો રસપ્રદ બન્યો છે. અહીં BNPના ઉમેદવાર એસએમ જિલાનીને બે હિંદુ ઉમેદવારો સખત ટક્કર આપી રહ્યા છે.



સ્વતંત્ર ઉમેદવાર ગોવિંદ ચંદ્ર પ્રમાણિક અને ગણો ફોરમના દુલાલ ચંદ્ર વિશ્વાસને મજબૂત દાવેદાર માનવામાં આવી રહ્યા છે. ગોપાલગંજ-3 બેઠકમાં ટુંગીપાડા અને કોટાલિપાડા વિસ્તારો આવે છે.

ટુંગીપાડામાં લગભગ 26% અને કોટાલિપાડામાં 47%થી વધુ હિંદુ વસ્તી છે. આ વિસ્તાર શેખ મુજીબુર રહેમાનની જન્મભૂમિ છે અને લાંબા સમયથી અવામી લીગનો ગઢ માનવામાં આવે છે.

ગોવિંદ ચંદ્ર પ્રમાણિકનું કહેવું છે કે તેમને લોકો તરફથી સારો ટેકો મળી રહ્યો છે. જ્યારે એક 23 વર્ષના યુવકે કહ્યું કે જો મત નહીં આપીએ તો હુમલો કે કેસ થઈ શકે છે. તેણે કહ્યું કે મત તો આપીશું, પરંતુ કદાચ આ વખતે BNPને મત આપીશું.

બાંગ્લાદેશમાં 12 ફેબ્રુઆરીએ મતદાન અને બંધારણ સુધારા પર જનમત સંગ્રહ થવાનો છે.

BNPએ પણ ઘણા લઘુમતી ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. તેના 80 હિંદુ ઉમેદવારોમાંથી ઢાકા-1 બેઠક પરથી ગોયેશ્વર ચંદ્ર રોયને મજબૂત માનવામાં આવી રહ્યા છે. મગુરામાં નિતાઈ રોય ચૌધરી સામે કોઈ મોટો હરીફ નથી.

બાગેરહાટ-1 બેઠક જે અગાઉ અવામી લીગનો ગઢ રહી છે, ત્યાં BNPના કપિલ કૃષ્ણ મંડલને મજબૂત માનવામાં આવી રહ્યા છે. બાગેરહાટ-4 માં સોમનાથ ડે પણ જીતના દાવેદાર ગણાઈ રહ્યા છે.

જમાત-એ-ઈસ્લામીએ પણ પહેલીવાર કોઈ હિંદુ ઉમેદવારને ટિકિટ આપી છે. પાર્ટીએ ખુલના-1 બેઠક પરથી કૃષ્ણા નંદીને મેદાનમાં ઉતાર્યા છે. અહીં BNPના આમિર એજાઝ ખાન અને CPBના કિશોર કુમાર રોય સામે મુકાબલો છે. કૃષ્ણા નંદી પોતાની સરળ અને મજાકિયા શૈલીને કારણે સોશિયલ મીડિયા પર ચર્ચામાં છે.

ગોપાલગંજ અને ખુલના ઉપરાંત બાગેરહાટ, બરીસાલ, પિરોજપુર, મગુરા, જેસોર અને દિનાજપુર જિલ્લાઓમાં પણ હિંદુ વસ્તી સારી એવી છે. પરંતુ બરીસાલ, પિરોજપુર, જેસોર અને દિનાજપુરમાં આ વખતે મોટી પાર્ટીઓએ હિંદુ ઉમેદવારોને ઉતાર્યા નથી.

બરીસાલ-5 બેઠક પરથી ડેમોક્રેટિક યુનાઈટેડ ફ્રન્ટના ડો. મોનિષા ચક્રવર્તી ચર્ચામાં છે. બરીસાલ-2 પરથી ગણો અધિકાર પરિષદના રણજીત કુમાર બારોઈ ચૂંટણી લડી રહ્યા છે, પરંતુ તેમની જીતની શક્યતા ઓછી માનવામાં આવી રહી છે.

પિરોજપુરમાં કોઈ લઘુમતી ઉમેદવાર મેદાનમાં નથી. જેસોર-4 થી BMJP ના સુકૃતિ કુમાર મંડલ ચૂંટણી લડી રહ્યા છે. દિનાજપુર-3 થી CPB ના અમૃત કુમાર રોય અને દિનાજપુર-1 થી જકર પાર્ટીના રઘુનાથ ચંદ્ર રોય મેદાનમાં છે, પરંતુ તેમની જીતની આશા ખૂબ ઓછી જણાવવામાં આવી રહી છે.

બાંગ્લાદેશની સામાન્ય ચૂંટણી નક્કી કરશે કે દેશ આગળ ભારતની નજીક રહેશે કે પાકિસ્તાન અને ચીન તરફ ઝુકશે. આનાથી સાઉથ એશિયાનું પાવર બેલેન્સ બદલાઈ શકે છે. આ જ કારણોસર આ ચૂંટણીને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

બાંગ્લાદેશ સાઉથ એશિયાના પાવર બેલેન્સ માટે એટલા માટે મહત્વપૂર્ણ છે કારણ કે આ દેશ ભૂગોળ, રાજનીતિ, અર્થતંત્ર અને વ્યૂહાત્મક હિતો એમ ચારેય મોરચે એકસાથે અસર કરે છે.

બાંગ્લાદેશ, ભારતના પૂર્વોત્તર રાજ્યોને લગભગ ચારેય બાજુથી ઘેરે છે. ભારતનો નોર્થ-ઈસ્ટ સિલીગુડી કોરિડોર દ્વારા ભારત સાથે જોડાય છે. આવા સંજોગોમાં બાંગ્લાદેશની ભૂમિકા ભારત માટે કનેક્ટિવિટી, સુરક્ષા અને સપ્લાય લાઈનોની દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ બની જાય છે.

બીજું મોટું કારણ છે ભારત-ચીન વચ્ચેની વ્યૂહાત્મક ખેંચતાણ. ચીને છેલ્લા કેટલાક વર્ષોમાં બાંગ્લાદેશમાં બંદરગાહ, રસ્તા, વીજળી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ભારે રોકાણ કર્યું છે. જો બાંગ્લાદેશ ચીનની વધુ નજીક જાય છે, તો તે ભારત માટે સીધો વ્યૂહાત્મક ફટકો છે, ખાસ કરીને બંગાળની ખાડી અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં.


બાંગ્લાદેશની દરિયાઈ સીમા આ વિસ્તારને વ્યૂહાત્મક રીતે ખૂબ જ મહત્વપૂર્ણ બનાવે છે. આ વિસ્તાર ગ્લોબલ શિપિંગ, એનર્જી રૂટ્સ અને નૌકાદળની ગતિવિધિઓ માટે અત્યંત સંવેદનશીલ છે.

ચોથું પરિબળ છે ઈસ્લામિક રાજકારણ અને કટ્ટરવાદ. બાંગ્લાદેશ મુસ્લિમ બહુમતી ધરાવતો દેશ છે, પરંતુ અત્યાર સુધી તેનું રાજકારણ તુલનાત્મક રીતે સંતુલિત રહ્યું છે. જો ત્યાં રાજકીય અસ્થિરતા વધે અથવા કટ્ટરવાદને સ્થાન મળે, તો તેની અસર માત્ર બાંગ્લાદેશ પૂરતી મર્યાદિત રહેતી નથી, પરંતુ ભારત, મ્યાનમાર અને સમગ્ર દક્ષિણ એશિયાની સુરક્ષા પર પડે છે.

# ગયાનાના મંત્રીએ હિન્દીમાં ભાષણ આપ્યું, વીડિયો વાઈરલ: વિપક્ષને પડકાર ફેંક્યો, કહ્યું- હું કાગળ વગર હિન્દીમાં ચર્ચા કરવા તૈયાર છું.....

જ્યોર્જટાઉન, તા.11

દક્ષિણ અમેરિકી દેશ ગુયાનાની સંસદમાં ભારતીય મૂળના મંત્રી વિકાસ રામકિસૂન દ્વારા હિન્દીમાં આપવામાં આવેલું ભાષણ સોશિયલ મીડિયા પર વાઈરલ થયું છે. સંસદ સત્ર દરમિયાન તેમણે વિપક્ષના એ દાવાનો જવાબ હિન્દીમાં આપ્યો, જેમાં કહેવામાં આવ્યું હતું કે તેમને હિન્દી આવડતી નથી.



વિપક્ષી સાંસદ વિષ્ણુ પાંડેએ ગૃહમાં ટિપ્પણી કરી કે વિકાસ રામકિસૂનને હિન્દીનો એક પણ શબ્દ આવડતો નથી. આના પર રામકિસૂને સ્પીકરની પરવાનગી લીધી અને કહ્યું કે તેઓ આ જ મુદ્દા પર હિન્દીમાં જવાબ આપવા માગે છે.

આ પછી તેમણે હિન્દીમાં બોલતા વિપક્ષી સાંસદને ખુલ્લો પડકાર ફેંક્યો. રામકિસૂને કહ્યું, "હું અત્યારે જ તેમને પડકારું છું કે કોઈપણ સ્તરે, કોઈપણ જગ્યાએ, વિષય તેઓ નક્કી કરે અને હું કાગળ જોયા વિના હિન્દીમાં ચર્ચા કરીશ."

મંત્રી વિકાસ રામકિસૂનના ભાષણનો વીડિયો બાદમાં સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યો હતો, જેને મોટી સંખ્યામાં લોકો જોઈ અને શેર કરી રહ્યા છે.

આ વીડિયો ભારતના હાઈ કમિશન દ્વારા ગુયાનાની રાજધાની જ્યોર્જટાઉનથી X પર પોસ્ટ કરવામાં આવ્યો હતો. આ પછી તે ઝડપથી વાઈરલ થયો અને ભારત સહિત ઘણા દેશોમાં લોકો મંત્રીના હિન્દી ભાષાના જ્ઞાનની પ્રશંસા કરી રહ્યા છે.

સોશિયલ મીડિયા યુઝર્સે લખ્યું કે હિન્દીને લઈને ઉઠાવવામાં આવેલો સવાલ બિનજરૂરી હતો અને મંત્રીએ કોઈ પણ નોટ્સ વગર હિન્દીમાં જવાબ આપીને ભાષા પરની તેમની પકડ સાબિત કરી દીધી.

વિકાસ રામકિસૂન હાલમાં ગુયાનાના કૃષિ મંત્રાલયમાં મંત્રી છે. તેઓ અગાઉ સંસદમાં કૃષિ મંત્રાલયના સંસદીય સચિવ પણ રહી ચૂક્યા છે.

ગુયાનામાં ભારતીય મૂળની વસતિ મોટી સંખ્યામાં રહે છે. કુલ વસતિનો લગભગ 40% હિસ્સો ભારતીય મૂળના લોકોનો છે. આ કોઈપણ લેટિન અમેરિકન દેશમાં ભારતીય પ્રવાસીઓની સૌથી મોટી વસતિ છે.

ગુયાનામાં ભારતીયોની હાજરીની શરૂઆત 5 મે 1838થી માનવામાં આવે છે. આ દિવસે ભારતમાંથી 396 ગિરમીટિયા મજૂરોને બ્રિટિશ ગુયાના લાવવામાં આવ્યા હતા.

આ મજૂરો મુખ્યત્વે ઉત્તર ભારતના જુદા જુદા ભાગોમાંથી આવ્યા હતા અને તેમને શેરડી ઉદ્યોગમાં કામ કરવા માટે લાવવામાં આવ્યા હતા. ત્યારબાદ લગભગ એક સદી સુધી ચાલતી રહેલી ગિરમીટિયા પ્રથા દરમિયાન હજારો ભારતીયો અહીં વસતા ગયા.

સમય જતાં ભારતીય મૂળના લોકોએ ખેતી, વેપાર અને મજૂરીથી આગળ વધીને શિક્ષણ, પ્રશાસન અને રાજકારણમાં પણ પોતાની મજબૂત હાજરી નોંધાવી. આજે ગુયાનાના રાજકારણમાં ઘણા મંત્રીઓ, સાંસદો અને મોટા નેતાઓ ભારતીય મૂળના છે.

સાંસ્કૃતિક સ્તરે ભારતીય સમુદાયે પોતાની પરંપરાઓ અને ભાષાઓને પણ જાળવી રાખી છે. હિન્દી અને ભોજપુરી જેવી ભાષાઓ આજે પણ ધાર્મિક કાર્યક્રમો, સાંસ્કૃતિક આયોજનો અને પારિવારિક વાતચીતમાં સંભળાય છે. દિવાળી, ફાગુઆ (હોળી) અને અન્ય ભારતીય તહેવારો ગુયાનાની રાષ્ટ્રીય સંસ્કૃતિનો ભાગ બની ચૂક્યા છે.

## અમેરિકાએ અમને ટોઈલેટ પેપરની જેમ વાપરીને ફેંકી દીધા

# અમેરિકા સાથે ઊભા રહેવાની - સાથ આપવાની કિંમત આજ સુધી ચૂકવી રહ્યા છીએ: પાકિસ્તાની રક્ષામંત્રી...

ઈસ્લામાબાદ, તા.11

પાકિસ્તાનના રક્ષામંત્રી ખ્વાજા આસિફે બુધવારે સંસદમાં જણાવ્યું હતું કે અમેરિકાએ પોતાના ફાયદા માટે પાકિસ્તાનનો ઉપયોગ કર્યો અને કામ પતી ગયા પછી તેને ટોઈલેટ પેપરની જેમ ફેંકી દીધું, પાકિસ્તાનના રક્ષામંત્રીએ કહ્યું,



તેમણે 1979માં સોવિયેત સંઘના હસ્તક્ષેપનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે આ પગલું અફઘાન સરકારના આમંત્રણ પર લેવામાં આવ્યું હતું, પરંતુ અમેરિકાએ તેને સીધો હુમલો ગણાવીને પોતાની રીતે કથા તૈયાર કરી.

આસિફે પાકિસ્તાનની અમેરિકા સાથે 1999 પછી થયેલી નવી વ્યૂહાત્મક ભાગીદારી પર સવાલો ઉઠાવ્યા. તેમણે કહ્યું કે 11 સપ્ટેમ્બર 2001ના હુમલાઓ પછી અમેરિકા સાથે ઊભા રહેવાની કિંમત પાકિસ્તાન આજે પણ ચૂકવી રહ્યું છે. આસિફે કહ્યું હતું કે પાકિસ્તાને ઈતિહાસમાંથી બોધપાઠ લીધો નથી અને પોતાના નાના ફાયદા માટે ક્યારેક અમેરિકા, ક્યારેક રશિયા અને ક્યારેક બ્રિટન તરફ ઝૂકતું રહ્યું. હવે આ દેશોનો અહીં પહેલાં કરતાં વધુ પ્રભાવ છે, જે 30-40 વર્ષ પહેલાં નહોતો.

તેમણે એ પણ સ્વીકાર્યું કે પાકિસ્તાનનો આતંકવાદી ઈતિહાસ રહ્યો છે. અફઘાનિસ્તાનનાં બે યુદ્ધોમાં સામેલ થવું પાકિસ્તાનની મોટી ભૂલ હતી અને આજે દેશમાં જે આતંકવાદ છે તે એ જ ભૂલોનું પરિણામ છે.

આસિફે કહ્યું હતું કે આપણે આપણા ઈતિહાસ અને ભૂલોને સ્વીકારતા નથી. આજનો આતંકવાદ એ જ સરમુખત્યારોની ભૂલોનું પરિણામ છે. પાકિસ્તાનને જે નુકસાન થયું છે એની ભરપાઈ ક્યારેય થઈ શકશે નહીં.

ખ્વાજા આસિફે એવો પણ દાવો કર્યો કે આ યુદ્ધોને યોગ્ય ઠરાવવા માટે પાકિસ્તાનની શિક્ષણ પ્રણાલીમાં જાણીજોઈને ફેરફારો કરવામાં આવ્યા. તેમના મતે આ ફેરફારો આજે પણ સિસ્ટમમાં મોજુદ છે.

તેમણે વર્ષ 2000માં અમેરિકી રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટનની ઈસ્લામાબાદની થોડા કલાકોની યાત્રાનો ઉલ્લેખ કર્યો. ક્લિન્ટન ભારતના પ્રવાસ બાદ થોડા સમય માટે પાકિસ્તાન આવ્યા હતા.

આસિફે કહ્યું હતું કે આનાથી સ્પષ્ટ દેખાય છે કે બંને દેશોનો સંબંધ માત્ર સ્વાર્થ સુધી સીમિત થઈ ગયો હતો. એ સમયે અમેરિકાએ સૈન્ય શાસક પરવેઝ મુશર્રફ પર લોકશાહી, પરમાણુ પ્રસાર અને આતંકવાદને લઈને દબાણ કર્યું હતું.

2000માં પાકિસ્તાનનો કોઈ વડાપ્રધાન નહોતો, કારણ કે એ સમયે દેશમાં સૈન્ય શાસન ચાલી રહ્યું હતું. નવેમ્બર 1997થી ઓક્ટોબર 1999 સુધી નવાઝ શરીફ પાકિસ્તાનના વડાપ્રધાન હતા. 12 ઓક્ટોબર 1999ના રોજ જનરલ પરવેઝ મુશર્રફે બળવો કરીને નવાઝ શરીફની સરકારને હટાવી દીધી અને પોતે ચીફ એક્ઝિક્યુટિવ બન્યા. 1999 પછી 2002 સુધી પાકિસ્તાનમાં કોઈ ચૂંટાયેલા વડાપ્રધાન નહોતા.

મુશર્રફે સત્તા સંભાળી અને 2002માં ચૂંટણીઓ કરાવી, જેના પછી ઝફરુલ્લાહ ખાન જમાલી વડાપ્રધાન બન્યા.

આ નિવેદન ત્યારે આવ્યું જ્યારે સંસદે ઈસ્લામાબાદની શિયા મસ્જિદ પર થયેલા હુમલા વિરુદ્ધ નિંદા પ્રસ્તાવ પસાર કર્યો. 6 ફેબ્રુઆરીએ નમાઝ દરમિયાન થયેલા આ આત્મઘાતી હુમલામાં 31 લોકોનાં મોત થયાં અને 169 લોકો ઘાયલ થયા. આ હુમલાની જવાબદારી ઈસ્લામિક સ્ટેટ જૂથે લીધી છે.

# અમેરિકી સંસદમાં H-1B વિઝા સમાપ્ત કરતું બિલ રજૂ: 2027 સુધીમાં બંધ કરવાનું લક્ષ્ય, ભારતીયો પર સૌથી વધુ અસર થશે

વોશિંગ્ટન, તા.11

અમેરિકી સંસદમાં H-1B વિઝા પ્રોગ્રામને સંપૂર્ણપણે ખતમ કરવા માટે એક બિલ રજૂ કરવામાં આવ્યું છે. ફ્લોરિડાના રિપબ્લિકન સાંસદ ગ્રેગ સ્ટ્યૂબેએ તેને સ્થાનિક સમય અનુસાર સોમવારે રજૂ કર્યું.



આ બિલને 'એન્ડિંગ એક્સપ્લોઈટેટિવ ઈમ્પોર્ટેડ લેબર એક્ઝેમ્પ્શન્સ એક્ટ' એટલે કે EXILE એક્ટ નામ આપવામાં આવ્યું છે. આના દ્વારા ઈમિગ્રેશન એન્ડ નેશનાલિટી એક્ટમાં સુધારો કરીને H-1B વિઝા પ્રોગ્રામને 2027 સુધીમાં સમાપ્ત કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

આ બિલ એવા સમયે રજૂ કરવામાં આવ્યું છે, જ્યારે અમેરિકા પહેલાથી જ H-1B અને H-4 વિઝાને લઈને તપાસ અને કડકાઈ વધારી ચૂક્યું છે. જો બિલ પસાર થશે તો તેની સૌથી વધુ અસર અમેરિકા જનારા ભારતીયો પર પડશે. સાંસદ ગ્રેગ સ્ટ્યૂબેએ H-1B વિઝાનો દુરુપયોગ કરવાના આરોપો લગાવ્યા છે. તેમના મતે તેનાથી અમેરિકી નાગરિકોની નોકરીઓને નુકસાન થયું છે.

સાંસદે કહ્યું કે H-1B વિઝા પ્રોગ્રામના કારણે અમેરિકી કામદારો અને યુવાનો સતત વિસ્થાપિત થઈ રહ્યા છે. તેમના મતે, આ પ્રોગ્રામ કોર્પોરેટ કંપનીઓ અને વિદેશી સ્પર્ધકોને ફાયદો પહોંચાડે છે, જ્યારે સ્થાનિક વર્કફોર્સને નુકસાન થાય છે.

બિલના સમર્થનમાં કહેવામાં આવ્યું છે કે H-1B વિઝાને કારણે ઘણા અમેરિકી કર્મચારીઓને નોકરી ગુમાવવી પડી. દાવો કરવામાં આવ્યો કે 2025માં 9 હજારથી વધુ H-1B વિઝા મંજૂર થયા પછી માઈક્રોસોફ્ટના 16 હજારથી વધુ કર્મચારીઓને હટાવવામાં આવ્યા.

H-1B વિઝાનો સૌથી વધુ ઉપયોગ ભારતીય પ્રોફેશનલ્સ અમેરિકામાં કામ કરવા અને રહેવા માટે કરે છે. અધિકૃત દાવા મુજબ, H-1B વિઝા મેળવનારાઓમાં 70% થી વધુ ભારતીયો છે અને આમાં મોટી સંખ્યા યુવા કર્મચારીઓની છે.

આ કારણોસર સંસદમાં રજૂ કરાયેલા આ બિલની અસર સીધી રીતે ભારતીય IT અને ટેક પ્રોફેશનલ્સ પર પડી શકે છે.

H-1B વિઝા સમાપ્ત કરવા સંબંધિત આ બિલ હાલમાં અમેરિકી સંસદના નીચલા ગૃહ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં રજૂ કરવામાં આવ્યું છે. હજુ સુધી તેના પર કોઈ ચર્ચા થઈ નથી કે મતદાન માટે કોઈ સમયમર્યાદા નક્કી કરવામાં આવી નથી. બિલને હવે સંબંધિત હાઉસ કમિટી પાસે મોકલવામાં આવશે. કમિટી નક્કી કરશે કે તેના પર ઔપચારિક સુનાવણી થશે કે નહીં. જો કમિટી દ્વારા બિલને મંજૂરી મળે છે, તો તેને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ચર્ચા માટે લાવવામાં આવશે. ચર્ચા પછી ગૃહમાં તેના પર મતદાન થશે.

હાઉસમાંથી પસાર થયા પછી, બિલ અમેરિકી સંસદના ઉપલા ગૃહ સેનેટમાં જશે. ત્યાં પણ આ જ રીતે ચર્ચા અને મતદાનની પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે.

સંસદના બંને ગૃહોમાંથી પસાર થયા પછી જ આ બિલ રાષ્ટ્રપતિ પાસે જશે. રાષ્ટ્રપતિના હસ્તાક્ષર પછી જ આ પ્રસ્તાવ કાયદાનું સ્વરૂપ લઈ શકશે.

ગ્રેગ સ્ટ્યૂબે અમેરિકાની રિપબ્લિકન પાર્ટીના નેતા છે અને જાન્યુઆરી 2019 થી ફ્લોરિડાના 17મા કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટમાંથી સાંસદ છે.

119મી કોંગ્રેસ (2025-26) માં સ્ટ્યૂબે ઘણા હાઈ-પ્રોફાઈલ બિલ રજૂ કર્યા છે. જેમાં મહિલાઓની રમતોમાં ટ્રાન્સજેન્ડર ખેલાડીઓની ભાગીદારી રોકવા સંબંધિત બિલ, અમેરિકામાં વેધર મોડિફિકેશન પર પ્રતિબંધ મૂકતો એર ક્વોલિટી એક્ટ અને વોશિંગ્ટન મેટ્રો ઓથોરિટીનું નામ બદલવાનો પ્રસ્તાવ પણ સામેલ છે.

સ્ટ્યૂબે હાઉસ કમિટી ઓન વેઝ એન્ડ મીન્સના સભ્ય છે, જે ટેક્સ અને ટ્રેડ સંબંધિત મહત્વપૂર્ણ નિર્ણયો લે છે. સાથે જ જાન્યુઆરી 2025 થી તેઓ હાઉસ પરમેનન્ટ સિલેક્ટ કમિટી ઓન ઈન્ટેલિજન્સમાં પણ સામેલ છે.

રાજકારણમાં આવતા પહેલા તેઓ 2004 થી 2008 સુધી અમેરિકી સેનામાં સેવા આપી ચૂક્યા છે અને ઈરાકમાં ઓપરેશન ઈરાકી ફ્રીડમ દરમિયાન તૈનાત રહ્યા હતા.

અમેરિકી વિદેશ વિભાગે 15 ડિસેમ્બરથી H-1B અને તેનાથી સંબંધિત H-4 વિઝા પર વધારાની તપાસ શરૂ કરી દીધી છે. આ અંતર્ગત વિઝા અરજદારોના સોશિયલ મીડિયા પ્રોફાઈલની પણ તપાસ કરવામાં આવી રહી છે.

આ ગાઈડલાઈન બાદ ભારતમાં H-1B વિઝા ઈન્ટરવ્યુ ટળી ગયા છે. ઘણા ઈન્ટરવ્યુ મહિનાઓ આગળ વધારી દેવામાં આવ્યા છે, જેના કારણે વિઝા સ્ટેમ્પિંગ માટે ભારત આવેલા ઘણા લોકો ફસાઈ ગયા છે.

ટ્રમ્પ સરકારે ગયા વર્ષે 21 સપ્ટેમ્બરથી H-1B વિઝા ફી વધારીને 1 લાખ ડોલર (લગભગ 88 લાખ રૂપિયા) કરી દીધી છે. વ્હાઈટ હાઉસ અનુસાર આ વધેલી ફી માત્ર વન ટાઈમ છે, જે અરજી કરતી વખતે ચૂકવવી પડશે.

H-1B વિઝા માટે પહેલાં 5.5 થી 6.7 લાખ રૂપિયા લાગતા હતા. તે 3 વર્ષ માટે માન્ય હતો. તેને ફરીથી ફી ચૂકવીને આગામી 3 વર્ષ માટે રિન્યુ કરી શકાતો હતો. એટલે કે અમેરિકામાં 6 વર્ષ રહેવા માટે H-1B વિઝાનો કુલ ખર્ચ 11 થી 13 લાખ રૂપિયાની આસપાસ થતો હતો.

# ફ્રેન્ચ ટીચરે 89 સગીરો સાથે બળાત્કાર કર્યો: 50 વર્ષમાં ભારત સહિત 9 દેશોની છોકરીઓને ટાર્ગેટ બનાવી, માતા-માસીની હત્યા કરી.....

પેરિસ, તા.11

ફ્રાન્સમાં એક 79 વર્ષના નિવૃત્ત શિક્ષક પર 1960ના દાયકાથી 2022 સુધી 89 સગીરો સાથે બળાત્કાર અને યૌન શોષણનો આરોપ લાગ્યો છે. ફ્રાન્સના ગ્રેનોબલ શહેરમાં ફરિયાદી એટિયન મેન્ટોએ મંગળવારે આ કેસને સાર્વજનિક કરતા પીડિતોને આગળ આવવા અપીલ કરી.

આરોપીનું નામ જેક લેવુગલ છે. ફરિયાદી અનુસાર, જેક લેવુગલે 1967 થી 2022 ની વચ્ચે ભારત, જર્મની, સ્વિટ્ઝર્લેન્ડ, મોરોક્કો, નાઈજર, અલ્જીરિયા, ફિલિપાઈન્સ, કોલંબિયા અને ફ્રાન્સમાં સગીરો સાથે યૌન અપરાધ કર્યા. તે ફ્રેન્ચ ભાષાના શિક્ષક અને ગુફા અધ્યયન (સ્પેલિયોલોજી) ના ટ્રેનર તરીકે કામ કરતો હતો. ફરિયાદી અનુસાર, તે દરેક જગ્યાએ જઈને યુવાનોને મળતો હતો અને તેમની સાથે યૌન સંબંધ બાંધતો હતો.

પીડિતોની ઉંમર 13 થી 17 વર્ષની વચ્ચે જણાવવામાં આવી છે. તે 2024માં આરોપ નક્કી થયા પછીથી કસ્ટડીમાં છે. ફરિયાદી મુજબ, આરોપીએ તેની બીમાર માતા અને વૃદ્ધ માસીની હત્યાની વાત પણ કબૂલ કરી છે.

આ મામલો ત્યારે સામે આવ્યો જ્યારે આરોપીના ભત્રીજાને તેના પર શંકા ગઈ. ભત્રીજાએ આરોપીના રૂમની તલાશી લીધી જ્યાં તેને એક USB ડ્રાઈવ મળી, જેમાં સગીરો સાથેના તેના જાતીય સંબંધોની તસવીરો સામેલ હતી.

આ ડ્રાઈવમાં 15 ભાગમાં વિગતવાર જણાવવામાં આવ્યું હતું. તેમાં તેણે પોતે સગીરો સાથેના જાતીય સંબંધોનો ઉલ્લેખ કર્યો હતો. તપાસકર્તાઓએ આ લેખો વાંચીને 89 સગીર પીડિતોની ઓળખ કરી.

તપાસ દરમિયાન આરોપીએ 1970ના દાયકામાં પોતાની કેન્સર પીડિત માતાને ઓશીકાથી ગળું દબાવીને મારી નાખ્યાની કબૂલાત કરી. તેણે 1990ના દાયકામાં પોતાની 92 વર્ષની ફોઈની પણ ઓશીકાથી હત્યા કરી. પ્રોસિક્યુટર (અભિયોજક) અનુસાર, ફોઈએ તેને પ્રવાસ પર જવાથી રોક્યો હતો. મેન્ટોએ કહ્યું, "તેણે નક્કી કર્યું કે તે તેને પણ મારી નાખશે. જ્યારે તે સૂતી હતી, ત્યારે તેણે ઓશીકાથી તેનું ગળું દબાવી દીધું."



પોતાની ડાયરીમાં આરોપીએ લખ્યું હતું કે તેણે બે લોકોની હત્યા કરી છે. આ બંને કેસોમાં અલગથી હત્યાની તપાસ શરૂ કરવામાં આવી છે. પ્રોસિક્યુટર (અભિયોજક) અનુસાર, આરોપી પોતાના કૃત્યને એવું કહીને યોગ્ય ઠેરવે છે કે જો તે પોતે જીવનના અંતિમ તબક્કામાં આવી સ્થિતિમાં હોય, તો તે પણ ઈચ્છે છે કે કોઈ તેની સાથે આવું જ કરે. પ્રોસિક્યુટર એટિયન મેન્ટોએ દક્ષિણ-પૂર્વ ફ્રાન્સના ગ્રેનોબલમાં પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું કે આ કેસમાં આરોપીનું નામ સાર્વજનિક કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું, 'આ નામ લોકો જાણતા હોવા જોઈએ, જેથી પીડિતો સામે આવી શકે.' જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તપાસ શરૂ થઈ ત્યારે નામ કેમ જાહેર કરવામાં આવ્યું ન હતું, તો તેમણે કહ્યું કે આ એક અલગ મામલો હતો અને પહેલા કેસની તપાસ જરૂરી હતી. પાછળથી લાગ્યું કે જે પીડિતોની ઓળખ થઈ શકી નથી, તેમને સામે આવવાની તક આપવી જરૂરી છે.

ગયા વર્ષે પણ આવો જ એક કિસ્સો સામે આવ્યો હતો. મે 2024માં ફ્રાન્સની એક અદાલતે નિવૃત્ત ડોક્ટર જોએલ લે સ્કુઆર્નેકને 20 વર્ષની સજા સંભળાવી હતી. પીડિતો અને બાળ અધિકાર કાર્યકર્તાઓએ કહ્યું હતું કે આ કેસે સિસ્ટમની ખામીઓ ઉજાગર કરી, જેના કારણે તે વારંવાર ગુના કરતો રહ્યો.

જોએલ લે સ્કુઆર્નેકનો કેસ ફ્રાન્સના ઈતિહાસમાં સૌથી મોટા બાળ યૌન શોષણના કેસોમાંનો એક છે, જેણે આખા દેશને હચમચાવી દીધો. 74 વર્ષીય નિવૃત્ત ડોક્ટરે 1989 થી 2014 સુધીના 25 વર્ષમાં 299 દર્દીઓ સાથે યૌન શોષણ કે બળાત્કાર કર્યો, જેમાં મોટાભાગના બાળકો હતા. આમાંથી 256 પીડિતો 15 વર્ષથી ઓછી ઉંમરના હતા. મોટાભાગના ગુના હોસ્પિટલોમાં થયા, જ્યાં તે કામ કરતો હતો. ડોક્ટર પીડિતોને એનેસ્થેસિયા (બેહોશીની દવા) આપીને ગુના કરતો હતો. લે સ્કુઆર્નેકે પોતે આ બધા ગુના કબૂલ કર્યા અને કહ્યું કે તેણે ઘૃણાસ્પદ કામ કર્યા છે. 28 મે 2025ના રોજ અદાલતે તેને મહત્તમ 20 વર્ષની સજા ફટકારી, જે ફ્રાન્સમાં જાતીય ગુનાઓ માટે સૌથી કડક સજા છે. આ સજા તેની અગાઉની 15 વર્ષની સજા સાથે ચાલશે. તપાસમાં બહાર આવ્યું કે તેણે 1980 ના દાયકાથી જ ગુનાઓ કરવાનું શરૂ કરી દીધું હતું, પરંતુ દાયકાઓ સુધી કોઈને તેની જાણ થઈ ન હતી.

પીડિતો અને બાળ અધિકાર કાર્યકરોએ આ કેસને સિસ્ટમની ગંભીર ખામીઓનું ઉદાહરણ ગણાવ્યું. તેમણે કહ્યું કે હોસ્પિટલોમાં દેખરેખનો અભાવ, ફરિયાદો પર ધ્યાન ન આપવું અને ડોકટરોની તપાસ પ્રક્રિયામાં ઢીલાશને કારણે તે વારંવાર ગુનાઓ કરતો રહ્યો.

કેટલાક પીડિતોએ અગાઉ ફરિયાદ કરી હતી, પરંતુ તેમને ગંભીરતાથી લેવામાં આવ્યા ન હતા. આ કેસે ફ્રાન્સમાં આરોગ્ય પ્રણાલી પર સવાલો ઉભા કર્યા અને બાળ સંરક્ષણ કાયદાઓને મજબૂત કરવાની માંગ વધારી. ઘણા પીડિતોએ અદાલતમાં જુબાની આપી અને વળતરની માંગ કરી.

# કેનેડાની હાઈસ્કૂલમાં ફાયરિંગ: 25 ઘાયલ, સ્કૂલમાં 175 વિદ્યાર્થીઓ હાજર હતા, PM કાર્નીએ જર્મનીનો પ્રવાસ રદ કર્યો

ઓટાવા, તા.11

કેનેડાના બ્રિટિશ કોલંબિયા પ્રાંતના ટમ્બલર રિજ શહેરમાં મંગળવારે એક હાઈસ્કૂલમાં ગોળીબાર થયો. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, આ ઘટનામાં 9 લોકોનાં મોત થયાં છે, જ્યારે 25 ઘાયલ છે. હજુ સુધી એ જાણકારી નથી આવી કે મૃત્યુ પામેલાઓમાં કોઈ વિદ્યાર્થી છે કે નહીં. સાવચેતીના ભાગરૂપે શાળાને બંધ કરી દેવામાં આવી છે.



વિસ્તારના ધારાસભ્ય લેરી ન્યુફેલ્ડે જણાવ્યું હતું કે પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે મોટી સંખ્યામાં પોલીસ અને એમ્બ્યુલન્સની ટીમો ઘટનાસ્થળે મોકલવામાં આવી છે. તેમણે લોકોને અપીલ કરી કે જે લોકો પોતાનાં પરિવારજનોને શોધવા માટે બહાર નીકળી આવ્યા છે તેઓ પોતાના ઘરે પાછા ફરે અને ત્યાં જ સુરક્ષિત રહે.

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ આ ગોળીબાર બાદ પોતાનો જર્મની પ્રવાસ રદ કરી દીધો છે. સરકારી વેબસાઈટ અનુસાર, દુર્ઘટનાગ્રસ્ત ટમ્બલર રિજ સેકન્ડરી સ્કૂલમાં ધોરણ 7થી 12 સુધીના કુલ 175 વિદ્યાર્થી અભ્યાસ કરે છે.

રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ (RCMP)એ જણાવ્યું કે શંકાસ્પદ એક મહિલા હતી, જેણે સ્કૂલ ડ્રેસ પહેર્યો હતો અને તેના વાળ ભૂરા હતા. તેનો મૃતદેહ સ્કૂલની અંદર મળ્યો. પોલીસનું માનવું છે કે તેણે પોતાને ગોળી મારી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, બપોરે લગભગ 1 વાગ્યે ને 20 મિનિટે (ભારતીય સમય અનુસાર રાત્રે લગભગ 2 વાગ્યે) સ્કૂલમાં ગોળીબારની સૂચના મળી હતી. સૂચના મળતાં જ પોલીસ સ્કૂલની અંદર દાખલ થઈ. ત્યાં ઘણા લોકો ઘાયલ અને મૃત મળ્યા.

વડાપ્રધાન માર્ક કાર્નીએ સોશિયલ મીડિયા પર કહ્યું હતું કે તેઓ આ ઘટનાથી ખૂબ દુ:ખી છે. તેમણે પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને રાહતકર્મીઓની પ્રશંસા કરી.

હુમલાખોર ઉપરાંત અન્ય છ લોકો શાળાની અંદર મૃત હાલતમાં મળ્યા હતા. ગંભીર હાલતમાં બે ઘાયલોને હેલિકોપ્ટર દ્વારા હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા. અન્ય એક વ્યક્તિનું હોસ્પિટલ લઈ જતી વખતે રસ્તામાં મૃત્યુ થયું હતું. લગભગ 25 લોકોને સામાન્ય ઈજાઓ સાથે સ્થાનિક મેડિકલ સેન્ટરમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા.

પોલીસ અધિકારી કેન ફ્લોઈડે જણાવ્યું હતું કે શાળામાંથી લગભગ 100 વિદ્યાર્થી અને સ્ટાફને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. ગોળીબારનું કારણ હજુ સ્પષ્ટ નથી.

બ્રિટિશ કોલંબિયાના જાહેર સુરક્ષામંત્રી અને સોલિસિટર જનરલ નીના ક્રિગરે આ ગોળીબારને 'હૃદયદ્રાવક' ગણાવ્યો છે. તેમણે કહ્યું હતું કે તેમની સરકાર લોકોની મદદ માટે શક્ય તમામ મદદ કરશે. ક્રિગરે જણાવ્યું હતું કે RCMPએ ટમ્બલર રિજમાં જારી કરાયેલ ઈમર્જન્સી એલર્ટ સમાપ્ત કરી દીધું છે. પોલીસનું માનવું છે કે હવે કોઈ અન્ય શંકાસ્પદ ફરાર નથી અને સામાન્ય લોકો માટે કોઈ ખતરો નથી. આ દરમિયાન ટમ્બલર રિજના એલિમેન્ટરી અને સેકન્ડરી શાળાઓને આ અઠવાડિયા માટે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## તંત્રી લેખ

# ડિજીટલ ડિટોક્સ થી પ્રતિબંધ સુધી ગોવા-કર્ણાટક યુવાધનને બચાવશે

ગાઝિયાબાદની ત્રણ બહેનોએ નવમા માળેથી કૂદીને આપઘાત કર્યો તે વાત હજુ લોકોના મનમાં તાજી જ છે. કોરિયન ઓનલાઈન ગેમના વ્યસને તેમનો ભોગ લીધો હોવાનું કહેવાયું હતું. અનેક રાજ્યો ઓનલાઈનના કેટલાક દૂષણોને નાથવા પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ માત્ર કર્ણાટક અને ગોવાની સરકારે ૧૬ વર્ષની અંદરની બાળકો માટે સોશ્યલ નેટવર્ક પર પ્રતિબંધ માટે વિચાર્યું છે. ઓસ્ટ્રેલિયાએ ૧૬ વર્ષની અંદરના સોશ્યલ નેટવર્ક જોઈ ના શકે તે માટે પ્રતિબંધની તલવાર ઉગામી છે. ગાઝિયાબાદની ઘટના બની તેના કેટલાક મહિના પહેલાં કર્ણાટકની કોંગ્રેસ સરકારે ૧૬ વર્ષની અંદરના છોકરાઓને શોશ્યલ નેટવર્કથી દૂર રાખવા તેના પર પ્રતિબંધ મુકવા વિચાર્યું હતું. ગોવાની સરકારે પણ કહ્યું છે કે અમે ટૂંક સમયમાં ૧૬ વર્ષની અંદરના છોકરાઓ માટે સોશ્યલ નેટવર્ક પર પ્રતિબંધ મુકી રહ્યા છીએ. ઓસ્ટ્રેલિયા ઈન્સટાગ્રામ, ફેસબુક, એક્સ પર પ્રતિબંધ મુકી રહ્યું છે. કર્ણાટક પણ ઓસ્ટ્રેલિયાએ અપનાવેલા માર્ગ પર આગળ ચાલવા માંગે છે. ૧૬ વર્ષની અંદરના છેકરાઓ સોશ્યલ નેટવર્ક પર ખૂંપેલા રહે છે અને શિક્ષણ પ્રત્યે ધ્યાન નથી આપતા તેવી ફરિયાદો તેમજ સોશ્યલ નેટવર્ક સાથે કેટલાક દૂષણોની અસર છોકરાઓના મગજ પર વહેલી થતી હોય છે. તેમની મુગ્ધા વસ્થાનો ઉપયોગ સોશ્યલ નેટવર્ક પરના ખલનાયકો કરતા હોય છે અને કેટલીક વાર તે આખો દિવસ સોશ્યલ નેટવર્ક પર બેસી રહીને મહત્વના એવા શિક્ષણ પર ધ્યાન આપવાનું ભૂલી જાય છે.

એક તરફ ડિજીટલ ડિટોક્સની વાત ચાલે છે પરંતુ અહીંતો ૧૬ વર્ષથી નીચેના માટે ઈન્ટરનેટ જોવા પર પ્રતિબંધની તૈયારી કરવામાં આવી રહી છે. ડિજીટલ ડિટોક્સમાં કેટલાક સમય માટે ડિજીટલ દુનિયાથી દૂર રહેવાની શિખામણ આપવામાં આવે છે. ડિજીટલ ડિટોક્સ માટે વારંવાર સલાહ આપવામાં આવે છે. જેમાં ડિજીટલ ઉપકરણોથી કેટલોક સમય દૂર રહેવાની સલાહ આપવામાં આવે છે તેના કારણે માનસિક આરામ પણ મળે છે અને અન્ય પ્રવૃત્તિ તરફ ધ્યાન કેન્દ્રીત કરી શકાય છે. લોકો આઉટડોર ગેમ્સ રમતા થાય તેવા પ્રયાસો ડિજીટલ ડિટોક્સના પગલે જોવા મળે છે.

ગાઝિયાબાદની આઘાતજનક ઘટનાએ દરેક રાજ્યને સોશ્યલ નેટવર્કની સાથે ઓનલાઈન ગેમ્સ પર પ્રતિબંધ મુકવા માટે વિચારતા કરી દીધા છે. ઈન્ટરનેટના પગલે છોકરાઓના મનમાં પ્રવેશતા દૂષણો ગંભીર પરિણામો લાવી શકે છે. છોકરાઓ ઈન્ટરનેટ પર જોવા મળતા અનેક દૂષણોનો ભોગ બને છે. યુટયબ પરની સેક્સી ફિલ્મો, વોટ્સએપ પરના મેસેજો એને સેક્સી રીલ તેમના મગજમાં ગલગલીયાં કરાવે છે અને તે વધુ જાણવા મથે છે. છોકરાઓ ડેટીંગ સાઈટનો ઉપયોગ કરતા થયા છે. તેમાં પોતે ૨૧ વર્ષથી વધુ ઉંમરના હોવાની ખાતરી એક ટીક કરીને આપી દે છે.

છેલ્લા કેટલાક સમયથી ટીનેજર્સ દ્વારા બળાત્કાર થયાની ઘટના પ્રકાશમાં આવી છે. બળાત્કાર અને સેક્સસંબંધી વાતો તે ઓનલાઈન પર ફરતી પોસ્ટમાંથી શીખે છે.તેમના વાલીઓ પોતાની મસ્તીમાં હોય છે. પોતાના સંતાનો મોબાઈલમાં શું જુવે છે તેનું વાલીઓ ૨૪ કલાક ધ્યાનરાખી શકતા નથી. હવે જ્યારે ઓનલાઈન શિક્ષણ વધવા લાગ્યું છે ત્યારે તેનો મોબાઈલ પણ લઈ શકાતો નથી. ઓસ્ટ્રેલિયાએ લીધેલું પગલું ઉત્તમ છે. પોતાના દેશના યુવાધનને ઈન્ટરનેટ પરની બદીઓથી બચાવવા સરકાર હાથ જોડીને બેસી રહે તે ચલાવી શકાય નહીં. ગોવા અને કર્ણાટકના આઈડયા સાથે ગુજરાતે પણ જોડાવાની જરૂર છે.

**પક્ષીઓ માટે ધ્વનિ માત્ર એક અવાજ નહીં પણ તેમના સમગ્ર અસ્તિત્વનો આધાર છે. તેમની અસ્તિત્વ, સંચાર, પ્રજનન, દિશા નિર્દેશન અને બીજી ઘણી બાબતો ધ્વનિ ઉપર આધાર રાખે છે. વર્તમાન સમયમાં સ્થિતિ એવી થઈ છે કે, જેમ જેમ શહેરોમાં શોરબકોર વધતો ગયો છે, માનવીય કામગીરીઓ વધી રહી છે તેમ તેમ પર્યાવરણ ઉપર વિપરિત અસર પડતી રહી છે : પક્ષીઓ અવાજ દ્વારા જ એકબીજા સાથે કોમ્યુનિકેટ કરતા હોય છે. તેમના અવાજમાં રહેલી તીવ્રતાના આધારે જ તેમનો પ્રેમ, તેમનો વિરોધ, તેમનો ભય, તેમનો સંકેત, પોતાના વિસ્તારનું રક્ષણ, સામાજિક માળખું, પરિવારની ઓળખ બધું જ સંકળાયેલું હોય છે**

# ધ્વનિ પ્રદુષણ પક્ષીઓ માટે જીવલેણ સાબિત થઈ રહ્યું છે

## ધ્વનિ પ્રદુષણને કારણે પક્ષીઓ રોજિંદી કામગીરી કરી શકતા નથી, મેટિંગ કરી શકતા નથી અને તેમનું નેવિગેશન પણ ખોટકાઈ રહ્યું છે

શહેરીકરણ અને ટેક્નોલોજીના વિકાસની જે દોડ ચાલી રહી છે તેમાં આજે દુનિયા ઘણા આગળ નીકળી ગઈ છે. આ વિકસતા જતા વિશ્વમાં જે સમસ્યાઓ સર્જાઈ રહી છે તેના તરફ કોઈનું ધ્યાન જતું નથી. વિકાસના પથ ઉપર દોડતી દુનિયા દ્વારા ચારેતરફ વિવિધ પ્રકારનું પ્રદુષણ ફેલાવવામાં આવ્યું છે. દુનિયાની આ ઝડપમાં એક એવું પ્રદુષણ વધ્યું છે જેની હજી પણ ધરાર અવગણના થઈ રહી છે, તે છે ધ્વનિ પ્રદુષણ. દુનિયાભરમાં ધ્વનિ પ્રદુષણની સમસ્યા ગંભીર રીતે વકરી રહી છે પણ તેના નિવારણ અંગે ખાસ પગલાં લેવામાં આવતા નથી. આ એક એવું પ્રદુષણ છે જેના અવશેષો દેખાતા નથી પણ ધીમે ધીમે તેની અસર વ્યાપક થતી જાય છે અને તેનાથી થતા નુકસાન પણ દૂરોગામી હોય છે. આ નુકસાન સમગ્ર પારિસ્થિતિક તંત્રને અસંતુલિત કરી નાખે છે. પર્યાવરણને તેનાથી જે નુકસાન થાય છે તે આપણે કલ્પી પણ શકતા નથી.

પક્ષીઓ માટે ધ્વનિ માત્ર એક અવાજ નહીં પણ તેમના સમગ્ર અસ્તિત્વનો આધાર છે. તેમની અસ્તિત્વ, સંચાર, પ્રજનન, દિશા નિર્દેશન અને બીજી ગણી બાબતો ધ્વનિ ઉપર આધાર રાખે છે. વર્તમાન સમયમાં સ્થિતિ એવી થઈ છે કે, જેમ જેમ શહેરોમાં શોરબકોર વધતો ગયો છે, માનવીય કામગીરીઓ વધી રહી છે તેમ તેમ પર્યાવરણ ઉપર વિપરિત અસર પડતી રહી છે. શહેરોની આસપાસ પ્રાકૃતિક વાતાવરણ નષ્ટ થઈ ગયું છે અને નષ્ટ થઈ રહ્યું છે. તે ઉપર જ સમગ્ર સજીવ સૃષ્ટિ ટકેલી છે અને પક્ષીઓનું જીવન પણ તેનો જ એક ભાગ છે.

આપણી આસપાસ કોયલના ટહુકા સંભળાતા હતા, મોરના ટહુકા સંભળાતા હતા, ચકલીઓની ચીં..ચીં..ના સ્વર આવતા હતા, કાબરોનો કલબલાટ થતો હતો. તે સિવાય મેના, પોપટ, કબુતર, હોલા, કાગડા, બુલબુલ અને બીજા ઘણા પક્ષીઓ આપણી આસપાસ વસતા હતા. તેમનો અવાજ આપણને મંત્રમુગ્ધ કરતો હતો અને તેમના અસ્તિત્વને ટકાવી રાખતો હતો. તેઓ આ અવાજ દ્વારા જ એકબીજા સાથે કોમ્યુનિકેટ કરતા હોય છે. તેમના અવાજમાં રહેલી તિવ્રતાના આધારે જ તેમનો પ્રેમ, તેમનો વિરોધ, તેમનો ભય, તેમનો સંકેત, પોતાના વિસ્તારનું રક્ષણ, અજાણ્યા ખતરા સામે સાવધાની, સામાજિક માળખું, પરિવારની ઓળખ બધું જ સંકળાયેલું હોય છે. પક્ષીઓના આ જ અવાજને આપણા કારખાનાઓ અને ફેક્ટરીઓના ઘોંઘાટે, ગાડીઓના ઘોંઘાટ અને વાહનોના હોર્નના અવાજે દબાવી દીધા છે. ચારેકોર એટલો કોલાહલ છે કે, પક્ષીઓ એકબીજાનો અવાજ સ્પષ્ટ રીતે સાંભળી શકતા જ નથી.

જાણકારોના મતે દરેક પક્ષી પોતાના હેબિટેટ પ્રમાણે ચોક્કસ અવાજ, તેની શૈલી, તેની મર્યાદા અને તેના લક્ષણો વિકસાવે છે. તેના દ્વારા જ તે કોમ્યુનિકેશન નેટવર્ક વિકસાવે છે.

હવે સ્થિતિ એવી થઈ રહી છે, વાહનોના કારણે ચારેકોર ટ્રાફિક વધી રહ્યો છે, બાંધકામ ચાલી રહ્યા છે, ઔદ્યોગિક મશિનો ઘોંઘાટ કરી રહ્યા છે, વિમાનોનો અવાજ આવી રહ્યો છે, શહેરી વિસ્તારોમાં કોલાહલ વધી રહ્યો છે તથા શહેરી વિસ્તારો ખસત ખસતા જંગલો ઘટાડી રહ્યા છે. આ શહેરી વિસ્તારોમાં જ પક્ષીઓ રહેવા મજબૂર બન્યા છે. તેના કારણે તેમનો અવાજ પણ દબાઈ ગયો છે. તેઓ જ્યારે એકબીજા સાથે વાત કરતા હોય છે ત્યારે બાહ્ય ઘોંઘાટના



કારણે મુશ્કેલી સર્જાય છે. તેમનો સંવાદ અટકી જાય છે. તેના કારણે તેઓ એકબીજાને જે સંકેત આપવા માગે છે તે યોગ્ય રીતે પહોંચી શકતા નથી. આ મિસકોમ્યુનિકેશનની અસર માત્ર તે પક્ષી ઉપર નહીં પણ તેના સમગ્ર જીવનચક્ર અને તેની સાથે જોડાયેલા અન્ય પક્ષીઓ ઉપર પણ પડે છે. આ ઘોંઘાટ અને કોલાહલને કારણે ઘણા પક્ષીઓની પ્રજાતી વિલુપ્ત થઈ ગઈ અને ઘણાની પ્રજાતી વિલુપ્ત થવાના આરે આવી ગઈ છે.

ચિંતાજનક બાબત એવી પણ છે કે, ધ્વનિ પ્રદુષણની અસર પક્ષીઓની પ્રજનન ક્ષમતા ઉપર પણ પડી છે. જાણકારોના મતે પક્ષીઓ તેમના અવાજ, ગાયન અને નર્તન દ્વારા તેમના મેટિંગ માટે સાથીની પસંદગી કરતા હોય છે. આ જોડીઓ બનાવવામાં તેમનો અવાજ સૌથી મોટી ભૂમિકા ભજવે છે. સાથીની પસંદગી, તેને સંવનન માટે આવકાર, મનાવવું, જોડી બનાવવી તે બધું જ અવાજની આપ-લે ઉપર આધાર રાખે છે. જાણકારોના મતે માદા પક્ષી તેવા જ નરની પસંદગી કરે છે જેનો અવાજ સ્પષ્ટ, જેનું ગીત મનમોહક અને શક્તિશાળી તથા જેની ફ્રિક્વન્સી લાંબા અંતર સુધી જતી હોય.

માદા પક્ષીઓ માને છે કે, આવા નર જ આનુવંશિક રીતે સારા ગુણો ધરાવતા બચ્ચાને જન્મ આપવા માટે અને મેટિંગ માટે સક્ષમ છે.

સ્થિતિ એવી થઈ છે કે, ચારેતરફ ઘોંઘાટ વધી ગયો છે. તેના કારણે પક્ષીઓને પોતાના અવાજ અને ગાયનમાં ફેરફાર કરવાની ફરજ પડી છે. તેઓ હવે અવાજ ખૂબ જ ઉંચા સ્કેલ ઉપર લઈ જઈ રહ્યા છે અથવા તો તેમનું ગાયન ટુંકાવીને નર્તન ઉપર ભાર મુકવા મજબૂર બન્યા છે. તેમના દ્વારા કરવામાં આવેલું આ પરિવર્તન તેમની સમસ્યાનો કામચલાઉ ઉકેલ બની શકે છે પણ તેની મધુરતા અને પ્રભાવ ઘટી ગયા છે. તેના કારણે માદાઓની ઈંડા મુકવાની ક્ષમતાને પણ અસર થઈ છે.

પક્ષીઓના ઈંડાની સંખ્યા ઘટી રહી છે. તે સિવાય ઈંડામાંથી બચ્ચા નીકળવાની સમયમર્યાદા પણ વધી રહી છે ક્યાં ઘટી રહી છે. તે ઉપરાંત ઈંડા પણ ફલિત થઈને બચ્ચા આવશે જ તેવી શક્યતાઓ પણ ઘટવા લાગી છે. તેના કારણે ઘણી પ્રજાતીના પક્ષીઓની વસતીમાં મોટો ઘટાડો થયો છે.

બીજી ગંભીર અસર એ થઈ છે કે, પક્ષીઓમાં તણાવનું પ્રમાણ વધ્યું છે. ધ્વનિ પ્રદુષણના કારણે પક્ષીઓ શિકારીઓની ઓળખ કરી શકતા નથી, ભય અને ખતરાના આભાસને પામી શકતા નથી અને સતર્ક થઈ શકતા નથી અથવા કરી શકતા નથી. સામાન્ય રીતે પ્રાકૃતિક વાતાવરણમાં પાંદડાનો અવાજ, ડાળીઓનો અવાજ, અન્ય પક્ષીઓનો શોરબકોર અથવા તેમનો ભયનો સંકેત, ચેતવણી અથવા બચાવ માટેનો અવાજ પણ બાકીના પક્ષીઓને સતર્ક કરી દે છે. જેમ જેમ શહેરીકરણ વધ્યું છે, જંગલો ઘટયા છે અને ઘોંઘાટ વધ્યો છે તેમ તેમ પક્ષીઓનું આ સાંકેતિક નેટવર્ક ઘટયું છે. તેના પરિણામે પક્ષીઓને સતત સતર્ક રહેવું પડે છે. તેમની ઉંઘ, તેમના આરામ, તેમના ભોજન અને બાકીના કાર્યોમાં પણ તેની વિપરિત અસર જોવા મળી છે. સતત સતર્ક રહેવાના કારણે લાંબાગાળે તેમની ડિફેન્સિવ સિસ્ટમ ધીમી પડી રહી છે. ધ્વનિ પ્રદુષણના કારણે જ પક્ષીઓનું અસ્તિત્વ જોખમાઈ રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, માણસ દ્વારા ફેલાઈવાઈ રહેલું ધ્વનિ પ્રદુષણ અને કૃત્રિમ પ્રકાશનું પ્રદુષણ અને મોબાઈલ ટાવરના તરંગોના કારણે પણ પક્ષીઓને ખૂબ જ નુકસાન થયું છે. પક્ષીઓ મોટા ભારે રોજિંદા જીવનમાં પણ પોતાના સમગ્ર હેબિટેટમાં આમથી તેમ ઉડતા હોય છે અને ભોજન શોધતા હોય છે, સાથી શોધતા હોય છે અને જીવન પસાર કરતા હોય છે. તે ઉપરાંત શિયાળાના સમયમાં વ્યાપક પ્રમાણમાં વિદેશી પક્ષીઓ માઈગ્રેશન કરીને વિવિધ સ્થળોએ જતા હોય છે.

ભારતમાં પણ અનેક દેશોમાંથી પક્ષીઓ આવતા હોય છે. આ પક્ષીઓ ધ્વનિ તરંગો દ્વારા પોતાના પ્રવાસની દિશા, ગતિ, જગ્યા બધું જ નક્કી કરતા હોય છે. તેમના આ ધ્વનિ તરંગો જ તેમના મુખ્ય સંકેત હોય છે. જાણકારો માને છે કે, હાલમાં થઈ રહેલો ભયાનક ઘોંઘાટ, રાત્રી દરમિયાન ચાલુ રહેતી લાઈટો અને તેનું અત્યંત અજવાળું, મોબાઈલ નેટવર્ક માટે લગાવેલા ટાવરોમાંથી નીકળતા તરંગો પક્ષીઓના પોતાના નેટવર્કને અને નેવિગેશનને નુકસાન પહોંચાડે છે. કૃત્રિમ ઘોંઘાટ તેમના ધ્વનિ તરંગોને અવરોધે છે અને તેના કારણે તેઓ દિશાથી ભટકે છે. તેઓ ઘણી વખત સાચી દિશામાં પાછા જઈ શકતા નથી અથવા તો ઘણા કિસ્સામા સાચી દિશામાં પહોંચી શકતા નથી. બીજી તરફ કૃત્રિમ રોશની અને પ્રકાશ પ્રદુષણની વાત કરીએ તો તેનાથી પણ પક્ષીઓને ખૂબ જ નુકસાન થઈ રહ્યું છે. ઘણા કિસ્સા સામે આવ્યા છે જેમાં પ્રકાશના કારણે પક્ષીઓ અંજાઈ જાય છે અને ઈમારતો સાથે અથડાય છે. દિવસ દરમિયાન પણ મોટી ઈમારતોમાં લગાવેલા રિફ્લેક્ટર ગ્લાસના કારણે સૂર્યપ્રકાશ પાછો ફેંકાય છે અને પક્ષીઓની આંખો અંજાઈ જાય છે. તેના કારણે પણ તેમના અકસ્માત થવાના કિસ્સા સામે આવ્યા છે.

જાણકારોના મતે સ્થિતિ એવી થઈ રહી છે કે, પક્ષીઓનો નાશ થઈ રહ્યો છે અથવા તો તેઓ પોતાનું હેબિટેટ છોડે બીજે જવા લાગ્યા છે. તેની અસર એ થઈ છે કે, બીજ ફેલાવવાની પ્રક્રિયા, કિટકોની સંખ્યાને મર્યાદિત કરવાની પ્રક્રિયા અને બીજી બાબતો ખોરવાઈ રહી છે. પર્યાવરણની ફૂડ સાઈકલ પણ ખોટકાઈ રહી છે. વાયુ પ્રદુષણ અને જમીન પ્રદુષણ કે જળ પ્રદુષણ તો પર્યાવરણને નુકસાન પહોંચાડે જ છે પણ અવગણાયેલું આ ધ્વનિ પ્રદુષણ પણ પક્ષીઓનો નાશ કરવાની સાથે સાથે કુદરતની કડીને ખોરવી રહ્યું છે.

# દિલ્હીમાં બિશ્નોઈ ગેંગનો વધતો દબદબો

દિલ્હી-એનસીઆર દેશની રાજધાની છે અને અહીં ઝેડ સિક્યુરીટીવાળી બે ડઝનથી વધુ વ્યક્તિઓ રહે છે. આમ જોવા જઈએ તો દિલ્હીની ગણના દેશના એક સૌથી સુરક્ષીત શહેર તરીકે થવી જોઈએ. જોકે હકીકત એવી છે કે, દિલ્હીમાં રાત્રે ૮ વાગ્યા પછી બહાર નીકળતા યુવતીઓ ડરે છે અને પોશ ગાડીમાં ફરતા ઉદ્યોગપતિઓ-બિઝનેસમેનો પણ સતત અસલામતી અનુભવે છે. ખંડણી માટે દરરોજ અપહરણો અને હત્યા થતા રહે છે. દિલ્હીના બવાના વિસ્તારમાં બિઝનેસમેન વૈભવ ગાંધીની હત્યા થઈ ત્યારે આ વાત ફરીથી સાબિત થઈ છે. આ હત્યાની જવાબદારી લોરેન્સ બિશ્નોઈ ગેંગે લીધી છે. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર બિશ્નોઈ ગેંગના ગેંગસ્ટરે આ હત્યાની જવાબદારી સ્વિકારી છે. ગેંગના કહેવા પ્રમાણે એમણે આ હત્યા લૂંટફાટ માટે નહીં, પરંતુ એક ખંડણીના કેસમાં બિઝનેસમેનએ વચેટીયાની ભૂમિકા ભજવી હોવાથી કરી છે.

ભૂતપૂર્વ આર્મી ચીફ જનરલ એમએમ નરવણેના પુસ્તક 'ફોર સ્ટાર્સ ઓફ ડેસ્ટીની' કઈ રીતે લીક થયું એ સવાલ અત્યાર સુધી રાજકીય વર્તુળોમાં પૂછાતો હતો.

હવે આખો કિસ્સો દિલ્હી પોલીસ સમક્ષ ગયો છે. પોલીસે 'ઓપરેશન ફોર સ્ટાર્સ' શરૂ કરી દીધું છે. હવે તપાસ થશે કે જે પુસ્તક પ્રકાશીત કરવાની સહમતી ભારત સરકારે નહોતી આપી એ પુસ્તક ભારતમાં કઈ રીતે વેચાઈ રહ્યું છે? પુસ્તક કયાં છપાયું? કોણે છાપ્યું? કોણે સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યું? જેવી બાબતોની પોલીસ તપાસ કરશે. તપાસ રાહુલ ગાંધીના ઘર સુધી પહોંચશે. આખી વાત ઓફિસયલ સિક્રેટ એક્ટ અને નેશનલ સિક્યુરીટી સાથે જોડાયેલી છે. એટલા માટે પગલા પણ ગંભીર લેવાશે. જેમણે આ પુસ્તકના કન્ટેન્ટ લીક કર્યા છે એમની પૂછપરછ પણ કરવામાં આવશે.

ઉત્તર પ્રદેશના સંભલમાં



ડીએસપી રહેલા અનુજ ચૌધરીને અલ્હાબાદ હાઈકોર્ટે રાહત આપી છે. સીજેએમએ અનુજ ચૌધરી સહીત ૨૨ પોલીસ અધિકારીઓ વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવાનો હુકમ કર્યો હતો. હાઈકોર્ટે સીજેએમ કોર્ટના આ હુકમ સામે સ્ટે આપ્યો છે. હવે પાંચ અઠવાડિયા પછી કેસની સુનાવણી થશે. સંભલ જામા મસ્જિદના સર્વે દરમિયાન થયેલી હિંસા સંદર્ભે સંભલના તત્કાલ સીઓ અનુજ ચૌધરી અને બીજા અધિકારીઓ સામે એફઆઈઆર દાખલ કરવાનો હુકમ કર્યો હતો. આ હુકમને અનુજ ચૌધરી ઉપરાંત રાજ્ય સરકારે પણ હાઈકોર્ટમાં ચેલેન્જ કર્યો હતો. સંભલમાં થયેલી હિંસા વખતે અનુજ ચૌધરી અને એની પોલીસ ટીમ ફક્ત સંભલ જ નહીં, સમગ્ર ઉત્તર પ્રદેશમાં હીરો બની ગયા હતા. અનુજ ચૌધરીની કામગીરીનો વિડિયો ખૂબ વાયરલ થયો હતો.

બિહાર વિધાન પરિષદમાં થયેલી ધાધલીના સમાચાર આખા દેશમાં ચમક્યા છે. સ્પિકરે તમામ વિરોધપક્ષ પર કાર્યવાહી કરી છે. સ્પિકરે એક દિવસ માટે તમામ એમએલસીને ગૃહમાંથી બહાર કાઢી મૂક્યા છે. એમણે માર્શલને હુકમ કરીને તમામ વિરોધપક્ષના એમએલસીને બહાર કઢાવ્યા હતા. ત્યાર પછી ગરમાગરમી વધી ગઈ હતી. બહાર આવીને વિરોધપક્ષે સત્તાપક્ષ પર ગંભીર આરોપો મૂક્યા હતા. એમણે કહ્યું હતું કે અમારો અવાજ દબાવવાની કોશિષ થાય છે. ગૃહમાં કાર્યવાહી શરૂ થતા પહેલા વિપક્ષે વિરોધ પ્રદર્શન કર્યું હતું. આરજેડીના એમએલસી અબ્દુલ બારી સિદ્દીકીએ કહ્યું હતું કે મુખ્યમંત્રી નિતિશકુમારે વિરોધપક્ષના રાબડી દેવી સાથે જે વ્યવહાર કર્યો હતો એ ખોટો હતો. એમણે માફીની માંગણી કરી હતી. સ્પિકરે વિરોધ પક્ષ તરફ જોઈને કહ્યું હતું કે, તમને મારી તટસ્થતા પર સંદેહ હોય તો હું માફી માંગુ છું. આ સાંભળીને વિરોધપક્ષોએ કહ્યું હતું કે સ્પિકર હોશમા લાગતા નથી.

રાજકારણમાં અચાનક મૃત્યુ સત્તાના સમીકરણ બદલી નાખે છે. ભૂતકાળમાં આપણે આ જોઈ ગયા છીએ. પ્રમોદ મહાજન, ગોપીનાથ મુંડે અને અજીત પવાર જેવી વ્યક્તિઓના મૃત્યુ પછી એમનો વારસો સચવાઈ ગયો છે. જોકે ત્યાર પછી જ આંતરીક સ્પર્ધા શરૂ થાય છે. અજીત પવારના મૃત્યુ પછી હવે પવાર કુટુંબ સમક્ષ એક પ્રશ્નો ઉભો થયો છે.

એનસીપીએ હવે અજીત પવારના ઉત્તરાઅધિકારી શોધવા જોઈએ કે શરદ પવારના. અજીત પવાર જ્યાં સુધી હયાત હતા ત્યા સુધી શરદ પવારના ઉત્તરાઅધિકારી તરીકે એમનું નામ લેવામાં આવતું હતું. હવે અજીત પવારના પત્ની સુનેત્રા પવારે ઉપમુખ્યમંત્રી તરીકે સોગંદ લીધા પછી લાગતુ નથી કે તેઓ શરદ પવારના ઉત્તરાઅધિકારીને સ્વિકારે. અજીત પવારના બે પુત્રોમાંથી ભવિષ્યમાં કયો પુત્ર વારસદાર બનશે એ વિશે પણ ચર્ચા થઈ રહી છે.

આસામ ભાજપના સોશ્યલ મીડિયા એક્સ પર એક વિવાદીત વિડિયો હટાવી લેવામાં આવ્યો છે. આ વિડિયોમાં આસામના મુખ્યમંત્રી હેમંત બિસ્વા સરમાને એક રાયફલ સાથે બતાવવામાં આવ્યા હતા. આ વિડિયોમાં એઆઈ દ્વારા તૈયાર કરવામાં આવેલો ભાગ જોડી દેવામાં આવ્યો હતો.

વિડિયોમાં દાઢી અને સફેદ ટોપી પહેરેલા પુરુષોની તસવીરોને ગોળીઓ લાગતી બતાવવામાં આવી હતી. આ વિડિયો પોસ્ટ થયા પછી ખૂબ ટીકા થઈ હતી. વિરોધ પક્ષે તેમજ સામાજીક કાર્યકર્તાઓએ આ વિડિયોને ભડકાઉ અને ખતરનાક ગણાવ્યો હતો. ટીકાકારોનું કહેવું હતું કે આ વિડિયો કોઈ એક ખાસ સંપ્રદાયને નિશાન બનાવે છે અને વિડિયોને કારણે સામાજીક તણાવ વધી શકે છે. આ વિડિયોમાં 'ફોરેનર ફ્રી આસામ' અને 'નો મર્સી' જેવા વાક્યો પણ લખવામાં આવ્યા હતા.

અમેરિકાએ બાંગ્લાદેશથી આવતા સામાન પર મુકેલો ૧૯ ટકા ટેરીફ રદ કરી નાખ્યો છે. આ નિર્ણય બંને દેશો વચ્ચેની વેપાર સમજુતી પછી લેવામાં આવ્યો છે.

જો બાંગ્લાદેશમાં બનેલા કપડા માટે કાચો સામાન અમેરિકા તૈયાર કરશે તો આ કપડા પર અમેરિકામાં કોઈ ટેક્સ લાગશે નહીં. બાંગ્લાદેશમાં કામચલાઉ મુખ્ય સલાહકાર મોહમદ યુનુસ ટ્રમ્પને મળવા અમેરિકા ગયા હતા. એમણે પોતાની સફળતા વિશે સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું હતું કે, બાંગ્લાદેશથી નિકાસ થયેલા કપડા પર ટેરીફ માફ કરવા માટે અમેરિકા તૈયાર થઈ ગયું છે.

શરૂઆતમાં અમેરિકાએ બાંગ્લાદેશ સાથેની વાતચીતમાં નમતૂ જોખ્યું નહોતું. જોકે પાછળથી અમેરિકાએ કોઈ પણ કારણસર બાંગ્લાદેશની શરતો મંજૂર રાખી હતી. આ નિર્ણયને કારણે બાંગ્લાદેશનો ડુબતો કાપડ ઉદ્યોગ ફરીથી બેઠો થશે એવી શક્યતા છે.

## વિશ્વાસ અને સહનશક્તિ આ બે વસ્તુ બધા સંબંધમાં જરૂરી છે,

# વિશ્વાસથી સંબંધ બંધાય છે,અને સહનશક્તિથી સંબંધ જળવાય છે



વિશેષ

યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

આજે આપણે ચિંતનાત્મક લેખમાં જોઇએ તો પિતાના અંતિમ સંસ્કારમાંથી પાછા ફરતા સિદ્ધાર્થની આંખોમાંથી અવિરત આંસુ વહેતા રહ્યા.તે કદાચ પાછા ફરતા લોકોની આગળ ચાલ્યો હશે,પણ તેનુંમન પણ એટલું જ ઝડપથી દોડી રહ્યું હતું.તેના સાથીઓએ તેના ખભા પર હાથ રાખીને સાંત્વના આપી, પણ તે જાણતો હતોકે આઆંસુ ખરેખર પસ્તાવાના આંસુ છે.તેને સતત પસ્તાવો થતો હતો કે તેણે તેના પિતાની સલાહ કેમ ન માની તેણે હંમેશા જે ટાળવાનું કહ્યું હતું તે તેણે શા માટે કર્યું?બેચેન મન સાથે,તે કોઈક રીતે થાકેલા પગલાઓ સાથે ઘરે પહોંચ્યો,પરંતુ હવે કોઈ તેની સાથે વાત કરતું ન હતું.કોઈ તેને પ્રેમ અને નિઃસ્વાર્થ તાથી સાંત્વના આપતું ન હતું.તે એકાંતમાં ગયો અને ફરીથી રડી પડ્યો.તેનેલાગ્યું કે કદાચ તેના આંતરજ્ઞાતિય લગ્ન તેના પિતાના મૃત્યુનું કારણ બન્યું હશે.ગયા મહિને જ,તેણે તેના પિતાનેજાણ કર્યા વિના પોતાની સ્વતંત્ર ઈચ્છા ના મંદિરમાં લગ્ન કર્યા હતા.તેણે એક વાર પણ પાછળ ફરીને પિતાના આશીર્વાદ લેવાનું યોગ્ય માન્યું ન હતું અને શહેર છોડી દીધું હતું. તેના વિના તેના માતાપિતા કેવા હશે તે વિશે વિચાર્યા વિના?તે કેવો ભય હતો, પિતા અને પુત્ર વચ્ચે કેવો સંદેશા વ્યવહારનું અંતર રહેલું હતું?જેણે તેને તેના પિતાનો સામનો પણ ન કરવા દીધો.કાશ તેણે તેના પિતાને તેના હૃદયની વાત કહી હોત.પિતા તેને ખૂબ પ્રેમ કરતા હતા.અને માતા?તેણેમાતા ને કહેવું જોઈતું હતું. કદાચ ના.. ના.પિતાએ ચોક્કસપણે તેનાલગ્ન મનોરમા સાથે કરાવ્યા હોત. તે જાતિવાદમાં માનતો ન હતો.શું તે તેના એક માત્ર પુત્રની વાત પણ નહીં સાંભળે?તેણે કર્યું હોત.તેણે ભૂલ કરી હતી,અને તેને આટલી કડક સજા મળી છે.હવે જો તે માફી માંગવા માંગતો હોય તો પણ તે કોને પૂછી શકે છે?શું સમય ક્યારેય પાછો ફેરવીશકાય છે?બસ,મનોરમાના કરુણ અવાજે સિદ્ધાર્થની ધ્યાનવસ્થાને તોડી નાખી.તે કહી રહી હતી, 'સિદ્ધાર્થ,તમારી જાતને તૈયાર રાખો.હવે,માતાને જુઓ.તે રડવા થી ખરાબ હાલત માં છે. તે વારં વાર બેહોશ થઈ રહી છે. મેં ડોક્ટર અંકલને ફોન કર્યો છે. તે ટૂંક સમયમાં ત્યાં આવશે. હવે, ચાલો.તમે ક્યાં સુધી માતાનો સામનો કરવાનું ટાળશો? માતા એ અમને માફ કરી દીધા છે. તેણીએ મને ભેટી પડી છે,મને 'દીકરી' કહીને બોલાવી છે. હવેથી, હું તેનું ધ્યાન રાખીશ.'તું ચિંતા ના કર અને તારી માતા પાસે જા. મનોરમાના શબ્દોથી સિદ્ધાર્થ થોડો શાંત થયો. તે પોતાની જાતને શાંત કરીને તેની માતાના રૂમમાં ગયો, તેને ગળે લગાવીને રડ્યો. ત્રીજા દિવસે, જ્યારે સિદ્ધાર્થે તેના પિતાનો કપડા ખોલ્યો, ત્યારે તેને એક પત્ર મળ્યો.તેમાં લખ્યું હતું,'પ્રિય પુત્ર, સિદ્ધાર્થ.'ધ્રૂજતા હાથે સિદ્ધાર્થે પત્ર ખોલ્યો.તેમાં લખ્યું હતું, 'સિદ્ધાર્થ.તું ક્યારે એટલો મોટો થયો કે તું તારા જીવનના નિર્ણયો જાતે લઈ શકે?તેં મને કહ્યું પણ નહીં.તારે મને કે તારી માતાને એક વાર કહેવું જોઈતું હતું.અમે તારા લગ્ન આટલા ધામ ધૂમથી ઉજવ્યા હોત.મેં નાનપણ થી અત્યાર સુધી તારી ખુશી જોઈ છે,હું જાણું છું કે તું હઠીલો છે,પણ મને ખબરનહોતી કે તું મારાથી આટલો ડરે છે.મને ખબર નથી કે તું મારા ડરને કારણે કે બીજા કોઈ કારણસર મને કહ્યા વિના લગ્ન કર્યા છે. જો દરેક દીકરો આવું કરે,તો માતા- પિતા પોતાના બાળકો પરથી વિશ્વાસ ગુમાવી દેશે. સારું,જે કંઈ થયું,જ્યારે પણ તું ઘરેપાછો ફરે,ત્યારે આ વિશ્વાસ સાથે પાછો ફરે કે આ ઘર તારું છે, અમે તારા છીએ. 'છેલ્લે,તેમાં લખ્યું હતું,'હું ઈચ્છું છું કે તું હું અહીં હોઉં ત્યાં સુધી પાછો ફરે. તું અને તારી માતાને ખબર નથી કે મને બ્લડ કેન્સર છે.જો હું તું પાછો ફરે તે પહેલાં આ દુનિયા છોડી દઉં,તો એ બોજ સાથે ન જીવીશ કે હું તારા વર્તનના કારણે મરી ગયો છું.તારી વહુને મારા આશીર્વાદ ' મને ખાતરી છે કે તું તારી માતાનું ધ્યાન રાખીશ. તારા પિતા...

સંસારની કોઈ વસ્તુ બગડે કે નાશ થાય તો બીજી વસ્તુ મળશે પણ મન બગડી જાય તો બજાર માં બીજું મન મળશે નહીં.

વિષયોમાં જવાથી મન મરતુંનથી પરંતુ આ જ મન ઈશ્વરનું ચિંતન કરે,ધ્યાન કરે તો તે ઈશ્વરનેપ્રાપ્ત કરી શકે છે.ઈશ્વરની સાથે એક થઈ જાય ત્યારે મન મરે છે.કોઈ ના ગુરુ થવાની ઈચ્છા ન રાખશો તમારે ગુરુ થવું હોય તો તમારા મનના ગુરુ થાવ. તમારા મનને જ ઉપદેશ આપો અને એને તમારો પાકો ચેલો બનાવો. એને ફરી ફરી કહો,બચ્ચા,મન ભક્તિમાર્ગે ચાલે તો તને પ્રભુ મળશે. સંસારમાં જે નિંઘ છે તે છોડ અને જે વંઘ છે તેનું સેવન કર. પછી જો જો ચમત્કાર!આ લાડુમાં ઝેર છે એમ કોઈ કહે તો તે લાડુ તમે ખાશો નહીં. તેમ મનને સમજાવો કે આ સંસારના વિષયોમાં ઝેર છે,તું ખાઈશ નહીં ખાઈશ તો તું દુઃખી થઈશ.આમ બીજાના ગુરુ થવાનો મોહ છોડી નિજ મનના ગુરુ બનો. પોતાના ગુરુ થવું એનો અર્થ સર્વના શિષ્ય થવું. દત્તાત્રેયની પેઠે સર્વને ગુરુભાવથી જોતાં થાઓ તો ક્યાંય બંધન નહીં દેખાય.

મન સંસારના વિષયોનું ચિંતન કરે છે અને સંસારમાં ફસાય છે. તે સંસારના વિષયોનું ચિંતન છોડી દે તો મુક્તિ છે. નિદ્રામાં મન નિર્વિષય બને છે.એટલે નિદ્રા માં આનંદનો અનુભવ થાય છે. નિદ્રા અને સમાધિમાં તફાવત છે, પરંતુ સામ્ય પણ ઘણું છે.સમાધિ માં સર્વ વિષયોમાંથી મન હઠી જાય છે,ચિત્તવૃત્તિનો નિરોધ થાય છે. તેમ નિદ્રામાં પણ મન સંસારના સર્વ વિષયોમાંથી હટી જાય છે તેથી નિદ્રામાંઆનંદ આવે છે,પરંતુ મન નિદ્રામાંસંપૂર્ણ નિર્વિષય થઈ જતું નથી.જો તે મન પૂર્ણ નિર્વિષય થઈ જાય તો તેને સમાધિ કહે છે.નિંદ્રાનું સુખ તામસી સુખ છે.નિદ્રામાં હુંપણું અહમ્ બાકી રહી જાય છે. અહંભાવનો લય થતો નથી, ત્યારે સમાધિમાં અહંભાવનો પણ લય થાય છે અને હુંપણું રહેતું નથી.

યોગીઓ આત્મસ્વરૂપમાં મનનો લય કરે છે. મનને કોઈ વિષય ન આપો એટલે તે આત્મસ્વરૂપમાં મળી જાય છે.મન આત્મસ્વરૂપ માં લય થાય એટલે મુક્તિ મળેછે

વિષયોના ચિંતનથી મન જીવે છે અને વિષયોનો ત્યાગ કરવાથી મન મરી જાય છે. સંસારના વિષયોમાંથી મન હટી જાય એટલે મન શાંત બને છે. દીવામાંનું તેલ જ્યારે ખૂટી જાય છે ત્યારે દીવો શાંત થાય છે. તેમ મનમાં સંસાર ન રહે ત્યારે મન શાંત થાય છે.મનને કોઈ આધાર જોઈએ.મનને પ્રતિકૂળવિષયોમાં થી અનુકૂળ વિષયોમાં લઈ જાવ એ જ મન તમને મુક્તિનો આનંદ આપનારું બનશે.

નિદ્રામાં સર્વનો વિનાશ થાય છે, પણ અહંકારનો વિનાશ થતો નથી. નિદ્રામાં અહંભાવ ભૂલાતો નથી,સમાધિમાં અહંભાવભૂલાય છે.સમાધિમાં નામ અને રૂપ ભૂલાય છે.સમાધિના બે પ્રકાર છે:જડ સમાધિ અનેચેતન સમાધિ.યોગી મનનેબળાત્કારથી વશ કરી પ્રાણના બ્રહ્મરંધ્રમાં સ્થાપન કરેછે.એ જડ સમાધિછે પરંતુ મન ઉપર બળાત્કાર કર્યા વગર પ્રેમથી સમજાવીને તેને વિષયોમાં થી હટાવી લેવુંએ ચેતન સમાધિ છે.

વિશ્વામિત્રની સમાધિ જડ હતી. સાઠ હજાર વર્ષ તપ કર્યું, છતાં મેનકાને જોઈને તેમનું મન લલચાયું હતું. બળાત્કારે રાખેલું મન ક્યાં સુધી કાબૂમાં રહે?માટે સમાધિ સહજ હોવી જોઈએ. એવી સહજ સમાધિ શ્રીકૃષ્ણ લીલામાં છે. વાચક ચાહક મિત્રો,આપણી સંસ્કૃતિ આ જ કહે છે સંબંધો વાતચીત અને આદરથી મજબૂત બને છે, મૌન અને અહંકારથી નહીં. આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# કલેક્ટર અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં નકશા પ્રોજેક્ટની બેઠક યોજાઇ

## ડભાણ, બીલોદરા, યોગીનગર, ડુમરાલ, મંજીપુરા, ઉત્તરસંડા, કમળા, પીપલગ, ફતેપુરા, ટુંડેલ અને નડિયાદના લોકોની જમીન અને મિલકતોના હક થશે સુનિશ્ચિત



**નડિયાદ, તા.11**

જિલ્લા કલેક્ટર શ્રી અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી નડિયાદ ખાતે નકશા પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લા સ્તરીય સમિતિની બેઠક યોજાઈ. જેમાં નકશા પ્રોજેક્ટ હેઠળ મેન પાવર અને ટીમ ફોર્મેશન, આઈસી એક્ટિવિટી, ડોક્યુમેન્ટ કલેક્શન, વિભાગીય સંકલન સહિતના મુદ્દાઓ ઉપર ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

નકશા પ્રોજેક્ટની વાત કરીએ તો NAKSHA (National Geospatial Knowledge-based land Survey of urban Habitations) પ્રોજેક્ટ એ ભારત સરકારના ભુમિ સંસાધન વિભાગ દ્વારા 'ડિજીટલ ઈન્ડીયા લેન્ડ રેકર્ડ મોડર્નાઈઝેશન પ્રોગ્રામ' (DILRMP) હેઠળનો પાયલોટ પ્રોગ્રામ છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ આધુનિક સર્વેક્ષણ ટેકનોલોજીઓ જેમ કે એરિયલ ડ્રોન સર્વે અને GIS આધારિત મેપિંગનો ઉપયોગ કરીને સર્વે કરીને ડિજીટલ સીટી સર્વે રેકર્ડ તૈયાર કરીને મિલકતધારકોને પ્રોપર્ટીકાર્ડ ઉપલબ્ધ કરાવવાનો છે.

આ પહેલનું અમલીકરણ સર્વે ઓફ ઈન્ડિયા, નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર સર્વિસીઝ (NICSI), એમ.પી. સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન) અને પાંચ નેશનલ સેન્ટર ઓફ એક્સલેન્સની મદદથી કરવામાં આવશે.

હાલ સમગ્ર ભારતના ૨૭ રાજ્ય અને 3 કેન્દ્ર શાસિત પ્રદેશમાં કૂલ ૧૫૭ શહેરી સ્થાનિક સંસ્થાઓને આવરી લેવામાં આવેલ છે. જે પૈકી ગુજરાત રાજ્યમાં નડિયાદ, મોરબી, નવસારી, આણંદ અને ગાંધીધામ એમ કુલ ૫ મહાનગરપાલિકાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

આ પ્રોજેક્ટ હેઠળ નડીઆદ મહાનગરપાલિકા હેઠળના કૂલ ૭૯.૯૭ વર્ગ કિલોમીટર વિસ્તારને એરિયા ઓફ ઈન્ટરેસ્ટ (ADI) તરીકે આવરી લેવામાં આવેલ છે જેમાં નડીઆદ, ઉતરસંડા, ડુમરાલ, બિલોદરા, ડભાણ, ટુંડેલ, પીપલગ, મંજીપુરા, ફતેપુરા, કમળા ગામોના વિસ્તારનો સમાવેશ થાય છે.

આ પ્રોજેક્ટ હેઠળ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા નિયુક્ત કરેલ એજન્સી દ્વારા સંલગ્ન વિસ્તારમાં ડ્રોન ઉડાડીને એડવાન્સ ટેક્નોલોજી વાપરીને સર્વેક્ષણ કરવામાં આવશે. ત્યારબાદ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા આ વિસ્તારનો GIS આધારિત ઓર્થો-રેક્ટીફાઈડ ઈમેજ(ORI) ધરાવતો નકશો તૈયાર કરવામાં આવશે.

આ નક્શો તૈયાર થયા બાદ સીટી સર્વે ઓફિસ, નડીઆદ અને નડીઆદ મહાનગરપાલિકા દ્વારા વિશેષ નક્શા મોબાઈલ એપ્લિકેશન અને DGPS/ETS જેવા આધુનિક સર્વેક્ષણ ઉપકરણોનો ઉપયોગ કરીને ગ્રાઉન્ડ ટુથિંગની કામગીરી હાથ ધરવામાં આવશે. જેમાં આ વિસ્તારના દરેક મિલકતની સ્થળ ખરાઈ કરીને તેની માપણી કરવામાં આવશે.

તે કામગીરી બાદ સર્વે હેઠળના વિસ્તારના દરેક મિલકતધારકને 'નમુના - ૨" ની પુરાવા એકત્ર કરવાની નોટીસ આપવામાં આવશે. જે નોટીસ મળ્યેથી દરેક મિલકતધારક દ્વારા સીટી સર્વે કચેરી ખાતે મિલકતની આકારણી, વેચાણ દસ્તાવેજ, હક્કપત્રક (ગામ નમૂનો નં.૬ તથા ૭/૧૨) ,બિનખેતી હેતુ ઉપયોગ કરવાની પરવાનગીનો હુકમ, બાંધકામ રજાચિઠ્ઠી, મંજુર થયેલ લે-આઉટ પ્લાન વિગેરે જેવા પુરાવાઓ રજુ કરવાના રહેશે.

થયેલ પુરાવાના આધારે સીટી સર્વે કચેરી દ્વારા હક્કચોક્સીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે જેમાં દરેક મિલકતના ધારણકર્તાઓ, ક્ષેત્રફળ, સત્તાપ્રકાર વગેરે જેવી વિગતો નક્કી કરવામાં આવશે. હક્કચોક્સીની કાર્યવાહી દરમિયાન ઠરાવ દ્વારા નક્કી કરેલ નિર્ણયની જાણ દરેક મિલકતધારકને "નમુના નં-૬* હેઠળની નોટીસથી કરવામાં આવશે. આ નોટીસ મળ્યેથી મિલકતના ધારણકર્તાઓ દ્વારા હક્કચોક્સીના નિર્ણયમાં કોઈ ક્ષતિ થયેલ હોય અથવા વાંધા-વિરોધ હોય તો ૩૦ દિવસની સમયમર્યાદામાં સીટી સર્વે કચેરી ખાતે વાંધા અરજી કરવાની રહેશે. ત્યારબાદ સદર વાંધા અરજીઓની તબક્કાવાર સુનાવણી રાખીને વાંધાઓનો નિકાલ કરવામાં આવશે.

આ સમગ્ર પ્રક્રિયાને અંતે પ્રમોલગેશનની જાહેર નોટીસ - ૧૦૫ કાઢીને તૈયાર થયેલ રેકર્ડ જાહેર જનતાને ચકાસણી માટે સીટી સર્વે કચેરી ખાતે જાહેર/ખુલ્લુ રાખવામાં આવશે અને જાહેર રૂબરૂ સુનાવણી હાથ ધરવામાં આવશે. ત્યારબાદ પ્રમોલગેશન અધિકારી દ્વારા તૈયાર થયેલ રેકર્ડ પ્રમોલગેટ કરીને અમલમાં મુકવામાં આવશે અને દરેક મિલકત ધારણકર્તાઓને પ્રોપર્ટી કાર્ડ આપવામાં આવશે. રેકર્ડ અમલમાં આવ્યા બાદ મિલકતધારકો પ્રોપર્ટીકાર્ડમાં વેચાણ, વારસાઈ, બક્ષિસ, બોજો વિગેરે જેવા વ્યવહારોની નોંધ પડાવી શકશે. વધુમાં મિલકતધારકો પ્રોપર્ટીકાર્ડનો ઉપયોગ કરીને બેંકમાંથી લોન પણ મેળવી શકશે.

આમ નક્શા પ્રોજેક્ટ દ્વારા આધુનિક ડિજીટલ સીટી સર્વે રેકર્ડ તૈયાર કરીને મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવામાં આવશે. તેના લીધે મિલકત અંગેના વ્યવહારોમાં વધુ પારદર્શિતા આવશે અને ભવિષ્યમાં જમીન અંગેના વિવાદો-તકરારોમાં ઘટાડો થશે. જેથી લોકોનો મિલકત વ્યવહારો બાબતે આત્મવિશ્વાસ વધશે. જે રિયલ એસ્ટેટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર બજારમાં રોકાણને વેગ આપશે.

વધુમાં આ ડિજીટલ સીટી સર્વે રેકર્ડનો ઉપયોગ શહેરી વિકાસ આયોજન, વેરા વસુલાત, કુદરતી આપત્તિ વ્યવસ્થાપન વગેરે જેવા વહીવટી કાર્યો વધુ કાર્યક્ષમ રીતે કરવા કરી શકાશે.

આ બેઠકમાં ડેપ્યુટી કમિશનર શ્રી રુદ્રેશ હુદડ, એસએલઆર શ્રી નરેશ તોગડિયા, સીટી સર્વે સુપ્રિટેન્ડન્ટ શ્રી ચાર્મી પારેખ, કાર્યપાલક ઈજનેર શ્રી માર્ગ અને મકાન (સ્ટેટ), કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન (પંચાયત), કાર્યપાલક ઈજનેર શ્રી શેઢી સિંચાઈ વિભાગ, કાર્યપાલક ઈજનેરશ્રી નડિયાદ સિંચાઈ વિભાગ (મહી કેનાલ), નડિયાદ મહાનગર પાલિકા સિનિયર ટાઉન પ્લાનરશ્રી, ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ નડિયાદ દ્વારા "વિજ્ઞાનમાં મહિલા-કન્યાઓનો આંતરરાષ્ટ્રીય દિવસ" ઉજવાયો.....



**નડિયાદ, તા.11**

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, સુપ્રીમ કોર્ટ, નવી દિલ્હી દ્વારા નિર્ધારિત કાનૂની શિક્ષણ કાર્યક્રમો અનુસાર મે. ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદની સુચના મુજબ તથા મે. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલય, ખેડા-નડિયાદના ચેરમેન અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ શ્રી. એન એ. અંજારીઆનાં નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ તાલુકા કાનૂની સેવ સમિતિનાં ચેરમેન અને પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ આર એન.પટેલ દ્વારા આજ રોજ યુનેસ્કો દ્વારા નિર્ધારીત INTERNATIONAL DAY OF WOMEN & GIRLS IN SCIENCE "વિજ્ઞાનમાં મહિલા-કન્યાઓનો આંતરરાષ્ટ્રીય દિવસ નિમિતે નડીઆદ સ્થિત ન્યુ ઇંગ્લિશ સ્કૂલ ખાતે અભ્યાસ કરતી વિધાર્થીનીઓ માટે એક વિશેષ કાનૂની જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ.

આ કાર્યક્રમમાં સૌ આચાર્ય જૈમિન રાવલ દ્વારા સંસ્થા વતી સૌનું હાર્દિક સ્વાગત કરીને વિધાર્થીનીઓને આજના દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યાર બાદ રાજ્ય શિક્ષણ સેવાનાં મદદનીશ શિક્ષણ નિરીક્ષક નરેન્દ્ર પટેલ દ્વારા વિધાર્થીનીઓને સરકારશ્રીની વિવિધ શૈક્ષણિક અને કલ્યાણકારી યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી અને જાણકારી આપી હતી.

કાર્યક્રમનાં અધ્યક્ષ એવા રાજ્ય શિક્ષણ સેવાના શિક્ષણ નિરીક્ષક જતીન સુથાર દ્વારા આજનાં દિવસે વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જીનિયરીંગ અને ગણિત ક્ષેત્રમાં મહિલા-કન્યાઓનાં યોગદાનને બિરદાવવા તથા પ્રોત્સાહિત કરવા અને લૈંગિક સમાનતાને ખરા અર્થમાં સાર્થક કરવા યુનેસ્કો દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે તે જણાવી વિધાર્થીનીઓને વિજ્ઞાન ક્ષેત્રમાં આગળ વધવા પ્રોત્સાહિત કરીને સૌને ઉજ્જવળ ભવિષ્ય અને કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, નડીઆદનાં પેરા લિગલ વોલન્ટીયર આર આર. સોલંકી દ્વારા પોકસો એક્ટ, જુવેનાઈલ જસ્ટીસ એક્ટ, ચાઈલ્ડ હેલ્પલાઈન ૧૦૯૮, કાનૂની સહાય હેલ્પલાઈન ૧૫૧૦૦, મહિલા અભયમ ૧૮૧, બાલ વિવાહ મુક્ત ભારત અભિયાન, દહેજ પ્રતિબંધ કાયદો, સાયબર સિક્યુરીટી, કામકાજનાં સ્થળે થતી મહિલાઓની જાતીય સતામણી સામે રક્ષણ આપતો કાયદો, મહિલા-બાળકોને લગતાં અન્ય વિવિધ કાયદાઓ, લોક અદાલત, રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળની વિવિધ કાનૂની અને સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓ માટે સહાયરૂપ યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી અને સમજ આપી હતી.

આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન અને વ્યવસ્થા ન્યુ ઇંગ્લિશ સ્કૂલનાં શિક્ષક નયન બ્રહ્મભટ્ટ અને નેહાબેન પટેલ દ્વારા કરવામાં આવેલ જેમાં મોટી સંખ્યામાં વિધાર્થીનીઓએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ગાંધીધામ ક્ષેત્ર થી ઉત્તરી ભારત માટે ટિંબરના રેલ પરિવહનને પ્રોત્સાહન આપવા માટે બેઠક યોજાઈ

**અમદાવાદ, તા.11**

ગાંધીધામમાં સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશન (CWC) ના પ્રતિનિધિઓ અને રેલ અધિકારીઓ વચ્ચે ગાંધીધામ ક્ષેત્રથી દિલ્હી અને અન્ય ઉત્તરી ક્ષેત્રો માટે ટિંબરના રેલ પરિવહનને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ.

બેઠકમાં અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ, વરિષ્ઠ મંડળ સંચાલન પ્રબંધક ડૉ. જેનિયા ગુપ્તા, વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અનૂ ત્યાગી, ગાંધીધામના ક્ષેત્રીય રેલ પ્રબંધક (ARM) શ્રી આશિષ ધાનિયા સહિત રેલવેના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા. ઉપરાંત, સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશન (CWC) ના પ્રતિનિધિઓ અને કાંડલા ટિમ્બર એસોસિએશનના નવ સભ્યો પણ બેઠકમાં ભાગ લીધો હતો. બેઠકનો મુખ્ય ઉદ્દેશ ટિંબરના પરિવહનને રોડ માર્ગથી રેલ માર્ગ તરફ સ્થળાંતર કરવા માટે પ્રોત્સાહન આપવાનું હતું. ચર્ચાના દરમિયાન આ નોંધાયું કે ગાંધીધામ ક્ષેત્રમાં લગભગ 750 આરા મિલ્સ (સૉ મિલ્સ) છે, છતાં રેલ માર્ગથી ટિંબરનું પરિવહન હજુ પણ બહુ ઓછું છે.

બેઠકમાં રેલ આધારિત ટિંબરની લોડિંગને પ્રોત્સાહન આપવા, લોજિસ્ટિક્સ સહયોગને મજબૂત બનાવવા અને સંચાલન સંબંધિત પડકારોના ઉકેલ માટે વિવિધ વ્યૂહરચનાઓ પર વિચારવિમર્શ કરવામાં આવ્યો.

# વાહનચાલકોને ભારે મુશ્કેલી: નડિયાદના મીલ રોડ પર ડ્રેનેજના કામને લઈને માલ સામાન ઠાલવતા ટ્રાફિકજામ

નડિયાદ, તા.11

નડિયાદ શહેરમાં આવેલાં મીલ રોડ ઉપર હાલમાં ડ્રેનેજની કામગીરીને લઈને અડધોઅડધ રસ્તા ઉપર માલ-સામાન ઠાલવવામાં આવતાં ટ્રાફિક જામ થયો હતો. એમ્બ્યુલન્સ સહિતના વાહનો ટ્રાફિકમાં અટવાઇ પડતાં વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.



નડિયાદમાં મીલ રોડ ઉપર મંગળવારે બપોરે ડ્રેનેજનું કામ ચાલે છે. કામગીરી માટેનો માલસામાન રોડ પર જ નખાતાં વાહનોને અવરજવરમાં મુશ્કેલી ઉભી થતાં ટ્રાફિક જામ થયો હતો. છેલ્લા પખવાડિયાથી કોર્પોરેશન દ્વારા ચાલી રહેલી કામગીરી અને સાંકડા રસ્તાના કારણે બસ, એમ્બ્યુલન્સ સહિતના વાહનચાલકો ટ્રાફિકમાં અટવાઇ પડ્યા હતા. અંદાજે 45 મિનીટથી વધુ સમય માટે ટ્રાફિક જામ થતાં રોડની બંને તરફ વાહનોની લાંબી કતાર લાગી ગઇ હતી.

મીલ રોડ ઉપર આશરે 45 મિનીટ ટ્રાફિક જામમાં એમ્બ્યુલન્સ પણ અટવાઈ હોવાછતાં નિયમન માટે પોલીસ ફરકી સુદ્ધા ન હતી. જેને કારણે વાહનચાલકોમાં પણ રોષ જોવા મળ્યો હતો. શહેરના કોઇ પોઇન્ટ ઉપર પોલીસ દ્વારા ટ્રાફિક નિયમન કરવામાં આવતું ન હોવાનું જોવા મળે છે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ 10 અને 12ની બોર્ડ પરીક્ષા માટે ટોલ ફ્રી હેલ્પલાઇન શરૂ

**ગાંધીનગર, તા.11**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ફેબ્રુઆરી / માર્ચ-૨૦૨૬માં લેવાતી ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨ની મુખ્ય જાહેર પરીક્ષાનાં અનુસંધાને વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ શાળાઓને માર્ગદર્શન મળી રહે તે હેતુથી ટોલ ફ્રી હેલ્પલાઇન શરૂ કરવામાં આવી છે.

આગામી ૨૬ ફેબ્રુઆરી-૨૦૨૬થી શરૂ થતી બોર્ડની પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓને પરીક્ષા સંબંધિત શંકાઓ, પ્રશ્નો ,માનસિક તણાવ અને પરીક્ષાલક્ષી માર્ગદર્શન માટે સહાય મળી રહે તે માટે આ હેલ્પલાઇન નં.૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ તા. ૧૨/૦૨/૨૦૨૬ થી તા. ૧૮/૦૩/૨૦૨૬ દરમ્યાન કાર્યરત રહેશે.

આ હેલ્પલાઇન પર એક્સપર્ટ કાઉન્સેલર તેમજ સાયકોલોજિસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે. રાજ્યનાં તમામ વિદ્યાર્થીઓ, વાલીઓ તથા શાળાઓને આ હેલ્પલાઇનનો મહત્તમ લાભ લેવા અપીલ કરવામાં આવી છે.

ટોલ ફ્રી હેલ્પલાઇન નંબર : ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ રહેશે અને તે સવારે ૧૧:૦૦ થી સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી કાર્યરત રહેશે એમ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના સચિવશ્રી દ્વારા જણાવવામાં આવ્યું છે.

# નડિયાદના શ્રેયસ ગરનાળા ઓવરબ્રિજના બાંધકામ માટે રેલવેની સૈદ્ધાંતિક મંજૂરી મળી

**નડિયાદ, તા.11**

ખેડા સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણ અને નડિયાદના ધારાસભ્ય પંકજભાઈ દેસાઈએ ઉચ્ચ કક્ષાએ કરેલી રજૂઆતને પગલે રેલવે સત્તાવાળાઓએ શ્રેયસ ગરનાળા પર આર.ઑ.બી માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

ભારત સરકાર દ્વારા દેશના રેલવે સ્ટેશનોને અત્યાધુનિક બનાવવા અને મુસાફરોની સુવિધાઓને સુચારુ બનાવવા અમૃત ભારત રેલવે સ્ટેશનની કાર્યયોજના હાથ ધરાઈ છે. તેમાં ખેડા જિલ્લાના હાર્દ સમા નડિયાદ જંકશન રેલવે સ્ટેશનનો પણ સમાવેશ કરાયો છે. ત્યારે નડિયાદ રેલવે સ્ટેશન પાસેના શ્રેયસ ગરનાળા પાસે રેલવે ઓવરબ્રિજ બનાવવાની લોકલાગણી હતી.

લોકોની આ લાગણી અને માગણીને ધ્યાનમાં રાખી પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણ અને નડિયાદના સિનિયર ધારાસભ્ય પંકજભાઈ દેસાઈએ ભારત સરકારના રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને રજૂઆત કરી હતી. જેમાં નડિયાદ શહેરના પૂર્વ પશ્ચિમ વિસ્તારની જનતા માટે ખૂબ જ ઉપયોગી અને આશીર્વાદરૂપ બની રહે તેવા શ્રેયસ ગરનાળા પર રેલવે ઓવરબ્રિજ બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. જેનાથી રેલવે સ્ટેશન વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ આવી શકે તેમ છે, અને દર વર્ષે ચોમાસામાં વરસાદી પાણી ભરાવાની સમસ્યાનો પણ આવનારા સમયમાં કાયમી ઉકેલ આવશે.

રેલવેના મુસાફરો કે જેમનું નડિયાદ સ્ટેશન પરથી શહેરમાં આવાગમન રહેશે તેવી જનતા માટે પણ શ્રેયસ ગરનાળા પરનો રેલ્વે ઓવરબ્રિજ ખૂબ જ ઉપયોગી બની રહેશે.

ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણ અને નડિયાદના ધારાસભ્ય પંકજભાઈ દેસાઈની ઉપર્યુક્ત રજૂઆતને ધ્યાનમાં લઈ રેલવે સત્તાવાળાઓએ નડિયાદ સ્ટેશનને અડીને આવેલા શ્રેયસ ગરનાળા પર આર.ઓ.બીના બાંધકામ માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી લીલીઝંડી આપી દીધી છે. જેનાથી નગરજનોની આતુરતાનો અંત આવતા વર્ષો જૂની માંગણી પણ સંતોષાઈ છે. ખેડાના સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણ અને નડિયાદના ધારાસભ્ય પંકજભાઈ દેસાઈએ પણ કેન્દ્રીય રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવજી સહિત ભારત સરકાર પ્રત્યે જનતાના પ્રતિનિધિ તરીકે આભારની લાગણી વ્યક્ત કરી છે.

# આણંદના શાસ્ત્રી મેદાન પાસે નડતરરૂપ વિજપોલ દૂર કરાતા માર્ગ 30 ફૂટ ખુલ્લો થયો

**આણંદ, તા.11**

આણંદ શહેરના ગોપાલ ચાર રસ્તા થી શાસ્ત્રીમેદાન માર્ગ ઉપર વિજ પોલ વચ્ચોવચ હોય ટ્રાફિક જામ થઈ જતાં વાહન ચાલકો હાલાકીઓનો ભોગ બની રહ્યા હતા.ત્યારે આણંદ શાસ્ત્રી ડિવીઝન વિભાગની ટીમોએ ફરીયાદો મળતાની સાથે નડતરરૂપ વિજપોલને હટાવી લેવાતા 30 ફુટ થઈ ગયેલ માર્ગ 60 ફુટ થઈ ગયો હોવાથી સમગ્ર વિસ્તારના રહીશો અને વાહનચાલકોને ટ્રાફિકની સમસ્યાથી મુક્તિ મળતા હાશકારો અનુભવ્યો છે.



પ્રાપ્ત વિગત મુજબ આણંદ ગોપાલ ચાર રસ્તાથી શાસ્ત્રીમેદાન માર્ગ ઉપર વિજ ડીપી અને વિજ પોલ વચ્ચોવચ આવેલ છે.ત્યારે વીજ તંત્રએ સલામત જગ્યાએ ખસેડવામાં નહીં આવતા માર્ગ ઉપર આવેલ ડી.એન હાઈસ્કૂલ, દુકાનદારો અને વિસ્તારના રહીશો હાલાકીઓનો ભોગ બની રહ્યા હતા.બીજી તરફ માર્ગ ઉપર વિજપોલને લીધે ટ્રાફિક જામ થઈ જતાં 60 ફુટનો માર્ગ 30 ફુટ થઈ જતો હોવાથી વિધાર્થીઓને અકસ્માત થવાનો ભય સતાવી રહ્યો હતો.આ અંગે રમેશભાઇ પ્રજાપતિ સહિત અન્ય રહીશોએ તંત્રને ફરિયાદ કરવામાં આવતા આણંદ શાસ્ત્રી ફીડરના વિજ તંત્રએ તાત્કાલિક ધોરણે માર્ગ ઉપર વિજ પોલને ખસેડી લેવતા માર્ગ ખુલ્લો થઈ ગયો હતો.આમ વર્ષો બાદ તંત્રએ માર્ગ ઉપર નડતરરૂપ વિજ પોલને ખસેડી લેવાતા વિસ્તારના રહીશોએ હાશકારો અનુભવ્યો હતો.

# MRFના શો-રૂમ પાસેથી મળ્યું નવજાત બાળક: નિષ્ઠુર જનેતાની તપાસ કરતા 15 વર્ષીય સગીરા નીકળી

**રાજકોટ, તા.11**

રાજકોટ શહેરમાં માધાપર ચોક નજીક ગત 27 જાન્યુઆરીના રોજ MRFના શો-રૂમ પાસેથી જીવિત નવજાત બાળક ત્યજી દેવાયેલી હાલતમાં મળી આવતાં ચકચાર મચી જવા પામી હતી. નવજાત બાળક મળ્યું હોવાની જાણ કરતા 108ની ટીમે તેને સારવાર માટે રાજકોટ ઝનાના હોસ્પિટલમાં ખસેડયું હતું અને બાદમાં ગાંધીગ્રામ પોલીસે બાળક ત્યજી દેનાર નિષ્ઠુર જનેતાની તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન ચોંકાવનારી હકીકત સામે આવી છે, જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દૂષ્કર્મના કારણે સગર્ભા બનેલી 15 વર્ષની સગીરાએ બાળકને જન્મ આપ્યા બાદ ત્યજી દીધાનું સામે આવ્યું છે.



હાલ દ્વારકા પોલીસે મૂળ દાહોદ ગરબાડાના શખ્સ વિરૂદ્ધ દુષ્કર્મ, પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મયુરસિંહ જાડેજાએ શેઠનગરમાં રહેતાં ચેતનભાઈ રાયધનભાઈ જીલરીયાની ફરિયાદ પરથી નવજાત બાળકની માતા અને તપાસમાં ખુલે તેના વિરૂદ્ધ બાળકને અસુરક્ષિત રીતે ત્યજી દેવાનો ગુનો નોંધ્યો હતો.

આ ફરિયાદમાં ચેતનભાઈએ જણાવ્યુ હતું કે, હું જામનગર રોડ પર સંતોષીનગર ખાતે ચા-પાણી પીતો હતા ત્યારે સંતોષીનગરની સામે રેલવે પટમાં ઝુંપડપટ્ટી પાસે માણસો ભેગા થયેલ હતા. અહીં રડવાનો અવાજ આવતા માણસો ભેગા થયા હતા. ત્યાં જઈને જોયું તો તાજુ જન્મેલ પુરૂષ બાળક સફેદ જેવી ચાદરમા વીંટાળેલુ હતું, જેને 108માં ઝનાના હોસ્પિટલ ખસેડવામાં આવ્યું હતું. બાળકનો જન્મ ત્યજી દીધાના દિવસે જ થયો હોવાનું તબીબોએ જણાવ્યું હતું.

આ બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસ ટીમે હાથ ધરી CCTV ચેક કરવા ઉપરાંત આસપાસના લોકો પાસેથી માહિતી મેળવી હતી. આ તપાસ દરમિયાન આ બાળકને ત્યજી દેનાર જનેતા સુધી પહોંચવામાં પોલીસને સફળતા મળી છે. પોલીસ તપાસમાં આ જનેતા 15 વર્ષની સગીરા હોવાનું સામે આવ્યું છે અને તેની પૂછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે, અગાઉ દેવભુમિ દ્વારકા પંથકમાં 10 મહિના પહેલા મજુરી કરવા ગઈ હતી ત્યારે મૂળ દાહોદ ગરબાડાના અનિલ રમેશભાઇ ભુરીયા નામના શખ્સે તેની સાથે બળજબરી આચરી શરીર સંબંધ બાંધી લીધો હતો, જેના કારણે ગર્ભ રહી ગયો હતો.

ઉલ્લેખનીય છે કે, બાળકનો જન્મ રાજકોટ ખાતે 27 જાન્યુઆરીના રોજ સવારે થયો હતો અને આબરૂ જવાની બીકે એ જ દિવસે ત્યજી દીધુ હતું. દુષ્કર્મનો ભોગ બનેલી સગીરાએ જન્મ આપેલુ બાળક હાલ સારવાર હેઠળ છે અને ગાંધીગ્રામ પોલીસે ભોગ બનનાર સગીરાના માતાની ફરિયાદ પરથી અનિલ ભુરીયા વિરૂદ્ધ ઝીરો નંબરથી દુષ્કર્મ પોક્સો હેઠળ ગુનો નોંધી ફરિયાદ દ્વારકા પોલીસને મોકલી આપી છે.

# ગુજરાત કલીનીકલ એસ્ટાબ્લીશમેન્ટ (રજીસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ-2021 અંતર્ગત ગુજરાત રાજયની તમામ સંસ્થાઓએ રજીસ્ટ્રેશન ફરજીયાત કરાવવું.....

**ગાંધીનગર, તા.11**

ગુજરાત કલીનીકલ એસ્ટાબ્લીશમેન્ટ (રજીસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ-૨૦૨૧ અંતર્ગત ગુજરાત રાજયની તમામ સરકારી/ખાનગી હોસ્પીટલો, દવાખાના/ કલીનીકો/ ડીસ્પેન્સરી/ સેનેટોરિયમ, યુનાની / સિધ્ધ, લેબોરેટરીઓ,બ્લડ બેન્ક, આયુષ હોસ્પિટલો, ડેન્ટલ કલીનીક/ કોલેજો, હોમીયોપેથી, નેચરોપેથી, એક્સ-રે / ઈમેજીન સેન્ટરો, પ્રસૂતિ ગૃહ, નસીંગ હોમ જેવી તમામ સંસ્થાઓને રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

સરકારશ્રીની કક્ષાએ થી ધી ગુજરાત કલીનીકલ એસ્ટાબ્લીશમેન્ટ એકટ-૨૦૨૧ અંતર્ગત તા. ૩૦.૪.૨૦૨૬ પહેલા ઓનલાઈન પ્રોવીઝનલ રજીસ્ટ્રેશન મેળવી લેવાની મુદત વધારી આપેલ છે તથા પ્રોવીઝનલ રજીસ્ટ્રેશન મેળવેલ સંસ્થાઓને મુદત પુર્ણ થયાના ત્રણ માસ અગાઉ પરમેનેન્ટ રજીસ્ટ્રેશન માટે ઓનલાઈન એપ્લાય કરવા જણાવવામા આવેલ છે.

જે અન્વયે ખેડા જિલ્લા ખાતેની તમામ સરકારી/ ખાનગી હોસ્પીટલો, દવાખાના /કલીનીકો / ડીસ્પેન્સરી, સેનેટોરિયમ, યુનાની / સિધ્ધ, લેબોરેટરીઓ, બ્લડ બેન્ક, આયુપ હોસ્પીટલો, ડેન્ટલ કલીનીક/કોલેજો, હોમીયોપેથી, નેચરોપેથી, એક્સ-રે / ઈમેજીન સેન્ટરો, પ્રસૂતિ ગૃહ, નર્સીંગ હોમ જેવી કોઈપણ સંસ્થાઓ સરકારશ્રીની https://clinicalestablishment.gipl.in લિંક પર જઈને જણાવેલા સ્ટેપને અનુસરીને પ્રોવિઝનલ/ પરમેનેન્ટ રજીસ્ટ્રેશનની પ્રક્રિયા સરળતા કરી શકે છે. આમ છતા રજીસ્ટ્રેશન પ્રક્રિયા દરમ્યાન જો કોઈ મુકેલી જણાય તો મો. નં.૮૭૩૫૯૯૨૯૭૭ પર સવારે ૧૦ થી ૧ અને સાંજે ૪ થી ૬ દરમ્યાન સંપર્ક કરી જાણકારી/ મદદ મેળવી શકો છો.

કલીનીકલ એસ્ટાબ્લીશમેન્ટ (રજીસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ-૨૦૨૧ અંતર્ગત રજીસ્ટ્રેશન કરાવ્યા વિના તબીબી પ્રેકટીસ કરવી તે ગુન્હો બને છે.

# અમદાવાદમાં રોમાંચક મુકાબલો: બીજી સુપર ઓવરમાં અફઘાનિસ્તાન હાર્યું, દ.આફ્રિકાનો વિજય

**અમદાવાદ, તા.11**

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં T20 વર્લ્ડ કપ 2026ની અફઘાનિસ્તાન અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાયેલી મેચ રોમાંચક રહી હતી. જે મેચનું પરિણામ બીજી સુપર ઓવરમાં આવ્યું છે. જેમાં સાઉથ આફ્રિકાએ અફઘાનિસ્તાનને 4 રનથી હરાવ્યું છે. જણાવી દઈએ કે, સાઉથ આફ્રિકાની ટીમે પહેલા બેટિંગ કરતા 20 ઓવરમાં 6 વિકેટ પર 187 રન બનાવ્યા હતા. અફઘાનિસ્તાનને 188 રનનો ટાર્ગેટ આપ્યો હતો. અફઘાનિસ્તાનની ટીમ 19.4 ઓવરમાં 187 રન પર ઓલઆઉટ થઈ જતાં મેચ ટાઈ થઈ હતી. ત્યારબાદ સુપર ઓવર રમાઈ હતી તે પણ ટાઈ થઈ હતી. જેના કારણે બીજી સુપર ઓવર રમાડવાની



ફરજ પડી હતી.

પહેલી સુપર ઓવરમાં પહેલા બેટિંગ કરતા અફઘાનિસ્તાને વિના વિકેટે એક ઓવરમાં 17 રન ફટકાર્યા હતા. જેના જવાબમાં સાઉથ આફ્રિકાની ટીમ એક વિકેટ પર 17 રન કર્યા હતા. જેને લઈને બીજી સુપર ઓવર રમાઈ હતી.

બીજી સુપર ઓવરમાં પહેલા બેટિંગ કરતા સાઉથ આફ્રિકાએ વિના વિકેટે 23 રન ફટકાર્યા હતા. જેના જવાબમાં અફઘાનિસ્તાનની ટીમ બે વિકેટના નુકસાન પર 19 રન જ બનાવી શકી હતી. જેના કારણે સાઉથ આફ્રિકાને જીત હાંસલ થઈ છે.

મેચ દરમિયાન ક્વિન્ટન ડી કોકના 59(41) રન અને રાયન રિકલ્ટનના 61(28) રનના સહારે સાઉથ આફ્રિકાએ 6 વિકેટના સહારે 187 રન કર્યા હતા. જેના બાદ અફઘાનિસ્તાને બેટિંગમાં આવ્યા બાદ ગુરબાઝના 84(42) અને અઝમતુલ્લાહ ઓમરઝાઈ 22 (17) રનની મદદથી 187 રન કરવામાં સફળતા મેળવી હતી. ત્યારે મેચને ટાઈ જાહેર કરવામાં આવી હતી. તે બાદ સુપર ઓવર રમાઈ હતી જેમાં અફઘાનિસ્તાને પહેલા બેટિંગ કરતાં 17 રન કર્યા હતા. જેની સામે સાઉથ આફ્રિકાએ બેટિંગ કરતાં 17 રન કરતાં સુપરઓવર પણ ટાઈ થઈ ગઈ હતી.

જાન્યુઆરી 2024માં ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે બેંગલુરુમાં રમાયેલી મેચ આંતરરાષ્ટ્રીય T20 ક્રિકેટના ઈતિહાસની એક યાદગાર ઘટના બની ગઈ હતી, કારણ કે આ ઈતિહાસની પ્રથમ એવી મેચ હતી જેમાં પરિણામ મેળવવા માટે બે સુપર ઓવર રમવી પડી હતી. મુખ્ય મેચમાં બંને ટીમે 212 રન બનાવતા મેચ ટાઈ થઈ હતી, ત્યારબાદ રમાયેલી પ્રથમ સુપર ઓવરમાં પણ અફઘાનિસ્તાને 16 રન બનાવ્યા અને જવાબમાં ભારતે પણ 16 રન કરતા ફરીથી ટાઈની સ્થિતિ સર્જાઈ હતી. અંતે રમાયેલી બીજી સુપર ઓવરમાં ભારતે પહેલા બેટિંગ કરીને 11 રન બનાવ્યા હતા, જેના જવાબમાં અફઘાનિસ્તાનની ટીમ રવિ બિશ્નોઈની ઓવરમાં માત્ર 1 રન બનાવીને 2 વિકેટ ગુમાવી બેઠી હતી અને ભારત આ રોમાંચક મેચ જીતી ગયું હતું.

# 'T20 વર્લ્ડકપના બહિષ્કારનો નિર્ણય સરકારનો નહોતો પરંતુ...'BCBના ખેલ સલાહકારનો મોટો ધડાકો

**ઢાકા, તા.11**

ભારતમાં યોજાનાર T20 વર્લ્ડકપમાં રમવાનો ઈન્કાર કરનાર બાંગ્લાદેશના વલણમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. અગાઉ સુરક્ષા કારણો આગળ ધરીને ખસી જનાર બાંગ્લાદેશના ખેલ સલાહકાર આસિફ નઝરુલે હવે એક મોટો ખુલાસો કર્યો છે. તેમણે જણાવ્યું છે કે વર્લ્ડકપનો બહિષ્કાર કરવાનો નિર્ણય સરકારનો નહીં, પરંતુ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ(BCB) અને ત્યાંના ખેલાડીઓનો હતો. ખેલાડીઓએ 'રાષ્ટ્રીય સન્માનની રક્ષા' માટે વર્લ્ડકપના સપનાનું બલિદાન આપ્યું છે.

આસિફ નઝરુલનું આ નવું નિવેદન તેમના જ અગાઉના નિવેદનો કરતાં સાવ અલગ છે. જાન્યુઆરી મહિનામાં જ્યારે ખેલાડીઓ સાથે બેઠક યોજાઈ હતી, ત્યારે નઝરુલે સ્પષ્ટપણે કહ્યું હતું કે બાંગ્લાદેશ વર્લ્ડ કપમાં ભાગ લેશે કે નહીં, તે પૂરેપૂરો સરકારનો નિર્ણય



છે. તે સમયે તેમણે ICC પર પણ નિશાન સાધતાં કહ્યું હતું કે બાંગ્લાદેશને ન્યાય મળ્યો નથી. પરંતુ હવે તેમણે સુર બદલતા આ નિર્ણયને ખેલાડીઓની દેશભક્તિ સાથે જોડી દીધો છે.

મંગળવારે પત્રકારો સાથે વાત કરતાં આસિફ નઝરુલે કહ્યું કે, 'વર્લ્ડ કપમાં ન રમવા બદલ અમને કોઈ અફસોસ નથી. આ નિર્ણય BCB અને ખેલાડીઓએ લીધો હતો કારણ કે તેઓ દેશની સુરક્ષા અને ગરિમા જાળવવા માંગતા હતા. ICCએ હવે ખાતરી આપી છે કે બાંગ્લાદેશ પર કોઈ પ્રતિબંધ નહીં લાગે અને ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટોના યજમાન તરીકે તેની વિચારણા કરવામાં આવશે. આ બાબતને તેમણે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડની મોટી સફળતા ગણાવી છે.

# T20 વર્લ્ડ કપ વચ્ચે ટીમ ઈન્ડિયાના સ્ટાર ખેલાડીઓની માગણી BCCIએ ફગાવી દીધી

નવી દિલ્હી, તા.11

ભારતીય ટીમે ICC T20 વર્લ્ડ કપ 2026ની શરુઆત શાનદાર જીત સાથે કરી છે. જોકે, આ વર્લ્ડ કપ વચ્ચે BCCIએ ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ પ્રત્યે કડક વલણ અપનાવ્યું છે. બોર્ડે સ્પષ્ટ કરી દીધું છે કે, ખેલાડીઓને ટુર્નામેન્ટ દરમિયાન પોતાના પરિવારને સાથે લઈ જવાની મંજૂરી નહીં મળશે. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે ખેલાડીઓ લાંબા અને દબાણ વાળી ટુર્નામેન્ટ માટે તૈયારી કરી રહ્યા છે. એક અહેવાલ પ્રમાણે ટીમ ઈન્ડિયાના કેટલાક ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફનું માનવું હતું કે, વર્લ્ડ કપ જેવી લાંબી અને દબાણ વાળી ટુર્નામેન્ટમાં પરિવારની હાજરી ખેલાડીઓને માનસિક મજબૂતી આપે છે. આ જ વિચારને ધ્યાનમાં રાખીને ટીમ મેનેજમેન્ટે BCCIને ખેલાડીઓને પોતાની પત્ની અથવા પાર્ટનરને સાથે ટ્રાવેલ કરવાની મંજૂરી આપવા અપીલ કરી



હતી, પરંતુ બોર્ડે આ સૂચન સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો અને તેમની માગણી ફગાવી દીધી.

BCCIએ પોતાના નિર્ણયને યોગ્ય ઠેરવતાં કહ્યું કે, 'વર્લ્ડ કપ જેવી મોટી ઈવેન્ટમાં ખેલાડીઓનું સંપૂર્ણ ધ્યાન માત્ર ક્રિકેટ પર જ હોવું જોઈએ.' બોર્ડનું માનવું છે કે, પરિવારના સાથે હોવાથી ખેલાડીઓનું ધ્યાન બે બાજુ વહેંચાઈ શકે છે. તેથી બોર્ડે જૂના નિયમોને જ લાગુ રાખવાનો નિર્ણય કર્યો છે.

જોકે, BCCIએ એ પણ સ્પષ્ટ કર્યું છે કે, જો કોઈ ખેલાડી ઈચ્છે તો તે પોતાની ફેમિલી માટે અલગ હોટલમાં ખાનગી વ્યવસ્થા કરી શકે છે, પરંતુ આ સંપૂર્ણપણે ખેલાડીની જવાબદારી રહેશે અને તેનો સંપૂર્ણ ખર્ચ ખેલાડી પોતે જ ઉઠાવશે. BCCI આ સંદર્ભમાં કોઈ વ્યવસ્થા કરશે નહીં. ટીમની ઓફિશિયલ પ્રવાસ યોજનામાં તેમના પરિવારને સામેલ કરવામાં નહીં આવશે.

BCCIની ગાઈડલાઈન પ્રમાણે જો કોઈ વિદેશી પ્રવાસ 45 દિવસથી વધુનો હોય તો ખેલાડીઓને મર્યાદિત સમય માટે પરિવારને સાથે રાખવાની છૂટ મળી શકે છે. બીજી તરફ 45 દિવસથી ઓછા સમયના પ્રવાસો માટે આ મંજૂરી તેનાથી પણ ઓછા સમય માટે હોય છે. T20 વર્લ્ડ કપનો શેડ્યુલ આ શરતો પર ખરો નથી ઉતરતો, તેથી બોર્ડે નિયમ બદલવાનો ઈન્કાર કરી દીધો છે. આ કડક નિયમોના મૂળ ભારતના તાજેતરના ઓસ્ટ્રેલિયા પ્રવાસ સાથે જોડાયેલા છે, જ્યાં ટીમને બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં નિરાશાજનક હારનો સામનો કરવો પડ્યો હતો. ત્યારબાદ BCCIએ ખેલાડીઓના શિસ્ત અને ફોકસને લઈને ગાઈડલાઈન તૈયાર કરી હતી.

# 'અમને ખબર જ હતી..', મેચ બૉયકોટ વિવાદમાં પાકિસ્તાનની ગુલાંટ અંગે ટીમ ઈન્ડિયાની પ્રતિક્રિયા

**નવી દિલ્હી, તા.11**

T20 વર્લ્ડ કપ 2026માં ભારત સામેની હાઈ-વોલ્ટેજ મેચને લઈને ચાલી રહેલો વિવાદ આખરે ઠાળે પડ્યો છે. પાકિસ્તાન સરકારે તેમના અગાઉના બહિષ્કારના નિર્ણય પર 'યુ-ટર્ન' લેતા હવે ભારત સામે રમવા માટે સત્તાવાર મંજૂરી આપી દીધી છે. હવે ભારત સામેની મેચ બૉયકોટ વિવાદમાં પાકિસ્તાનની ગુલાંટ અંગે ટીમ ઈન્ડિયાએ પ્રથમ પ્રતિક્રિયા આપી છે. ટીમ ઈન્ડિયાના આસિસ્ટન્ટ કોચ રેયાન ટેન ડોશેટે કહ્યું કે, 'અમને ખબર જ હતી કે, આ મેચ થશે જ.'

ડોશેટની આ ટિપ્પણીથી એ સ્પષ્ટ સંકેત મળી રહ્યો છે કે, ભારતીય ખેલાડીઓ પાકિસ્તાનની 'ફિતરત'થી બિલકુલ વાકેફ હતા. ગીધડ ધમકી, હાઈ-વોલ્ટેજ ડ્રામા એક રીતે પાકિસ્તાનનો ટ્રેડ માર્ક



બની ગયો છે. આ અગાઉ એશિયા કપમાં પણ પાકિસ્તાને હેન્ડ શેક કન્ટ્રોવર્સી બાદ ટુર્નામેન્ટના બહિષ્કારની ધમકી આપી દીધી હતી પરંતુ ખૂબ નાટકો અને તેવર દેખાડ્યા બાદ અંતે તેમણે યુ-ટર્ન લેવો પડ્યો હતો.

ટીમ ઈન્ડિયાના આસિસ્ટન્ટ કોચ રેયાન ટેન ડોશેટે મંગળવારે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં પાકિસ્તાનની ગુલાંટ પર કહ્યું કે, 'આનાથી ખેલાડીઓને બિલકુલ હેરાની નથી થઈ. ખેલાડીઓને ખબર જ હતી કે મેચ થશે જ.' T20 વર્લ્ડ કપમાં 15 ફેબ્રુઆરીના રોજ ભારત-પાકિસ્તાન વચ્ચે મેચ છે.

ડોશેટે આગળ કહ્યું કે, 'સૌથી પહેલા તો એ સારી બાબત છે કે, મેચ થશે. અમે ક્યારેય પોતાની તૈયારીઓને લઈને ફેરફાર નહોતો કર્યો અને અમે ક્યારેય એવું નહોતું વિચાર્યું કે મેચ નહીં થશે. અમને હંમેશાથી ખબર જ હતી કે કંઈક એવું થશે અને અમે મેચ રમીશું, તેથી અમે કોઈ ફેરફાર નહોતો કર્યો.'

ડોશેટે કહ્યું કે, 'અમને સોમવારે મોડી રાત્રે કન્ફર્મેશન મળ્યું. અમે એક ક્વોલિટી ટીમ સાથે ફરી એક વાર રમવાની તક મળવાનું સ્વાગત કરીએ છીએ અને તે ટીમ માટે સારું છે.'

ટીમ ઈન્ડિયાના આસિસ્ટન્ટ કોચે આગળ કહ્યું કે, 'અમે દરેક પ્રકારની રાજનીતિથી દૂર રહેવાનો પ્રયાસ કરીએ છીએ. અમે બંને દેશોના ઈતિહાસ અને સેન્ટિમેન્ટ્સને સમજીએ છીએ પરંતુ અમારા માટે વિશુદ્ધ રૂપે ક્રિકેટ પર ફોકસ રાખવું વધુ મહત્ત્વપૂર્ણ છે. કોલંબામાં રમવું એક પડકાર છે, ખાસ કરીને ત્યારે જ્યારે પાકિસ્તાન ત્યાં કેટલાક અઠવાડિયાથી છે, પરંતુ અમારું ફોકસ આગામી મેચમાં અમારું બેસ્ટ આપવા પર છે.'

T20 વર્લ્ડ કપ 2026ના સૌથી હાઈ પ્રોફાઈલ મેચના વિવાદનો અંત આવી ગયો છે. હવે ભારત પાકિસ્તાનની મેચ નક્કી થયેલા કાર્યક્રમ મુજબ 15 ફેબ્રુઆરીના રોજ કોલંબોમાં રમાશે. રવિવારે લાહોરમાં ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC), પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) અને બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) વચ્ચે ત્રિપક્ષીય બેઠક યોજાઈ હતી. જેમાં ICCની કૂટનૈતિક જીત થઈ છે. પાકિસ્તાન ભારત સામે રમવા માટે રાજી થઈ ગયું છે.

# સોનમ કપૂરની માતૃત્વ તરફ આગે કૂચ: સીમંતનો પ્રસંગ



## પ્રેમ, લાગણીઓ અને સેલેબ્રિટીની ઝલકોથી છલકાયો

**મુંબઈ, તા.11**

બોલિવૂડ અભિનેત્રી સોનમ કપૂરના જીવનમાં ખુશીના દિવસો ચાલી રહ્યા છે. માતૃત્વ તરફના આ સુંદર પ્રવાસમાં તાજેતરમાં તેનો ખોળો ભરવાનો, કહો કે સીમંતનો (બેબી શાવર) પ્રસંગ યોજાયો હતો, જે પરંપરા, લાગણી અને સેલેબ્રિટી હાજરીથી ભરપૂર રહ્યો. આ ખાસ પ્રસંગની તસવીરો સોશિયલ મીડિયા પર શેર થતાં જ ચાહકો અને ફિલ્મ જગતનું ધ્યાન ખેંચી લીધું.

સોનમ કપૂરે આ ગોદ ભરાઈનો પ્રસંગ પોતાના નજીકના પરિવારજનો અને મિત્રોની હાજરીમાં યોજ્યો. ફૂલોથી સજાયેલું ડેકોર, પરંપરાગત પૂજા વિધિ અને હળવો-ઉષ્માભર્યું વાતાવરણ જેવી આ પ્રસંગને વિશેષ બનાવતી તમામ બાબતો અહીં જોવા મળી હતી.

આ પ્રસંગે સોનમ લાઈમ-ગ્રીન રંગના સુંદર લહેંગામાં ખૂબ જ ઝળાહળા લાગી રહી હતી. બેબી બમ્પ સાથેનો તેમનો સૌમ્ય અને આત્મવિશ્વાસભર્યો અંદાજ ચાહકોને ખૂબ પસંદ આવ્યો. તેમની સાથે પતિ આનંદ આહુજા પણ હાજર રહ્યા અને બંનેએ સાથે મળીને આ ખુશીની ક્ષણો માણી હતી.

સીમંતના આ પ્રસંગમાં બોલિવૂડના અનેક જાણીતા ચહેરાઓ હાજર રહ્યા. કરીના કપૂર ખાન, શબાના આઝમી, ભૂમિ પેડનેકર, મસાબા ગુપ્તા સહિત કપૂર પરિવારના અનેક સભ્યો આ પ્રસંગે સોનમને શુભેચ્છા આપવા પહોંચ્યા. સૌએ મળીને આ પળોને વધુ યાદગાર બનાવી.

પ્રસંગની અંદરની તસવીરોમાં સોનમ-આનંદના પ્રેમાળ પળો, પરિવાર સાથેની હસી-મજાક અને પરંપરાગત વિધિઓની ઝલક જોવા મળી. આ તસવીરો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે અને ચાહકો તરફથી અભિનંદન અને શુભેચ્છાઓ વરસી રહી છે. આ પ્રસંગ બાદ સોનમની નજીકની મિત્ર અને અભિનેતા રાણા દગ્ગુબાટી ની પત્ની મિહિકા બજાજે પણ સોનમ માટે હાર્દિક સંદેશ શેર કર્યો, જેમાં તેમની લાંબી મિત્રતા અને ખુશીની લાગણીઓ ઝલકતી જોવા મળી.

સોનમ કપૂરની ગોદ ભરાઈ માત્ર એક પરંપરાગત વિધિ નહીં, પરંતુ પ્રેમ, પરિવાર અને મિત્રતાની ઉજવણી હતી. માતૃત્વના આ નવા અધ્યાયની શરૂઆત સોનમે ખૂબ જ સૌમ્ય અને યાદગાર રીતે કરી–જેની ઝલક હવે સમગ્ર બોલિવૂડ અને ચાહકો માણી રહ્યા છે.

# ગોલમાલ 5માં કરીના કપૂર અને સારા અલી ખાન પહેલી વખત સાથે આવશે?


**મુંબઈ, તા.11**

રોહિત શેટ્ટીની ફિલ્મ 'ગોલમાલ 5'માં કરીના કપૂર ખાન અને સારા અલી ખાન પહેલી વખત એકસાથે જોવા મળે એવી શક્યતા છે. રિપોર્ટ પ્રમાણે આ ફિલ્મના ડિરેક્ટર રોહિત શેટ્ટીએ કહ્યું હતું કે મેં આ ફિલ્મ માટે કરીના અને સારાનો સંપર્ક કર્યો છે અને કુણાલ ખેમુ ફિલ્મના ક્રીએટિવ કન્સલ્ટન્ટ તરીકે કામ કરી રહ્યો છે. જો બધું બરાબર પાર પડશે તો કરીના અને સારા પહેલી વખત સાથે કામ કરશે. રોહિત શેટ્ટીનું પ્લાનિંગ ગોવામાં આ ફિલ્મનું શૂટિંગ ડિસેમ્બરમાં શરૂ કરીને આવતા વર્ષના માર્ચ મહિના સુધી પૂર્ણ કરી દેવાનું છે.





# સીડી અને તન્નુની જંગલી નૃત્ય ઝલક!



## સિદ્ધાર્થે અને તમન્ના મુંબઈમાં ફિલ્મ Vvan માટે ખાસ ફોકલોર ડાન્સ દૃશ્ય કરવા તૈયાર

**મુંબઈ, તા.11**

બાલાજી ટેલિફિલ્મ્સ અને દ વાયરલ ફીવર (TVF) દ્વારા બનાવાતી ફિલ્મ Vvan - Force of the Forest માં સિદ્ધાર્થ મલ્હોત્રા અને તમન્ના ભાટિયા ખાસ લોકસંસ્કૃતિથી પ્રેરિત ડાન્સ દૃશ્ય કરવા માટે મુંબઈમાં શૂટિંગ કરવા જઈ રહ્યા છે. આ દૃશ્ય ફિલ્મના ફોકલોર કેન્દ્રિત થીમ સાથે સારી રીતે જોડી દેવાનું આયોજન છે, જે લોકોની રસપ્રદતા વધારી રહ્યું છે. ફિલ્મ એક અનોખા ધોરણની લોક થ્રિલર છે અને બાલાજી ટેલિફિલ્મ્સ સાથે TVFનું સ્થાપક સહયોગ લઈને આવી રહી છે. આ બંને પાવરહાઉસ ગાથાકીય અને દૃશ્યાત્મક સ્ટાઈલ સાથે દર્શકોને નવો અનુભવ આપવાનો ઈરાદો ધરાવે છે.

# અક્ષય-સૈફ સ્ટારર 'હૈવાન'એ સોની પિક્ચર્સ સાથે ડિજિટલ અને સેટેલાઈટ ડીલ કરી.....

**મુંબઈ, તા.11**

અક્ષય કુમાર અને સૈફ અલી ખાન અભિનીત, દિગ્ગજ ફિલ્મમેકર પ્રિયદર્શન દ્વારા દિગ્દર્શિત ફિલ્મ 'હૈવાન' 2026ની સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મોમાંથી એક છે. ટાઈટ અને એજ-ઓફ-ધ-સીટ થ્રિલર તરીકે રજૂ થતી આ ફિલ્મને લઈને ખાસ કરીને લાંબા સમય બાદ અક્ષય કુમાર અને સૈફ અલી ખાનની મોટી સહભાગીતાને કારણે ભારે ચર્ચા ચાલી રહી છે. સૂત્રો મુજબ, ફિલ્મે હવે સોની પિક્ચર્સ નેટવર્ક્સ ઈન્ડિયા સાથે મોટી ડિજિટલ અને સેટેલાઈટ ડીલ હાંસલ કરી છે.



બોલિવૂડ હંગામાને સૂત્રે જણાવ્યું, "'હૈવાન' થેસ્પિયન ફિલ્મ્સ અને KVN પ્રોડક્શન્સનું પહેલું સંયુક્ત પ્રોજેક્ટ છે, અને ટીમે ફિલ્મના ડિજિટલ તથા સેટેલાઈટ રિલીઝ માટે પ્રતિષ્ઠિત સોની પિક્ચર્સ નેટવર્ક્સ ઈન્ડિયા સાથે આ મોટી ડીલ સફળતાપૂર્વક ફાઈનલ કરી છે. નિર્માતાઓ હાલમાં રિલીઝ તારીખ અંગે ચર્ચા કરી રહ્યા છે, જે બહુ જલ્દી નક્કી થશે."

'હૈવાન'નું શૂટિંગ પહેલેથી જ પૂર્ણ થઈ ચૂક્યું છે અને નિર્માતાઓ ફિલ્મના રસપ્રદ બેહાઈન્ડ-ધ-સીન્સ દૃશ્યો શેર કરી રહ્યા છે, જે દર્શકોને આશ્ચર્યચકિત કરી રહ્યા છે. પ્રિયદર્શન દિગ્દર્શિત આ ફિલ્મમાં શ્રિયા પિલગાંવકર, સૈયામી ખેર સહિત અનેક કલાકારોની વિવિધતાભરી સ્ટારકાસ્ટ પણ સામેલ છે.

'હૈવાન'નું નિર્માણ KVN પ્રોડક્શન અને થેસ્પિયન ફિલ્મ્સ દ્વારા કરવામાં આવ્યું છે, જેનું પ્રોડ્યુસન વેંકટ કે નારાયણા અને શૈલજા દેસાઈ ફેન દ્વારા કરવામાં આવ્યું છે.

# 'મારી પાસે પૈસા નથી,' તિહાર જેલમાં શરણાગતિ સ્વીકારતાં પહેલાં રાજપાલ યાદવનો ભાવનાત્મક વિલાપ

**મુંબઈ, તા.11**

પોતાના હાસ્ય-વ્યંગ સાથે લાખો ચહેરા હસાવનાર જાણીતા અભિનેતા રાજપાલ યાદવ '



તિહાર જેલમાં શરણાગતિ સ્વીકારતાં પહેલાં રડી પડ્યા હતા. આશરે 2.5 કરોડના ચેક બાઉન્સ કેસમાં દિલ્હી હાઈકોર્ટ તરફથી કોઈ રાહત ન મળ્યા બાદ, અભિનેતાએ તિહાર જેલમાં શરણાગતિ સ્વીકારી. દિલ્હી હાઈકોર્ટે ભંડોળની વ્યવસ્થા કરવા માટે વધુ સમય માંગવાની તેમની અંતિમ અરજી ફગાવી દીધાના થોડા કલાકો પછી, તેમના 2010 ના દિગ્દર્શક સાહસ "આતા પતા લપતા" સંબંધિત લાંબી કાનૂની લડાઈ શરૂ થઈ.

શરણાગતિ સ્વીકારતાં પહેલાં, રાજપાલ યાદવે એક ભાવનાત્મક નિવેદન આપ્યું હતું, જેમાં કેસના કારણે તેમના પર કેટલું દબાણ છે તે ખુલાસો થયો હતો. યાદવે કહ્યું હતું કે "સાહેબ, મારે શું કરવું જોઈએ? મારી પાસે પૈસા નથી. મને બીજો કોઈ રસ્તો દેખાતો નથી... સાહેબ, અહીં આપણે બધા એકલા છીએ. મારા કોઈ મિત્રો નથી. મારે આનો સામનો એકલા જ કરવો પડશે."

# દેશભરમાં કાલે બેંક હડતાળ: બેંક કર્મચારીઓ નવા લેબર કોડ સામે વિરોધ પ્રદર્શન કરશે....

નવી દિલ્હી, તા.11

દેશભરમાં આવતીકાલે એટલે કે 12 ફેબ્રુઆરીએ તમામ બેંક કર્મચારીઓ હડતાળ પર રહેશે. દેશના મોટા બેંક સંગઠનો ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ એસોસિએશન (AIBEA), ઓલ ઈન્ડિયા બેંક ઓફિસર્સ એસોસિએશન (AIBOA) અને બેંક એમ્પ્લોઈઝ ફેડરેશન ઓફ ઈન્ડિયા (BEFI) એ આવતીકાલે હડતાળની જાહેરાત કરી છે.




હડતાળના કારણે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) એ ગ્રાહકોને જાણ કરી છે કે 12 ફેબ્રુઆરીએ હડતાળના કારણે બેંકિંગ સેવાઓ પ્રભાવિત થઈ શકે છે. SBI ઉપરાંત, IDBI બેંકને પણ યુનિયન તરફથી હડતાળની નોટિસ મળી છે.

જોકે, RBI કે અન્ય બેંકોએ આ દિવસે રજા જાહેર કરી નથી, પરંતુ કર્મચારીઓના હડતાળમાં જોડાવાથી શાખાઓના કામકાજ પર અસર પડશે.

હડતાળનું મુખ્ય કારણ કેન્દ્ર સરકારના 4 નવા લેબર કોડ છે. યુનિયનોનું કહેવું છે કે આ કોડ 29 જૂના શ્રમ કાયદાઓનું સ્થાન લેશે, જેનાથી કર્મચારીઓના અધિકારોમાં ઘટાડો થશે અને ટ્રેડ યુનિયનોનું રજીસ્ટ્રેશન કરાવવું મુશ્કેલ બનશે.

આ સાથે જ કર્મચારીઓ લાંબા સમયથી બેન્કિંગ સેક્ટરમાં '5-ડે વર્ક વીક' (અઠવાડિયામાં 5 દિવસ કામ) લાગુ કરવાની માંગ કરી રહ્યા છે. યુનિયનોનો તર્ક છે કે કામના વધતા દબાણને કારણે કર્મચારીઓનું 'વર્ક-લાઈફ બેલેન્સ' બગડી રહ્યું છે. હાલમાં બેંકોમાં બીજા અને ચોથા શનિવારે રજા હોય છે, જેને કર્મચારીઓ દર શનિવારે લાગુ કરવાની માંગ કરી રહ્યા છે.

બ્રાન્ચના કામકાજ ઠપ થઈ શકે છે: જો તમારે બેંક જઈને રોકડ જમા કરાવવી હોય, નવી ચેકબુક લેવી હોય કે KYC (KYC) અપડેટ કરાવવું હોય, તો કાલે આ કામોમાં તમને મુશ્કેલી પડી શકે છે.

ચેક ક્લિયરન્સમાં વિલંબ: ચેક ક્લિયર કરતી મશીનો અને પ્રક્રિયાઓ ઘણીવાર સરકારી બેંકો દ્વારા ચાલે છે. હડતાળને કારણે ચેક ક્લિયર થવામાં 2-3 દિવસનો વિલંબ થઈ શકે છે, જેનાથી તમારી ચુકવણી અટકી શકે છે.

ATMમાં રોકડની અછત: સતત 3 દિવસ બેંક બંધ રહેવાથી ATMમાં રોકડ ખતમ થવાની શક્યતા વધી જાય છે. ખાસ કરીને નાના શહેરો અને રહેણાંક વિસ્તારોના ATM કાલે ખાલી મળી શકે છે.

લોન અને સરકારી કામ: જો તમારી કોઈ લોન પાસ થવાની હોય અથવા તમને બેંકમાંથી કોઈ NOC (નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ) જોઈતું હોય, તો તમારે હવે બુધવાર અથવા ગુરુવાર સુધી રાહ જોવી પડશે.

UPI અને ડિજિટલ પેમેન્ટ: ગૂગલ પે, ફોનપે, પેટીએમ અને ભીમ યુપીઆઈ (BHIM UPI) સંપૂર્ણપણે કામ કરશે. તમે દુકાનો પર પેમેન્ટ અને ઓનલાઈન શોપિંગ આરામથી કરી શકશો.

ઈન્ટરનેટ અને મોબાઈલ બેંકિંગ: તમે તમારી મોબાઈલ એપ અથવા કમ્પ્યુટરથી પૈસા ટ્રાન્સફર (IMPS/NEFT/RTGS) કરી શકશો. બેલેન્સ ચેક કરવું અથવા બિલ પેમેન્ટ જેવા કામ ચાલુ રહેશે.

ખાનગી બેંકો: HDFC, ICICI, અને Axis જેવી મોટી ખાનગી બેંકો ખુલ્લી રહેશે. તેમના ગ્રાહકોના તમામ કામ સામાન્ય રીતે ચાલુ રહેશે. એટીએમ (ATM): ટેકનિકલ રીતે એટીએમ બંધ કરવામાં આવતા નથી. જો એટીએમમાં રોકડ ઉપલબ્ધ હોય, તો તમે કાર્ડ વડે પૈસા ઉપાડી શકશો.

# ચાંદી 13 દિવસમાં ₹1.27 લાખ સસ્તી: ₹2.58 લાખ પ્રતિ કિલો પર આવી, સોનું ₹20,008 ઘટીને ₹1.56 લાખ પર આવ્યું......

નવી દિલ્હી, તા.11



સોના-ચાંદીના ભાવમાં સતત બે દિવસની તેજી બાદ આજે 11 ફેબ્રુઆરીએ ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, ચાંદીની કિંમત એક હજાર રૂપિયા ઘટીને 2.58 લાખ રૂપિયા પ્રતિ કિલો પર આવી ગઈ છે. આ પહેલા મંગળવારે તેની કિંમત 2.59 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી. જ્યારે, તે તેના ઓલ ટાઈમ હાઈથી 1.28 લાખ રૂપિયા સસ્તી થઈ ગઈ છે. 29 જાન્યુઆરીએ ચાંદીની કિંમત 3.86 લાખ રૂપિયાના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગઈ હતી. જ્યારે, આજે 10 ગ્રામ 24 કેરેટ સોનાની કિંમત 142 રૂપિયા ઘટીને 1.56 લાખ રૂપિયા પર આવી ગઈ છે. આ પહેલા 10 ફેબ્રુઆરીએ તેના ભાવ 1.56 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતા. સોનું પણ તેના ઓલ ટાઈમ હાઈથી 20 હજાર રૂપિયા સસ્તું થઈ ગયું છે. તેની કિંમત પણ 29 જાન્યુઆરીએ 1.76 લાખ રૂપિયાના તેના સર્વોચ્ચ સ્તરે હતી.

IBJA ના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન શામેલ નથી હોતું. તેથી શહેરોના ભાવ આનાથી અલગ હોય છે. આ ભાવોનો ઉપયોગ RBI સોવરેન ગોલ્ડ બોન્ડના ભાવ નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના ભાવ નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે.

સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક લાગેલો સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ)થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે. મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબક સાથે ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે. આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો. અસલી ચાંદી પર બરફ ખૂબ ઝડપથી પીગળશે. સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં ગંધ હોતી નથી. નકલીમાં કોપર જેવી ગંધ આવી શકે છે. ક્લોથ ટેસ્ટ: ચાંદીને સફેદ કપડાથી ઘસો. જો કાળો નિશાન આવે તો અસલી છે.

# મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો નફો 47% વધીને ₹4,675 કરોડ થયો: ત્રીજા ક્વાર્ટરમાં રેવન્યુ 26% વધી, એક વર્ષમાં કંપનીનો શેર 20% વધ્યો.....

મુંબઈ, તા.11

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો નાણાકીય વર્ષ 2025-26ના ત્રીજા ક્વાર્ટરમાં કન્સોલિડેટેડ નફો વાર્ષિક ધોરણે (YoY) 47% વધીને 4,675 કરોડ થયો છે. એક વર્ષ પહેલાના સમાન ક્વાર્ટર (Q3FY25)માં કંપનીને 3,181 કરોડનો નફો થયો હતો. (11 ફેબ્રુઆરી) કંપનીએ નાણાકીય વર્ષ 2025-26ના ત્રીજા ક્વાર્ટર (ઓક્ટોબર-ડિસેમ્બર)ના પરિણામો જાહેર કર્યા છે. પરિણામો પછી મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો શેર 0.16%ના વધારા સાથે 3,681 પર ટ્રેડ થઈ રહ્યો છે. છેલ્લા એક વર્ષમાં શેર 20% વધ્યો છે. કંપનીનું માર્કેટ કેપ 4.41 લાખ કરોડ છે. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના ઓપરેશનમાંથી રેવન્યુમાં વાર્ષિક ધોરણે 26%નો વધારો થયો છે. FY26ના ત્રીજા ક્વાર્ટરમાં ઓપરેશનમાંથી રેવન્યુ 52,100 કરોડ રહી. એક વર્ષ પહેલાના સમાન ક્વાર્ટર એટલે કે FY25ના ત્રીજા ક્વાર્ટરમાં રેવન્યુ




41,470 કરોડ રહી હતી.

ત્રીજા ક્વાર્ટરમાં કંપનીની કુલ આવક વાર્ષિક ધોરણે (YoY) 26% વધીને 52,958 કરોડ રૂપિયા થઈ, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં 41,881 કરોડ રૂપિયા હતી. જ્યારે ત્રિમાસિક ધોરણે કંપનીની કુલ આવક 13% વધી છે. કંપનીના વાહનોનું વેચાણ પણ વાર્ષિક ધોરણે 23% વધીને 3.02 લાખ યુનિટ્સ થયું. SUV સેગમેન્ટમાં વૃદ્ધિ: મહિન્દ્રાની SUV જેવી કે થાર, સ્કોર્પિયો-એન અને XUV700ની બજારમાં માગ ઝડપથી વધી છે. SUV માર્કેટમાં કંપનીનો રેવન્યુ હિસ્સો વધીને 24.1% થયો છે. માત્ર ઓટો સેગમેન્ટના નફામાં 42%નો વધારો નોંધાયો છે.

સર્વિસિસ બિઝનેસમાં વૃદ્ધિ: મહિન્દ્રા ગ્રુપના સર્વિસિસ સેક્ટર (ફાઈનાન્સ, આઈટી, લોજિસ્ટિક્સ વગેરે) એ આ વખતે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. આ સેગમેન્ટનો નફો ગયા વર્ષની સરખામણીમાં લગભગ બમણો (100%નો વધારો) થઈને 1,637 કરોડ રૂપિયા થયો છે.

ટ્રેક્ટર બજારમાં નંબર-1 સ્થાન: ખેતીની સિઝનમાં મહિન્દ્રાના ટ્રેક્ટરના વેચાણમાં 23%નો ઉછાળો આવ્યો. કંપનીએ 1.50 લાખ ટ્રેક્ટર વેચીને બજારમાં પોતાનું નંબર-1 સ્થાન જાળવી રાખ્યું છે, જેનાથી ફાર્મ ઈક્વિપમેન્ટ બિઝનેસના રેવન્યુમાં 21%ની વૃદ્ધિ મળી છે. મહિન્દ્રા ફાઈનાન્સ અને ટેક મહિન્દ્રાની રિકવરી: મહિન્દ્રા ફાઈનાન્સનો નફો 97% વધ્યો છે અને તેની એસેટ ક્વોલિટીમાં મોટો સુધારો આવ્યો છે. જ્યારે ટેક મહિન્દ્રાના માર્જિનમાં પણ 2.90%નો સુધારો જોવા મળ્યો, જેનાથી ગ્રુપના ઓવરઓલ નફાને મજબૂતી મળી.

# BHELના શેર સસ્તામાં ખરીદવાની તક: સરકાર 5% હિસ્સેદારી વેચી રહી છે, ₹254 ફ્લોર પ્રાઈસ નક્કી, કાલે રિટેલ રોકાણકારો બોલી લગાવી શકશે...

નવી દિલ્હી, તા.11

કેન્દ્ર સરકાર BHEL એટલે કે, ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડમાં પોતાનો હિસ્સો વેચવા જઈ રહી છે. તેમાં ઓફર ફોર સેલ (OFS) દ્વારા 3% હિસ્સો વેચશે. ગ્રીન શૂ ઓપ્શન દ્વારા 2% વધારાનો હિસ્સો વેચવાનો વિકલ્પ પણ રાખવામાં આવ્યો છે. આ રીતે સરકાર કુલ 5% હિસ્સો વેચી શકે છે. આ OFS 11 ફેબ્રુઆરીએ ખુલ્યો છે. 12 ફેબ્રુઆરી સુધી તેમાં રોકાણ કરી શકાય છે. તેના માટે 254 પ્રતિ શેરનો ફ્લોર પ્રાઈસ નક્કી કરવામાં આવ્યો છે, જે મંગળવારે બજાર બંધ થવાના ભાવ 276 થી 8% ઓછો છે. આજે તેનો શેર 6% નીચે 260 પર ટ્રેડ કરી રહ્યો છે. નોન-રીટેલ રોકાણકારો માટે આ ઓફર બુધવાર, 11 ફેબ્રુઆરીના રોજ ખુલી ગઈ છે.

રીટેલ રોકાણકારો 12 ફેબ્રુઆરીના રોજ સવારે 9:15




વાગ્યાથી 3:30 વાગ્યા સુધી બોલી લગાવી શકશે.

કુલ 5% હિસ્સેદારીના વેચાણથી સરકાર આશરે 4,422 કરોડ એકત્ર કરવા માંગે છે. વર્તમાનમાં BHEL ની પ્રમોટર ભારત સરકાર છે. સરકારની કંપનીમાં કુલ 63.17% હિસ્સેદારી છે. આ 5% હિસ્સેદારીના વેચાણ પછી પણ કંપની પર સરકારનું નિયંત્રણ જળવાઈ રહેશે. વિનિવેશ હેઠળ સરકાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અન્ય વિકાસના કાર્યો માટે ફંડ એકત્ર કરી રહી છે.

BHELનો ડિસેમ્બર ક્વાર્ટરમાં ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 206% વધીને 382 કરોડ રહ્યો, જે ગયા વર્ષે આ જ ક્વાર્ટરમાં 125 કરોડ હતો. કંપનીની આવક પણ 16% વધીને 8,473 કરોડ પર પહોંચી ગઈ. કામકાજમાં સુધારો અને ઓપરેશન્સ પર સારી પકડને કારણે કંપનીનો નફો વધ્યો છે.

હિસ્સેદારી વેચવાના સમાચાર વચ્ચે કંપનીને એક મોટો વર્ક ઓર્ડર પણ મળ્યો છે. BHELને ભારત કોલ ગેસિફિકેશન એન્ડ કેમિકલ્સ લિમિટેડ તરફથી આશરે 2,800 કરોડનો લેટર ઓફ એક્સેપ્ટન્સ (LoA) મળ્યો છે. આ પ્રોજેક્ટ ઓડિશાના ઝારસુગુડા જિલ્લામાં 'કોલ-ટુ-એમોનિયમ નાઈટ્રેટ' પ્લાન્ટ સાથે સંકળાયેલો છે. BHEL ને આમાં ડિઝાઈન, એન્જિનિયરિંગ, સપ્લાય અને મેન્ટેનન્સનું કામ કરવાનું છે.

OFS શેરબજાર દ્વારા હિસ્સેદારી વેચવાની એક સરળ રીત છે. આમાં પ્રમોટર (આ કિસ્સામાં ભારત સરકાર) પોતાના શેર સીધા રોકાણકારોને ઓફર કરે છે.

આમાં સામાન્ય રીતે શેરની વર્તમાન બજાર કિંમત કરતાં થોડું ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે જેથી વધુને વધુ રોકાણકારો આકર્ષિત થઈ શકે.

જ્યારે કોઈ શેર વેચાણ (OFS અથવા IPO) માં માંગ અપેક્ષા કરતાં વધુ હોય છે, ત્યારે કંપની કે સરકાર પાસે કેટલાક વધારાના શેર વેચવાનો અધિકાર હોય છે. આને જ 'ગ્રીન શૂ ઓપ્શન' કહેવાય છે. BHEL ના કિસ્સામાં સરકારે 3% ઉપરાંત 2% નો આ જ વિકલ્પ રાખ્યો છે.

ફ્લોર પ્રાઈસ એ ન્યૂનતમ કિંમત હોય છે જેના પર સરકાર કે પ્રમોટર પોતાના શેર વેચવા તૈયાર હોય છે. રોકાણકારો આનાથી ઓછી કિંમત પર બોલી લગાવી શકતા નથી. સામાન્ય રીતે રોકાણકારોને આકર્ષવા માટે તેને બજારની વર્તમાન કિંમત કરતાં થોડી ઓછી રાખવામાં આવે છે.

# અમેરિકી તપાસ એજન્સી સાથે વાત કરી રહી છે અદાણી એન્ટરપ્રાઈઝિસ: લાંચની તપાસમાં અમેરિકી સરકારે માહિતી માગી, ₹2,029 કરોડની લાંચ આપવાનો આરોપ

નવી દિલ્હી, તા.11

અદાણી ગ્રુપની કંપની અદાણી એન્ટરપ્રાઈઝે મંગળવારે જણાવ્યું હતું કે તે અમેરિકી તપાસ એજન્સી 'ઓફિસ ઓફ ફોરેન એસેટ્સ' (OFAC) સાથે વાતચીત કરી રહી છે. આ મામલો ગયા વર્ષે જૂનમાં 'વોલ સ્ટ્રીટ જર્નલ' (WSJ)માં છપાયેલા એક રિપોર્ટ સાથે જોડાયેલો છે. જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે અબજોપતિ ગૌતમ અદાણી પોતાના પર લાગેલા લાંચના આરોપોને સમાપ્ત કરાવવા માટે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રશાસનનો સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

હકીકતમાં અદાણી ગ્રુપ પર અમેરિકામાં 2,029 કરોડ રૂપિયાની લાંચ આપવાનો આરોપ છે. ગયા વર્ષે અમેરિકામાં અદાણી સહિત 8 લોકો પર અબજો રૂપિયાની છેતરપિંડીના આરોપો લાગ્યા હતા. એટર્ની ઓફિસના



આરોપપત્ર મુજબ, અદાણીની કંપનીએ ભારતમાં રિન્યુએબલ એનર્જીના પ્રોજેક્ટ ખોટી રીતે મેળવ્યા હતા. આ માટે સરકારી અધિકારીઓને 250 મિલિયન ડોલર એટલે કે લગભગ 2,029 કરોડ રૂપિયાની લાંચ આપવાનો આરોપ અદાણી પર લગાવવામાં આવ્યો હતો. આરોપીઓએ અમેરિકી રોકાણકારો અને બેંકો સાથે જૂઠું બોલીને પૈસા એકઠા કર્યા.

આ આખો મામલો અદાણી ગ્રુપની કંપની અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ અને અન્ય એક ફર્મ સાથે સંકળાયેલો હતો. 24 ઓક્ટોબર 2024 ના રોજ ન્યૂયોર્કની ફેડરલ કોર્ટમાં આ કેસ દાખલ થયો હતો.

અદાણી એન્ટરપ્રાઈઝે જણાવ્યું કે તેને 4 ફેબ્રુઆરીએ અમેરિકી ઓફિસ ઓફ ફોરેન એસેટ્સ તરફથી એક 'રિક્વેસ્ટ ફોર ઈન્ફોર્મેશન' (RFI) એટલે કે માહિતી માગતો પત્ર મળ્યો છે. કંપનીએ સ્પષ્ટ કર્યું કે તપાસ એજન્સી સાથે તેમની વાતચીત ચાલી રહી છે. જોકે, કંપનીએ એમ પણ કહ્યું કે અત્યાર સુધીની વાતચીત કે પત્રોમાં તેમની વિરુદ્ધ કોઈપણ પ્રકારની અનિયમિતતા કે નિયમોના ઉલ્લંઘનની વાત સામે આવી નથી.

આ વિવાદનું મૂળ ગયા વર્ષે જૂનમાં પ્રકાશિત થયેલા વોલ સ્ટ્રીટ જર્નલના એક રિપોર્ટમાં છે. આ રિપોર્ટમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે ગૌતમ અદાણી અમેરિકી પ્રશાસન સાથે મળીને તેમની સામે અમેરિકામાં નોંધાયેલા લાંચના આરોપોને હટાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે ગ્રુપનો પ્રયાસ હતો કે ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસન આ આરોપોને રદ કરવામાં મદદ કરે. હવે અમેરિકી એજન્સીઓ આ સંબંધમાં કંપની પાસેથી ડેટા અને માહિતી એકત્રિત કરી રહી છે.

અદાણી એન્ટરપ્રાઈઝે BSE ને જણાવ્યું કે અમેરિકી એજન્સી સાથે તેમનું સંચાર સામાન્ય પ્રક્રિયાનો ભાગ છે. કંપનીએ નિવેદનમાં કહ્યું કે, તપાસ એજન્સી તરફથી જે પત્ર મળ્યો છે, તેમાં અત્યાર સુધી કોઈપણ પ્રકારના નિયમોના ઉલ્લંઘન કે કોઈ ખોટા કામની પુષ્ટિ થઈ નથી. કંપનીનું કહેવું છે કે તેઓ અધિકારીઓ સાથે સંપૂર્ણ સહયોગ કરી રહ્યા છે અને પારદર્શિતા રાખી રહ્યા છે. જેવી કંપનીએ અમેરિકી એજન્સી સાથે ચાલી રહેલી આ વાતચીતનો ખુલાસો કર્યો, બજારમાં અદાણી એન્ટરપ્રાઈઝના શેર ઈન્ટ્રા-ડે ટ્રેડિંગ દરમિયાન 3.5% સુધી ઘટી ગયા.

# શેરબજારમાં ફ્લેટ કારોબાર: સેન્સેક્સ 40 પોઈન્ટ ઘટીને 84,234 પર બંધ, નિફ્ટી 19 પોઈન્ટ વધ્યો, ઓટો અને હેલ્થકેર શેરોમાં ખરીદી

મુંબઈ, તા.11

શેરબજારમાં આજે એટલે કે 11 ફેબ્રુઆરીએ ફ્લેટ કારોબાર રહ્યો. સેન્સેક્સ 40 પોઈન્ટના ઘટાડા સાથે 84,234 પર બંધ થયો. જ્યારે નિફ્ટીમાં 19 પોઈન્ટનો વધારો રહ્યો, તે 25,954 પર બંધ થયો.

ઓટો અને હેલ્થકેર શેરોમાં વધારો રહ્યો. જ્યારે IT અને પ્રાઈવેટ બેંકોના શેરોમાં ઘટાડો રહ્યો. સેન્સેક્સના 30 શેરોમાંથી 17 શેર ઘટીને બંધ થયા. જ્યારે નિફ્ટી-50ના 26 શેરોમાંથી 26 શેરોમાં વેચવાલી રહી.

દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 1% ઉપર 5,354 પર બંધ થયો, જ્યારે જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ આજે બંધ છે.

હોંગકોંગનો હેંગસેંગ 0.31% વધીને 27,266 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ 0.08% ઉપર 4,131 પર બંધ થયો.



10 ફેબ્રુઆરીના રોજ અમેરિકાનો ડાઉ જોન્સ 0.10% ઉપર 50,188 પર બંધ થયો. નાસ્ડેક 0.59% અને S&P 500 0.33% ઘટીને બંધ થયો.

વિદેશી રોકાણકારો (FII) એ 10 ફેબ્રુઆરીના રોજ 69 કરોડ અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII) એ 1,174 કરોડના શેર ખરીદ્યા.

ડિસેમ્બર 2025માં FIIs એ કુલ 34,350 કરોડના શેર વેચ્યા હતા. આ બજારને સંભાળી રહેલા DIIs એ 79,620 કરોડના શેર ખરીદ્યા હતા.

આય ફાઈનાન્સ અને ફેક્ટલ એનાલિટિક્સના IPOનો છેલ્લો દિવસ નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપની (NBFC) આય ફાઈનાન્સ અને ફેક્ટલ એનાલિટિક્સ કંપનીના IPOનો આજે છેલ્લો દિવસ છે. રોકાણકારો 11 ફેબ્રુઆરી સુધી તેમાં બોલી લગાવી શકશે. આય ફાઈનાન્સ આ ઈશ્યૂ દ્વારા 1,010 કરોડ એકત્ર કરવા માંગે છે. જ્યારે ફેક્ટલ એનાલિટિક્સ 2,833.90 કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે.

આ પહેલા ગઈકાલે એટલે કે 10 ફેબ્રુઆરીએ બજારમાં તેજી જોવા મળી હતી. સેન્સેક્સ લગભગ 208 પોઈન્ટના ઉછાળા સાથે 84,274 પર બંધ થયો છે. જ્યારે નિફ્ટીમાં 68 પોઈન્ટનો વધારો થયો હતો, તે 25,935 પર ટ્રેડ થઈ રહ્યો છે. આજે ઓટો, આઈટી અને મીડિયા શેરોમાં તેજી જોવા મળી છે. ઓટો સેક્ટર સૌથી વધુ 1.37% વધ્યો છે.

# ભારત-PAK મેચ, દિલ્હી-મુંબઈથી કોલંબો ફ્લાઈટ 5 ગણી મોંઘી: ₹1.45 લાખ સુધીનો ખર્ચ કરવો પડશે, હોટલનું ભાડું ₹1.13 લાખ સુધી પહોંચ્યું...

નવી દિલ્હી, તા.11

ભારત અને પાકિસ્તાન વચ્ચે ટી-20 ક્રિકેટ વર્લ્ડ કપ 2026ની મેચ 15 ફેબ્રુઆરીના રોજ શ્રીલંકાના કોલંબોમાં સાંજે 7 વાગ્યાથી રમાશે. જો તમે આ મેચ જોવા માટે 14 અને 15 ફેબ્રુઆરીએ ફ્લાઈટથી કોલંબો જવા માગો છો, તો તમારે 5 ગણા સુધી ભાડું ચૂકવવું પડશે.

મેકમાયટ્રિપની વેબસાઈટ પર મંગળવારે (10 ફેબ્રુઆરી) 14 અને 15 ફેબ્રુઆરીએ દિલ્હી-મુંબઈથી કોલંબો ફ્લાઈટનું ભાડું એક પેસેન્જર માટે 1.45 લાખ સુધી દર્શાવી રહ્યું છે. સામાન્ય દિવસોમાં કોલંબોની ડાયરેક્ટ ફ્લાઈટનું ભાડું 30 હજાર રૂપિયાની આસપાસ રહે છે. જ્યારે કોલંબોમાં મોટી હોટલોનું ભાડું પણ 1.14 લાખ સુધી પહોંચી ગયું છે. દિલ્હીથી કોલંબો જવામાં ડાયરેક્ટ ફ્લાઈટથી લગભગ 4 કલાક લાગે છે. મેચના એક દિવસ પહેલા 14 ફેબ્રુઆરીએ એર ઈન્ડિયાની નોનસ્ટોપ ફ્લાઈટનું ભાડું 90 હજારથી 1.09 લાખ સુધી છે. જ્યારે શ્રીલંકન એરલાઈન્સનું ભાડું 65 હજારથી 1.45 લાખ સુધી દર્શાવી રહ્યું છે.

મેચના દિવસે રવિવાર (15 ફેબ્રુઆરી)ના રોજ સાંજે 7 વાગ્યા પહેલા એર ઈન્ડિયાની નોનસ્ટોપ ફ્લાઈટનું ભાડું 1.09 લાખ છે. જ્યારે શ્રીલંકન એરલાઈન્સનું ભાડું 66 હજાર દર્શાવી રહ્યું છે.



જ્યારે મુંબઈથી કોલંબો પહોંચવામાં ડાયરેક્ટ ફ્લાઈટને લગભગ 3 કલાક લાગે છે. 14 ફેબ્રુઆરીના રોજ એર ઈન્ડિયાની નોનસ્ટોપ ફ્લાઈટનું ભાડું 90 હજાર સુધી છે. જ્યારે શ્રીલંકન એરલાઈન્સનું ભાડું 56 હજાર સુધી દર્શાવી રહ્યું છે. 15 ફેબ્રુઆરીના રોજ સાંજે 7 વાગ્યા પહેલા એર ઈન્ડિયાની નોનસ્ટોપ ફ્લાઈટનું ભાડું 28 હજાર છે. જ્યારે શ્રીલંકન એરલાઈન્સનું ભાડું 66 હજાર દર્શાવી રહ્યું છે. જો તમે 14 ફેબ્રુઆરી અને 15 ફેબ્રુઆરીના રોજ કોલંબોમાં 3 સ્ટાર, 4 સ્ટાર કે 5 સ્ટાર જેવી મોટી હોટલોમાં 2 લોકો માટે રૂમ બુક કરો છો, તો એક રાતનું ભાડું 1.14 લાખ સુધી છે. સામાન્ય દિવસોમાં કોલંબોમાં મોટી હોટલોનું ભાડું 40 હજાર સુધી રહે છે. જોકે, નાની હોટલો અને ગેસ્ટ હાઉસમાં 2 થી 3 હજાર રૂપિયા સુધીમાં પણ રૂમ મળી જશે. શ્રીલંકાનો પર્યટન ઉદ્યોગ હાલમાં સંકટમાંથી પસાર થઈ રહ્યો છે. શ્રીલંકાની સેન્ટ્રલ બેંકના એક રિપોર્ટ અનુસાર, શ્રીલંકામાં પ્રવાસીઓની વધતી સંખ્યા છતાં કમાણીમાં ઘટાડો થયો છે. રિપોર્ટમાં જણાવાયું છે.

**નામ બદલેલ છે**

હું અઝરૂદીન રૂકનોદ્દીન મલેક જે મારા દીકરાના જન્મના દાખલામાં મારાથી શરતચુકથી દાખલામાં અતુરુદીન લખાવી દીધેલ હતુ જે મારા દિકરાનું નામ બદલીને મોહમદઅરતરૂલ અઝરૂદીન મલેક કરેલ છે.

એડ્રેસ: કુતુબ રેસીડેન્સી, મુરમુર ફળી, રામોલ ગામ, અમદાવાદ-382449.

**પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન**

**ફૂટ ઓવર બ્રિજ ની જોગવાઈ**

**ટેન્ડર નં. ઇએલ-ટીઆરડી-ટેંડર (નિવિદા)-25-26-23R.** ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડિવિઝનલ રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ ટીઆરડી), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 390004 દ્વારા નીચે જણાવેલ કામ માટે ટેન્ડર આમંત્રિત છે. **અ.નં. 1- ટેન્ડર નં.: ઇએલ-ટીઆરડી-ટેંડર (નિવિદા)-25-26-23R, કામનું નામ:** વિશ્વામિત્રી અને પાલેજ ખાતે ફૂટ ઓવર બ્રિજ (F O B) ની જોગવાઈના સંદર્ભમાં ઓવર હેડ ઇક્વિપમેન્ટ (OHE) ફેરફારનું કાર્ય અને વડોદરા યાર્ડ અને ઇલેક્ટ્રિક લોકો શેડ ખાતે ઓવર હેડ ઇક્વિપમેન્ટ (OHE) કાર્ય. **કામનો અંદાજીત ખર્ચ:** ₹ 1,78,43,714/- **બિડ સિક્યોરિટી:** ₹ 2,39,200/- **ટેન્ડર ડોક્યુમેન્ટ્સ ની કિંમત અને પૂર્ણ કરવાનો સમયગાળો:** પૂર્ણ કરવાનો સમયગાળો - 18 મહિના, **ટેન્ડરનું શિડ્યુલ:** ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય: તા. 11/03/2026 ના રોજ 15.00 કલાકે. **વેબપેજની વિગત અને નોટિસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઈ શકાશે. અને માહિતી માટે ઓફિસનું સરનામું:** વેબસાઈટ @ **www.ireps.gov.in** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ ટીઆરડી), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા -390 004 354

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# બોપલના વકીલ સાહેબ બ્રિજ નીચે છરીના ઘા ઝીંકીને યુવકની હત્યા: બસમાં બેઠો હતો ને ત્રણ શખ્સોએ બહાર બોલાવીને રહેંસી નાખ્યો...

**અમદાવાદ, તા.11**

અમદાવાદમાં શહેરના બોપલ ખાતે આવેલા વકીલ સાહેબ બ્રીજની નીચે મોડીરાતે એક યુવકની તેના મિત્રોની સાથે છરીના ઘા ઝીંકીને ત્રણ શખ્સોએ ઘાતકી હત્યા કરી દેતા ચકચારમચી ગઈ છે.યુ વકને બસની બહાર લોવાની ત્રણ શખ્સોએ બબાલ કરી હતી અને ત્યારબાદ હિંસક હુમલો કરીને શિવા કલસુવાને મોતનો ઘાટ ઉતારી દીધો હતો.

આ અંગે સરખેજ પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી છે. જ્યારે બીજા બનાવમાં શાહપુરમાં અજાણ્યા શખ્સોએ યુવાનને છરીના ઘા માર્યા છે, તે હાલ સારવાર હેઠળ છે.

મણીનગર વિસ્તારમાં આવેલા મોતીભાઈની ચાલીમાં રહેતા કિશન કલાસુઆએ સરખેજ પોલીસ સ્ટેશનમાં સુનિલ ખોકરીયા સહિત ત્રણ લોકો વિરૂદ્ધ હત્યાની ફરિયાદ કરી છે. કિશન મુળ રાજસ્થાનનો વતની છે અને પત્નિ મમતા સાથે ભાડાના મકાનમાં રહે છે. કિશન ઈસનપુરમાં નોકરી કરે છે જ્યારે તેનો ફોઈનો દિકરો શિવા કલાસુઆ અને સંબંધી શિવા પરમાર સાઉથ બોપલમાં ભાડેથી રહે છે.

ગઈકાલે કિશન પોતાની નોકરી પુરી કરીને ઘરે ગયો ત્યારે રાતે બાર વાગ્યાની આસપાસ તેના કૌટુંબિક ભાઈ રીતેશ કલાસુઆનો ફોન આવ્યો હતો. રીતેશે ફોન પર જણાવ્યુ હતુંકે ફોઈના દિકરા શિવાનો બોપલ બ્રિજ પાસે ઝઘડો થયો છે અને તે ફોન ઉપાડતો નથી. ભાઈની વાત સાંભળતાની સાથેજ કિશન અને મમતા મણીનગરથી બોપલ જવા માટે રવાના થયા હતાં.

બોપલ પહોચ્યા ત્યારે કિશનને જાણવા મળ્યું કે શિવાને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કર્યો છે. કિશન મમતા સાથે હોસ્પિટલ



પહોચ્યો ત્યારે શિવાને જોઈને તેના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. શીવાના શરીર પર છરીના ઘા વાગેલા હતા અને તેનુ મોત થયુ હતું.

શિવાના પરિચિત યુવતી તન્નુ તેમજ સુરેશે જણાવ્યુ કે, શિવા વકીલ સાહેબ બ્રીજની નીચે સુરેશ અહારીની ટ્રાવેલ્સ બસમાં બેઠો હતો ત્યારે તેના માબાઈલમાં નારાયણ ઉર્ફે રાજકુમારનો ફોન આવ્યો હતો. નારાયણે શિવાને મળવાનું જણાવતા તેણે તેને વકીલ સાહેબ બ્રિજ નીચે બોલાવ્યો હતો.

નારાયણ તેની સાથે ત્રણ લોકોને લઈને આવ્યો હતો અને ટ્રાવેલ્સનો દરવાજો ખખડાવ્યો હતો. સુરેશે દરવાજો ખોલ્યો ત્યારે રાજકુમારની સાથે સુનિલ ખોકરીયા સહિત બે લોકો હતાં. સુનિલ સહિત બે લોકોએ શિવાને બસની બહાર બોલાવ્યો હતો. સુનિલ અને શિવા વાત કરી રહ્યો હતો, ત્યારે એકાએક મામલો બીચક્યો હતો. સુનિલે તેના સાગરીતો સાથે મળીને શિવાને આડેધડ છરીના ઘા ઝીંકવાના શરૂ કરી દીધા હતા.

ઈજાગ્રસ્ત શિવા જમીન પર ઢળી પડ્યો હતો જ્યા તેને સારવાર માટે હોસ્પિટલ લાવ્યા હતા ત્યા તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની જાણ થતાની સાથે પોલીસની ટીમ તાત્કાલીક ઘટના સ્થળે પહોચી ગઈ હતી અને હત્યાનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. શિવાની હત્યા કયા કારણોસર થઈ તે રહસ્ય હજુ સુધી અંકબંધ છે. રાજકુમારના નિવેદન બાદ સમગ્ર હકીકત સામે આવશે. હાલ શિવાની લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી છે.

શાહપુર વિસ્તારમાં રહેતા ગૌતમ દાતણીયાએ શાહપુર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો વિરૂદ્ધ હત્યાની કોશિષની ફરિયાદ કરી છે. સોમવારની રાતે ગૌતમ દાતણીયાનો દિકરો અમર ઉર્ફે સબર ઘરે આવ્યો નહી.

ગૌતમને એમ થયું હતું કે, અમર ગેરેજની બહાર સુઈ ગયો હશે. ગઈકાલે ગૌતમ અને તેના પરિવાર ઘરમાં હાજર હતા ત્યારે એક વ્યકિત તેમના ઘરે આવ્યો હતો અને કહેવા લાગ્યો હતો કે, તમારો દિકરો અમર રેટીયાવાડી પાસે આવેલા ગેરેજની બહાર લોહીલુહાણ હાલતમાં પડ્યો છે. ગૌતમ સહિતના લોકો રેટીયાવાડી પહોચી ગયા હતા જ્યા અમર લોહલુહાણ હાલતમાં હતો.

અમરને તાત્કાલીક સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા જ્યા તેની હાલત નાજુક છે. ઘટનાની જાણ થતા પોલીસની ટીમ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. શાહપુર પોલીસે આ મામલે હત્યાની કોશિષનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. મોડીરાતે અમરને કોઈ અજાણ્યા શક્સોએ અગમ્ય કારણોસર બોથડ પ્રદાર્થથી હુમલો કરીને મોતને ઘાટ ઉતારવાની કોશિશ કરી હતી.

# 14 લોકોને વિઝા આપવાનું કહી દંપતીએ 72.45 લાખ પડાવ્યા

## અલગ અલગ દેશમાં નોકરી અને પીઆર વિઝાના ફસાવતાં, ધ કેરિયર પ્રોફેશનલ્સ નામની ઓફિસ શરૂ કરીને કૌભાંડ કર્યું

**અમદાવાદ, તા.11**

અમદાવાદ શહેરમાં રહેતા એક ઠગ દંપતીએ ધ કેરિયર પ્રોફેશનલ્સ નામની ઓફિસ શરૂ કરીને રિક્રુટમેન્ટ, ટ્રેનિંગ, બેક ગ્રાઉન્ડ વેરિફિકેશન, ઈમિગ્રેશન સંબંધિત કામ શરૂ કર આરોપી દંપતીએ 14 લોકોને અલગ અલગ દેશમાં નોકરી અને પીઆર વિઝા અપાવવાનું કહીને 72.45 પડાવીને કામ ન કરીને છેતરપિંડી આચરી હતી. આ મામલે ચાંદખેડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સોલામાં રહેતા ભાર્ગેશભાઇ પટેલ રિયલ એસ્ટેટનો ધંધો કરે છે. ભાર્ગેશભાઇ અગાઉ ડો. ઉર્જીત કવી સાથે આશ્રમ રોડ ખાતે એક કંપનીમાં નોકરી કરતા હતાં. જે બાદ ઉર્જીતે તેની પત્ની હર્ષિદા ઉર્જીત કવિ સાથે ધ કેરિયર પ્રોફેશનલ્સ નામની ઓફિસ શરૂ કરીને રિક્રુટમેન્ટ, ટ્રેનિંગ, બેક ગ્રાઉન્ડ વેરિફિકેશન, ઈમિગ્રેશન સંબંધિત કામ શરૂ કર્યુ હતું.

પહેલા ઉર્જીતે ભાર્ગેશભાઇને ઓફિસે બોલાવ્યા હતા. જ્યાં પોતે પત્ની સાથે ભાગીદારીમાં કેનેડા, ઓસ્ટ્રેલિયા,ન્યુઝીલેન્ડ, યુકેમાં નોકરી સાથેના પીઆર વિઝાનું કામ કરતો હોવાનું કહીને કામ અપાવવાં કહ્યું હતું. જે બાદ ભાર્ગેશભાઈએ અનેક પરિચીત લોકોને ડો. ઉર્જીત કવી અને હર્ષિદા ઉર્જીત કવિની ઓફિસે મોકલ્યા હતાં.

પાંચ માસમાં આ ઠગ દંપતીએ નોકરી સાથેના પીઆર વિઝા પ્રોસેસિંગનું 13 લોકોનું કામ હાથમાં લીધુ હતું અને 61.24 લાખ મેળવી લીધા હતા. જે બાદ આ તમામ લોકોને ટીપીસી કોર્પ્સ નામની રિસિપ્ટ આપીને છથી આઠ માસમાં પીઆર વિઝાનું કામ થઇ જશે તેવો વિશ્વાસ આપ્યો હતો.

બે ત્રણ માસ બાદ આ દંપતીએ સ્પોન્સરશીપ કમ જોબ ઓફર લેટર તથા બાયોમેટ્રિક દસ્તાવેજ, આ ઈ . ઈ . એ લ . ટી . એ સ . સહિતના સર્ટિફિકેટ પણ મોકલી આપ્યા હતાં. ત્યારબાદ ત્રણ માસમાં કામ થઇ જવાનો વાયદો કર્યો હતો. જોકે, આઠ માસ બાદ પણ કામ ન થતાં તમામ લોકોએ પૈસા પરત માંગ્યા હતાં.

જોકે, દંપતીએ પૈસા પરત ન આપીને કુલ 14 લોકો સાથે 72.45 લાખની છેતરપિંડી આચરતા મામલો પોલીસ સમક્ષ પહોંચ્યો હતો. ચાંદખેડા પોલીસે આ મામલે ઠગ દંપતી ડો. ઉર્જીત કવી અને હર્ષિદા ઉર્જીત કવિ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# વડોદરામાં ન્યૂટ્રિશિયનની શોપમાં ફટાફટ બોડી બનાવતા સ્ટિરોઈડની ટેબ્લેટ મળી

## રશિયા-ઓસ્ટ્રિયાથી મગાવેલી ટેબ્લેટ-ઇન્જેક્શનનો કાળો કારોબાર, કિડની-હાર્ટ સહિતની બીમારીઓ ઝપેટમાં લઈ શકે

**વડોદરા, તા.11**

વડોદરા શહેરમાં કોઈપણ જાતની મંજૂરી કે પ્રિસ્ક્રિપ્શન વગર બોડી બિલ્ડિંગ માટે વપરાતી દવા અને ઈન્જેકશનનો જથ્થો ઝડપાયો છે. ન્યુટ્રીશીયન શોપમાં વડોદરા ક્રાઈમ બ્રાંચે દરોડો પાડી સ્ટીરોઈડ ટેબલેટ અને ટેસ્ટોરન હોર્મોનના ઈન્જેકશન મળી આવ્યા હતા. આ દવાઓથી ત્વરિત મસલ ગેઈનનો દાવો કરીને યુવાનોને ગેરમાર્ગે દોરવામાં આવતા હતા.ક્રાઈમ બ્રાન્ચે એક આરોપીની ધરપકડ કરી છે અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. તબીબે કહ્યું હતું કે, ડોકટરની સલાહ વગર આડેધડ સ્ટીરોઈડ લેવાથી વ્યકિતના શરીરમાં મલ્ટીપલ ઈશ્યુઝ આવી શકે છે. વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર અને અધિક પોલીસ કમિશનર ડૉ. લીના પાટીલની સૂચના મુજબ વડોદરા શહેરમાં નશાકારક અને શરીરને હાનિકારક પદાર્થોના સેવનથી નાગરિકોને દૂર રાખવા તથા બોડી



બિલ્ડિંગ કરતા યુવાનોને ટૂંકા સમયમાં શરીરમાં ફેરફાર કરી આપવાના દાવા સાથે પ્રિસ્ક્રિપ્શન વગર વેચાતી શક્તિવર્ધક દવાઓ પર વોચ રાખવાની કાર્યવાહી ચાલી રહી છે. વડોદરા ક્રાઈમ બ્રાન્ચના પીઆઇ આર.જી. જાડેજાના માર્ગદર્શન હેઠળ PSI બી. એસ. વાળાની ટીમે ટેકનિકલ અને હ્યુમન સોર્સ આધારિત સતત તપાસ કરી હતી.તપાસ દરમિયાન બાતમીના આધારે વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલ તુલસીધામ ચાર રસ્તા પાસે આવેલા દેવપુષ્પ કોમ્પ્લેક્ષમાં સ્થિત 'સિદ્ધિ ન્યુટ્રીશન' નામની દુકાનમાં શંકાસ્પદ દવાઓનું વેચાણ થતું હોવાનું જાણવા મળ્યું હતું.

# શહેરમાં ડ્રગ્સ અને ગાંજાનું બેરોકટોક વેચાણ: રિવરફ્રન્ટ પરથી સાડા નવ લાખના MD ડ્રગ્સ સાથે એકને દબોચ્યો

**અમદાવાદ, તા.11**

ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ડ્રગ્સનો જથ્થો કસ્ટમે ઝડપી લીધા બાદ એસઓજીએ રિવરફ્રન્ટ પરથી એમડી ડ્રગ્સનો જથ્થો જ્યારે ઓઢવ પોલીસે હાઈબ્રીડ ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો છે.રીવરફ્રન્ટ પરથી SOGએ 9 લાખથી વધુના એમડી ડ્રગ્સ સાથે એક આરોપીને ઝડપ્યો છે જ્યારે ઓઢવ પોલીસે હાઈબ્રિડ ગાંજા સાથે એકને ઝડપ્યો છે.

સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમને બાતમી મળી હતી કે, નહેરૂબ્રિજ પાસે આવેલી પતંગ હોટલની પાછળ રિવરફ્રન્ટ જવાના રસ્તા ઉપર નય્યાર રઝા નામનો શખસ એમડી ડ્રગ્સ લઈને યુગલો તેમજ નશેડીઓને વેચાણ માટે ફરી રહ્યો છે.બાતમીના આધારે એસઓજીની ટીમ તાત્કાલીક ઘટના સ્થળે પહોચી ગઈ હતી અને નય્યારની અટકાયત કરી લીધી હતી. 21 વર્ષિય નય્યાર રઝા કુરેશી અભ્યાસ કરે છે અને કાલુપુર ખાતે આવેલા પાંચપટ્ટી પાસે પરિવાર



સાથે રહે છે.નય્યાર રઝા મુળ રાજસ્થાનના આબુરોડનો વતની છે. નય્યાર રઝાની અટકાયત કરીને તેની અંગ ઝડતી કરતા તેની પાસેથી ડ્રગ્સ મળી આવ્યું હતું. એસઓજીએ નય્યાર રઝાની ધરપકડ પુછપરછ કરી હતી.

પુછપરછ દરમિયાન નય્યાર રઝાએ જણાવ્યુ હતુંકે રાજસ્થાનમાં તેનો મિત્ર સોહિલ બલોચ અને નઈમ શેખ રહે છે જે ડ્રગ્સનો કારોબાર કરે છે. આ ડ્રગ્સનો જથ્થો તેની પાસેથી લાવ્યો હતો અને અમદાવાદના સલમાન શેખને આપવાનો હતો.એસઓજીએ નય્યાર રઝા, સલામન શેખ, સોહેલ બલોચ અને નઈમ શેખ વિરૂદ્ધ ક્રાઈમ બ્રાંચમાં ડ્રગ્સનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. એસઓજીએ નય્યાર રઝા પાસેથી 9.48 લાખ રૂપિયાનું એમડી ડ્રગ્સ જપ્ત કર્યુ છે.

ઓઢવ પોલીસની ટીમને બાતમી મળી હતી કે, અર્બુદાનગર ખાતે એક સફેદ કલરની વેગેનાર કારમાં ડ્રગ્સનો જથ્થો છુપાવેલું છે. બાતમીના આધારે ઓઢવ પોલીસ ઘટના સ્થળે પહોચી ગઈ હતી. પોલીસે ગાડીને કોર્ડન કરી લીધી હતી અને ડ્રાઈવરની અટકાયત કરી લીધી હતી.ડ્રાઈવરનું નામ રણજીતસિંહ સોલંકી છે અને તે ઓઢવ વિસ્તારમાં રહે છે. પોલીસ રણજીતસિંહ તેમજ કારની ઝડતી કરી હતી. જેમાથી વનસ્પતી મળી આવી હતી. રણજીતસિંહ આ વનસ્પતિ નહી પરંતુ હાઈબ્રીડ ગાંજો હોવાની કબુલાત કરી હતી. ઓઢવ પોલીસની પુછપરછમાં રણજીતસિંહે જણાવ્યુ હતું કે, તે ગાંજાનું છુટક વેચાણ કરે છે. રામોલ નાયરા પંપ પાસેની ગલીમાં સલીમ બમ્બઈયા પાસેથી 35 હજાર રૂપિયામાં ગાંજાનો જથ્થો લાવ્યો હતો અને કુલદીપ પંચાલને 40 હજાર રૂપિયામાં આપવાનો હતો. ઓઢવ પોલીસે રણજીસિંહ પાસેથી 1.56 હાઈબ્રિજ ગાંજા સહિત કુલ 3.61 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ઓઢવ પોલીસે રણજીતસિંહ સોલંકી, સલીમ બમ્બઈયા અને કુલદીપ પંચાલ વિરૂદ્ધ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

# વડોદરામાં ફર્નિચરના શો રૂમમાં તોડફોડ: ખુરસીઓ ઉપાડીને છુટા ઘા કર્યા....

**વડોદરા, તા.11**

વડોદરામાં લુખ્ખાઓને જાણે પોલીસનો ડર જ ન રહ્યો હોય તે રીતે ફર્નિચરના શો રૂમમાં ઘૂસી તોડફોડ કરી હોવાનો વીડિયો સામે આવ્યો છે. વડોદરા શહેરના સનફાર્મા રોડ પર ગેલેક્સી હોસ્પિટલની બાજુમાં આવેલી લેન્ડમાર્ક ફર્નિચર હબ નામની દુકાનમાં રૂપિયાની લેતીદેતીના મામલે હિંસક દ્રશ્યો સર્જાયા હતા. 4થી 5 શખ્સોએ મળીને ફર્નિચરની દુકાનમાં ભારે તોડફોડ કરી હતી. ખુરસી સહિતની જે વસ્તુ હાથમાં આવી તેનાથી તોડફોડ કરી હતી અને વેપારીના કપડા ફાડી નાખ્યાં હતા અને માર માર્યો હતો. ઘટનાની જાણ થતાં જે પી રોડ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરાના સનફાર્મા રોડ પર આવેલ લેન્ડમાર્ક ફર્નિચર હબ નામની દુકાન માલિક યામીનભાઈ સાથે બહારથી આવેલા ચાર જેટલા ઈસમોએ ઉગ્ર બોલાચાલી બાદ લાકડાના ફટકાથી મારામારી કરી હતી. માત્ર એટલું જ નહીં, હુમલાખોરોએ દુકાનમાં ભારે તોડફોડ કરી હતી તેમજ બહાર પાર્ક કરેલી ગાડીઓનું પણ નુકસાન કર્યું હતું. અચાનક બનેલી આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં અફરાતફરી અને ભયનો માહોલ છવાઈ ગયો હતો.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

# ટ્રેડિંગમાં રોકાણ કરવાનું કહી વૃદ્ધ પાસેથી 53.70 લાખ પડાવ્યા: મણીનગર પી.જી. હોસ્ટેલમાં રહેતી યુવતી સાથે 1.69 લાખનું ફ્રોડ થયું

**અમદાવાદ, તા.11**

અમદાવાદના ચાંદખેડામાં રહેતા નિવૃત્ત વૃદ્ધને સાઈબર ગઠિયાઓએ ટ્રેડિંગ કરવાનું કહીને સારો નફો આપવાની લાલચ આપી હતી. શરૂઆતમાં નફા પેટે 10 યુએસ ડોલર પણ આપ્યા હતા.જેથી વૃદ્ધને વિશ્વાસ આવતા તેમણે ટુકડે ટુકડે 40 દિવસમાં 53.70 લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું.વૃદ્ધને પૈસા ઉપાડવા દીધા ન હતા તેથી તેમણે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. જ્યારે બીજા બનાવમાં મણીનગર પી.જી. હોસ્ટેલમાં રહેતી યુવતી સાથે 1.69 લાખનું ફ્રોડ થયું છે.

ચાંદખેડામાં રહેતા 61 વર્ષીય વૃદ્ધ નિવૃત્ત જીવન ગુજારે છે. વૃદ્ધ યુટ્યુબ એપ્લિકેશનમાં વીડીયો જોતા હતા ત્યારે ત્યાં જાહેરાત આવી હતી જેમાં ટ્રેડિંગ કરવાથી વધુ કમાણી થશે તેવું જણાવ્યું હતું. આ જાહેરાતમાં આપેલી લીંક પર ક્લિક કરતા એક ફોર્મ આવ્યું હતું. જે ફોર્મ વૃદ્ધે ભર્યું હતું.

આ ફોર્મ ભર્યા બાદ તેમને અચાનક એક વ્યક્તિએ કંપનીના મેનેજર તરીકેની ઓળખ આપીને વાતચીત કરી હતી અને ઈન્વેસ્ટમેન્ટ માટે શરૂઆતમાં 21071 હજાર રૂપિયાનું ઈન્વેસ્ટમેન્ટ કરવા જણાવ્યું હતું.જેમાં વૃદ્ધને લિંક મોકલી હતી.આ લિંક પર ક્લિક કરતા ટ્રેડિંગ પ્લેટફોર્મ ખુલ્યું હતું જેમાં વૃદ્ધે શરૂઆતમાં 21,071 રૂપિયાનું પેમેન્ટ પણ કર્યું હતું.આ પેમેન્ટ કર્યા બાદ તેમને નફો પણ બતાવતા હતા અને નફામાંથી




તમને 10 ડોલર ઉપાડવા પણ દીધા હતા.

શરૂઆતમાં 10 ડોલર ઉપાડવા દીધા. વૃદ્ધને વિશ્વાસ આવ્યો અને તેમને કંપનીની કામ યુવતી સાથે કરતા યુવતીએ વધુ રોકાણ કરવાનું કહ્યું જેથી વૃદ્ધે સેબી રજીસ્ટ્રેશનના પુરાવા માંગ્યા તો વૃદ્ધને સેબીના લોગો વાળા લેટર પણ મોકલી આપ્યા હતા. વૃદ્ધને વિશ્વાસ આવતા 11 ડિસેમ્બર થી 20 જાન્યુઆરી સુધી 53.70 લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું.

જ્યારે નફાની રકમ ઉપાડવાનો પ્રયત્ન કર્યો ત્યારે કંપનીના કર્મચારીઓએ અલગ અલગ બહારના બતાવી તેમને પૈસા ઉપાડવા દીધા નહોતા. જે બાદ બેંકના કર્મચારી તરીકેની ઓળખ આપીને એક વ્યક્તિએ વાત કરીને વૃદ્ધને જણાવ્યું હતું કે તમારે ડેકલેરેશન ફી ભરવાની રહેશે જોકે વૃદ્ધને આ અંગે શંકા જતા તેમણે તપાસ કરી તો તેમની સાથે ફ્રોડ થયાની જાણ થઈ હતી. જેથી વૃદ્ધ સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

મણીનગર પી.જી. હોસ્ટેલમાં રહેતી અને મુળ જામનગરની નમ્રતા રાવલ સાથે પણ 1.69 લાખ રૂપિયાનું ચિંટીગ થયુ છે.નમ્રતા રાવલ નરેન્દ્ર મોદી મેડીકલ કલોજમાં અભ્યાસ કરે છે. નમ્રતા સોશિયલ મિડીયામાં ટાસ્ક પુરા કરવા મામલે સાયબર ગઠીયાઓનો શિકાર બની છે.નમ્રતાને ગુગલમાંથી કેટલીક ચીજવસ્તુઓ શોધી તેના સ્ક્રીન શોર્ટ પાડીને ટેલીગ્રામના એક ગ્રુપમાં મુકવાનોં ટાસ્ક આપ્યો હતો.

નમ્રતાએ આ ટાસ્ક પુરો કરતા તેને 400 રૂપિયા મળ્યા હતા. નમ્રતાને લાલચ જાગતા તેણે ક્રીપ્ટો કરન્સી અને બીટકોઈનમાં પૈસા નાખવા બાબતેના ટાસ્ક આપવા લાગ્યા હતા. ટાસ્ક આપતાની સાથેજ નમ્રતા વિશ્વાસમાં આવી ગઈ હતી અને ત્યારબાદ ગઠીયાઓ ટાસ્ક માટે રૂપિયા ભરવા પડશે તેમ કહીને 1.69 લાખ રૂપિયા પડાવી લીધા હતા. ગઠીયાઓએ ચિંટીગ કરતા અંતે નમ્રતાએ મણીનગર પોલીસ સ્ટેશનમાં ચિંટીગની ફરિયાદ કરી છે.

